અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૦ નવેમ્બર ૨૦૨૩, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૭૯, આસો વદ બારસ

વર્ષ : ૧૫
અંક : ૧૦૬

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ઈરાન સમર્થિત જૂથના કુલ ૯ લોકો માર્યા ગયા | અમેરિકા આડકતરી રીતે યુદ્ધમાં કૂદી પડ્યું

# સીરિયામાં ઈરાન સાથે સંકળાયેલા સ્થળો ઉપર અમેરિકાનો એટેક

## અમેરિકાએ આ હુમલો ઈરાન સમર્થિત મિલિશિયા દ્વારા ઉપયોગમાં લેવાતા હથિયારોના વેરહાઉસ પર કર્યો હતો

| વોશિંગ્ટન, તા.૯ |

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ દરમિયાન, પૂર્વી સીરિયામાં સ્થિત અમેરિકી સૈન્ય મથકો પર ઈરાન સમર્થિત જૂથ દ્વારા હુમલો કરવામાં આવી રહ્યો છે. આ હુમલાના જવાબમાં અમેરિકાએ બુધવારના રોજ સીરિયા પર હવાઈ હુમલો કર્યો, જેમાં ઈરાન સમર્થિત જૂથના કુલ ૯ લોકો માર્યા ગયા હતા. અમેરિકાએ આ હુમલો ઈરાન સમર્થિત મિલિશિયા દ્વારા ઉપયોગમાં લેવાતા હથિયારોના વેરહાઉસ પર કર્યો હતો. હવે એ વાત તો નોંધનીય છે કે ઈઝરાયલ-હમાસ યુદ્ધને અમેરિકા ખુલ્લેઆમ સમર્થન આપી રહ્યું છે. અમેરિકા



પણ આડકતરી રીતે આ યુદ્ધમાં કૂદી પડ્યું છે, બુધવારે અમેરિકાએ પૂર્વ સીરિયામાં હમાસને ટેકો આપતા ઈરાન સાથે જોડાયેલા હથિયારોના સંગ્રહ કેન્દ્ર પર હુમલો કર્યો હતો અને બે અઠવાડિયામાં આ બીજી વખત છે જયારે અમેરિકાએ સીરિયામાં કોઈ સ્થળને નિશાન બનાવ્યું હોય. આ હુમલામાં ૯ લોકોના મોતના સમાચાર સામે આવ્યા છે. આ માહિતી અમેરિકી રક્ષા મંત્રી લોયડ ઓસ્ટીને આપી છે. તેમણે કહ્યું કે અમેરિકી જવાનો સામેના હુમલાના જવાબમાં અમેરિકી યુદ્ધ જહાજોએ પૂર્વી સીરિયામાં ઈરાન સાથે જોડાયેલ હથિયારોના વેરહાઉસ પર હુમલો કર્યો.આ કાર્યવાહીથી અમે સાબિત કર્યું કે અમેરિકા તેના સૈનિકોના હિત માટે કંઈ પણ કરશે. અગાઉ ૨૬ ઓક્ટોબરના રોજ યુએસ આર્મીએ સીરિયામાં બે હથિયારો અને સામાનના વેરહાઉસ પર હુમલો કર્યો હતો, જેનો ઉપયોગ IRGC અને સંલગ્ન જૂથો દ્વારા કરવામાં આવતો હોવાનો આરોપ હતો. જોકે, આ હુમલાઓમાં કોઈ જાનહાનિ થઈ ન હતી. આ સાથે જ અમેરિકાએ માહિતી આપી હતી કે ઈરાન સમર્થિત જૂથ દ્વારા ૧૭ ઓક્ટોબરથી અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૪૦ એવા હુમલા કરવામાં આવ્યા છે.

### યુએસના મહા વિનાશક એમક્યૂ-૯ રિપર ડ્રોનને હૂતી જૂથે તોડી પાડ્યું

**અમેરિકાના ભાથામાં રહેલા સૌથી ઘાતક અને મહા વિનાશક ગણાતા એમક્યૂ-૯ રિપર ડ્રોનને યમનના બળવાખોર હૂતી જૂથે તોડી પાડ્યુ છે. અમેરિકા માટે આ બનાવ એક મોટો ઝાટકો મનાય છે. કારણકે એમક્યૂ-૯ રિપર ડ્રોન વડે અમેરિકાએ અત્યાર સુધીમાં ઘણા મિશન પાર પાડયા છે. જેમાં ઈરાનના ટોચના જનરલની હત્યાનો પણ સમાવેશ થાય છે. હૂતી જૂથને પણ ઈરાનનુ સમર્થન છે. અમેરિકાની ન્યૂઝ ચેનલે અમેરિકન સંરક્ષણ વિભાગના એક અધિકારીને ટાંકીને કહ્યુ હતુ કે, હૂતિ જૂથે યમનના કિનારા પર એક અમેરિકન ડ્રોન તોડી પાડ્યુ છે. આ ડ્રોન પર મિસાઈલ વડે હુમલો કરવામાં આવ્યો હતો.**

## ન્યૂઝ બ્રિફ

### પશ્ચિમની વિનાશક નીતિઓએ પરમાણુ શસ્ત્રોના ઉપયોગનું જોખમ વધાર્યું



| મોસ્કો, તા.૯ |

રશિયાની સલામતી સમિતિના મહામંત્રી નિકોલાઈ પાટ્રૂશેવે બુધવારે ચેતવણી ઉચ્ચારી હતી કે પશ્ચિમની વિનાશક નીતીઓએ પરમાણુ રાસાયણિક કે જૈવિક શસ્ત્રોના ઉપયોગનું જોખમ વધારી દીધું છે. પ્રમુખ પુતિનના નિકટવર્તી સાથીને ટાંકતાં રશિયાની સત્તાવાર ન્યૂઝ એજન્સી તાસ જણાવે છે કે આ સાથે પાટ્રૂશેવે જણાવ્યું હતું કે (આ યુદ્ધમાં) પરમાણુ, રાસાયણિક અને જૈવિક શસ્ત્રોના ઉપયોગની સંભાવના વધી રહી છે.

### હિઝબુલ્લાહના આતંકીઓના ઠેકાણાઓને નિશાન બનાવીને જોરદાર હુમલા કરાયા



| જેરૂસલેમ, તા.૯ |

ઈઝરાયલી સૈન્ય આઈડીએફએ સોશિયલ મીડિયા પર એક વીડિયો જારી કર્યો છે. તેમાં તેણે દાવો કર્યો છે કે આખી રાત હિઝબુલ્લાહના આતંકીઓના ઠેકાણાઓને નિશાન બનાવીને જોરદાર હુમલા કરાયા હતા. ફૂટેજમાં દેખાય છે કે હવાઈ હુમલા બાદ કેવી રીતે હિઝબુલ્લાહના આતંકી ઠેકાણાના છોતરાં ઉડી જાય છે અને આગનો મોટો ગોળો જોવા મળે છે.

### વૈશ્વિક સ્તરની રેટિંગ એજન્સી મૂડીઝે ભારતીય અર્થતંત્ર માટે સારૂં ચિત્ર રજૂ કર્યું

# ભારતનો આર્થિક વૃદ્ધિ દર ચાલુ નાણાંકીય વર્ષમાં ૬.૭ ટકા સુધી રહેવાની ધારણા

**મૂડીઝે તેના ગ્લોબલ મેક્રોઇકોનોમિક આઉટલુક ૨૦૨૪-૨૫માં જણાવ્યું હતું કે સતત ઘરેલું માંગમાં થઈ રહેલી વૃદ્ધિથી ભારતના અર્થતંત્રને વેગ મળી રહ્યો છે**

| નવી દિલ્હી, તા.૯ |

ચાલુ નાણાકીય વર્ષ માટે ભારતનો આર્થિક વૃદ્ધિદર ૬.૭ ટકા રહેવાની ધારણા વૈશ્વિક સ્તરની રેટિંગ એજન્સી મૂડીઝે વ્યક્ત કરી છે. પ્રતિકૂળ વૈશ્વિક આર્થિક પૃષ્ઠભૂમિ સામે નબળી નિકાસ વચ્ચે, મૂડીઝે તેના ગ્લોબલ મેક્રોઈકોનોમિક આઉટલુક ૨૦૨૪-૨૫માં જણાવ્યું હતું કે સતત ઘરેલું માંગમાં થઈ રહેલી વૃદ્ધિથી ભારતના અર્થતંત્રને વેગ મળી રહ્યો છે. મૂડીઝે કહ્યું કે, ભારતનો વાસ્તવિક જીડીપી ૨૦૨૩માં ૬.૭ ટકા, ૨૦૨૪માં ૬.૧ ટકા અને ૨૦૨૫માં ૬.૩ ટકા વધવાનું અનુમાન છે. ભારતનો વાસ્તવિક જીડીપીજૂન ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૭.૮ ટકા વધ્યો હતો જે માર્ચ ક્વાર્ટરમાં ૬.૧ ટકા હતો. મૂડીઝના જણાવ્યા અનુસાર, જીએસટીકલેક્શનમાં વૃદ્ધિ, વાહનોના વેચાણમાં વધારો, ગ્રાહક સેન્ટિમેન્ટમાં વધારો અને બે આંકડામાં ક્રેડિટ ગ્રોથ દર્શાવે છે કે તહેવારોની સિઝનમાં શહેરી વપરાશની માંગમાં સ્થિતિસ્થાપક રહેશે. આ ઉપરાંત તેમણે ગ્રામીણ માંગમાં પણ સુધારાના સંકેત આપ્યા હતા. તાજેતરમાં ફિચ રેટિંગ્સએજન્સી દ્વારા પણ ભારતની અર્થવ્યવસ્થાના સંદર્ભમાં એક રીપોર્ટ બહાર પાડવામાં આવ્યો હતો. જેમાં ભારતના ગ્રોથ રેટને ૦.૭ ટકા વધારીને ૬.૨ ટકા અંદાજવામાં આવ્યો છે. આ સિવાય આ રેટિંગ એજન્સીએ ચીનને એક મોટો ઝટકો આપ્યો છે, જેમાં તેના ગ્રોથ રેટમાં મોટા પ્રમાણમાં ઘટાડાનું અંદાજ છે. ફિચ રેટિંગ્સએજન્સી આ પહેલા ભારતના ગ્રોથ રેટ ૫.૫ ટકા અંદાજ્યો હતો. જેમાં ૦.૭ ટકાનો વધારો કરી ૬.૨ ટકાનો અંદાજ રાખવામાં આવ્યો છે. ફિચે વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૭ માટે આ અનુમાન લગાવ્યું છે.

### મહારાષ્ટ્રમાં મરાઠા અનામતને લઈને ઉગ્ર માગ

# મરાઠા અનામત અંગે મનોજ જરાંગેનું ૨૪ ડિસેમ્બર સુધી માટે અલ્ટિમેટમ

## મરાઠા-ઓબીસી સમુદાયના લોકો રાજકીય નેતાઓના ઉશ્કેરણીજનક નિવેદનોથી પ્રભાવિત થશે નહી : જરાંગે

| મુંબઈ, તા.૯ |

મહારાષ્ટ્રમાં મરાઠા આરક્ષણને લઈ માંગ ઉઠી છે. એવામાં સમાજિક કાર્યકર્તા મનોજ જરાંગે અલ્ટીમેટમ જાહેર કર્યું છે. જરાંગે સ્પષ્ટપણે કહ્યું કે જો ૨૪ ડિસેમ્બર સુધીમાં મરાઠા આરક્ષણની માંગ પૂરી નહીં થાય તો તે એવા નેતાઓના નામ જાહેર કરશે જે વર્ષોથી તેની વિરુદ્ધ છે. જરાંગે એ પણ દાવો કર્યો હતો કે ઘણા મરાઠા નેતાઓ તેમના સમુદાય માટે આરક્ષણને સમર્થન આપતા નથી. મરાઠાઓને અનામત ન આપવા માટે સરકાર પર ૩૦-૪૦ વર્ષથી ઓબીસી નેતાઓનું દબાણ હતું.



મનોજ જરાંગે પત્રકાર સાથેની વાતચીતમાં દરમિયાન સામાજિક કાર્યકર્તા મનોજ જરાંગેએ જણાવ્યું હતું કે મરાઠા અને ઓબીસી સમુદાયના લોકો કેટલાક રાજકીય નેતાઓના ઉશ્કેરણીજનક નિવેદનોથી પ્રભાવિત થશે નહીં. ઉપરાંત તેમણે અલ્ટીમેટમ આપતા કહ્યું કે, ૨૪ ડિસેમ્બર સુધીમાં આરક્ષણ આપવામાં નહીં આવે, તો અમે તે નેતાઓના નામ જાહેર કરીશું જેમણે વર્ષોથી મરાઠા આરક્ષણ અટકાવ્યું છે. ગયા અઠવાડિયે તેમની ભૂખ હડતાલ સમાપ્ત થયા પછી તેમને એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મરાઠાઓમાં જમીનદારો અને ખેડૂતો ઉપરાંત અન્ય લોકોનો પણ સમાવેશ થાય છે.

### કમિટી ટૂ પ્રોટેક્ટ જર્નાલિસ્ટએ એક રિપોર્ટમાં માહિતી આપી

# ઈઝરાયલ-હમાસ યુદ્ધનું કવરેજ કરતા ૩૯ મીડિયાકર્મીનાં મોત

| જેરૂસલેમ, તા.૯ |

હમાસ દ્વારા ૭ ઓક્ટોબરે ઈઝરાયલ વિરુદ્ધ મોટાપાયે હુમલા કરાયા બાદથી હમાસ અને ઈઝરાયલના યુદ્ધમાં કવરેજ કરનારા ઓછામાં ઓછા ૩૯ પત્રકારો અને મીડિયાકર્મીઓ હિંસામાં જીવ ગુમાવી ચૂક્યા છે. કમિટી ટૂ પ્રોટેક્ટ જર્નાલિસ્ટ (સીપીજે) એ એક રિપોર્ટમાં આ માહિતી આપી હતી. ન્યુયોર્કમાં આવેલા એનજીઓએ ૧૯૯૨માં રેકોર્ડ રાખવાની શરૂઆત કરી હતી. તેણે તેના તાજેતરના રિપોર્ટમાં દાવો કર્યો હતો કે છેલ્લાં ૩૨ વર્ષોમાં ઓક્ટોબર ૨૦૨૩ વૈશ્વિક સ્તરે પત્રકારો માટે સૌથી ઘાતક મહિનો રહ્યો. માર્યા ગયેલા ૩૯ મીડિયાકર્મીઓમાંથી ૩૪ પેલેસ્ટિની, ચાર ઈઝરાયલી અને એક લેબનાની હતો. સીપીજેએ એમ પણ કહ્યું કે અન્ય આઠ પત્રકારો ઘાયલ થયા હતા અને ત્રણ હજુ ગુમ છે જ્યારે ૧૩ની ધરપકડ કરી લેવામાં આવી હતી. દરમિયાન અનેક હુમલા, ધમકીઓ, સાઈબર હુમલા, સેન્સરશીપ અને પત્રકારોના પરિવારના સભ્યોની હત્યાના પણ અહેવાલ હતા. સીપીજેએ કહ્યું કે અમે આ મામલે તપાસ કરી રહ્યા છીએ. ઉલ્લેખનીય છે કે યુદ્ધ શરૂ થયા બાદથી ગાઝામાં ૧૦, ૫૬૯ લોકો જ્યારે ઈઝરાયલમાં ૧૪૦૦ લોકો અને વેસ્ટ બેંકમાં ૧૫૦ લોકોએ જીવ ગુમાવ્યાં હતાં.

### કોર્ટની અવમાનનાના નિયમનને લઈને ચીફ જસ્ટિસની વાત

# અવમાનનાનો નિયમ ન્યાયિક પ્રક્રિયામાં દખલગીરી અટકાવાવનો છે : ચંદ્રચૂડ

| નવી દિલ્હી, તા.૯ |

દેશના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે કોર્ટની અવમાનનાના નિયમનને લઈને મોટી વાત કહી છે. તેમણે જણાવ્યું હતું કે કોર્ટની અવમાનનાનો નિયમ ન્યાયાધીશને ટીકાથી બચાવવાનો નથી પણ તેનો હેતુ કોર્ટની ન્યાયિક પ્રક્રિયામાં કોઈપણ વ્યક્તિની દખલગીરી અટકાવવાનો છે. ચીફ જસ્ટીસ ડીવાય ચંદ્રચુડે ન્યાયાધીશ તરીકે ૨૩ વર્ષ અને ચીફ જસ્ટિસ તરીકે એક વર્ષ પૂર્ણ કરવાના અવસર પર એમ પણ કહ્યું હતું કે અદાલતોનું કામ એ સુનિશ્ચિત કરવાનું છે કે રાજકારણ તેની મર્યાદામાં રહે તેમજ તેમણે કોર્ટની અવમાનનાના કાયદાની સ્પષ્ટતા કરતા કહ્યું કે જો કોઈ વ્યક્તિ કોર્ટના નિર્ણયનું અપમાન કરે છે તેમજ તે નિર્ણય વિશે ખોટું બોલે છે તો તે અવમાનનાનો



મામલો ગણવામાં આવશે. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે જો કોઈ વ્યક્તિ કોર્ટની કાર્યવાહીમાં વિક્ષેપ પાડે છે અથવા તો આદેશોનું પાલન કરવામાં આનાકાની કરે છે, તો તેને પણ અવમાનના ગણવામાં આવે છે. પરંતુ તેમણે સ્પષ્ટ કર્યું હતું કે જો કોઈ ન્યાયાધીશ વિરુદ્ધ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે, તો તે કેસમાં કોર્ટની અવમાનનાનો કેસ ઊભો થતો નથી.




સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN Channel Nine Network GUJARAT
Gujarati Daily News Paper

LIVE
cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

### સ્કૂલ ગેમ ફેડરેશન અંતર્ગત સીધી રાજ્યકક્ષાની શાળાકીય અં-૧૪,૧૭,૧૯ ભાઈઓ-બહેનોની સોફ્ટ ટેનિસ સ્પર્ધા ખોખરા રમત-ગમત સંકુલ ખાતે યોજાઈ

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા આયોજિત સ્પર્ધામાં ૩૦૦ જેટલાં ખેલાડીઓએ ભાગ લીધો**





। અમદાવાદ, તા.૯ ।

સ્કૂલ ગેમ ફેડરેશન અંતર્ગત સીધી રાજ્યકક્ષાની ભાઈઓ-બહેનોની સોફ્ટ ટેનિસ સ્પર્ધા ખોખરા રમત-ગમત સંકુલ, અમદાવાદ ખાતે યોજાઈ. રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ તથા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું સંચાલન જિલ્લા રમત ગમત અધિકારી, અમદાવાદ ગ્રામ્ય દ્વારા કરવામાં આવેલું. સ્પર્ધામાં તમામ જિલ્લામાંથી અંડર ૧૪/૧૭/૧૯ ના ભાઈઓ અને બહેનોના ત્રણ વય જૂથમાં આશરે ૩૦૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો. અત્રે નોંધનીય છે કે, આ સ્પર્ધામાંથી પસંદ થયેલ ખેલાડીઓનો નેશનલનો કેમ્પ યોજાય છે. આ ઉપરાંત, પસંદ થયેલ ખેલાડીઓને રાષ્ટ્રીય કક્ષાએ રમવા માટેની તક મળે છે. આ સ્પર્ધા દરમિયાન ખેલાડીઓને પૌષ્ટિક ભોજન, નિવાસ અને આવા-જવાના ભાડાની સગવડ અપાય છે તથા ભાગ લીધાનું સર્ટિફિકેટ પણ અપાય છે અને વિજેતાઓને મેરીટ સર્ટિફિકેટ આપવામાં આવે છે.

**ડ્રોન રાખશે ખરાબ રસ્તા, પાર્કિંગ, દબાણ પર નજર**

# જાહેર સમસ્યાઓના સમાધાન માટે મ્યુ. કોર્પોરેશનનું નવું શસ્ત્ર

## આ તમામ કવાયત ડ્રોનની મદદથી કરવાની શરૂઆત કરાઈ

। અમદાવાદ, તા.૯ ।

જાહેર સમસ્યાઓના નિરાકરણ માટે અમદાવાદ મહાનગર પાલિકાએ હવે ડ્રોનનો સહારો લીધો છે. રખડતાં ઢોર, રસ્તા પર દબાણ, પાર્કિંગ અને ખરાબ રસ્તાની સમસ્યા તેમજ સ્વચ્છતા જેવા મુદ્દાનું નિરાકરણ હવે ડ્રોન દ્વારા લાવવામાં આવશે. પાયલોટ પ્રોજેક્ટ તરીકે તેની શરૂઆત પણ કરાઈ છે. નજીકના ભવિષ્યમાં આ પ્રકારના દ્રશ્યો તમને અમદાવાદ શહેરના દરેક વિસ્તારમાં જોવા મળે તેવી શક્યતા છે. જેમાં કોર્પોરેશનની ટીમ જમીનની સાથે આકાશમાંથી પણ શહેર પર નજર રાખશે. જો તમે શહેરના આકાશમાં ઉડતું ડ્રોન જુઓ તો સમજી લેજો કે તંત્રની ત્રીજી આંખ કામ કરી રહી છે.

રખડતાં ઢોરોની સમસ્યા હોય કે માર્ગો પર દબાણ, પાર્કિંગની સમસ્યા હોય કે તૂટેલા રોડ, BRTSની રેલિંગ તૂટેલી હોય કે કચરાના ઢગલા પર નજર રાખવાનું કામ, આ તમામ કવાયત ડ્રોનની મદદથી કરવાની શરૂઆત કરાઈ છે. મહાનગર પાલિકાએ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ આ પ્રયોગ હાથ ધર્યો છે. બુધવારે





પાંજરાપોળ ચાર રસ્તાથી એલડી કોલેજ સુધી આ માટેનું ટ્રાયલ રન કરવામાં આવ્યું. ડ્રોનની મદદથી આ પટ્ટા પર નજર રાખવામાં આવી. રિવરફ્રન્ટ હાઉસમાં આ લાઈવ દ્રશ્યોને મ્યુનિસિપલ કમિશનર સહિત મનપાની ટીમે જોયા હતા.

મોટી સ્ક્રીન પર પાયલટ પ્રોજેક્ટનું મોનિટરિંગ કરવામાં આવ્યું. ૩ મહિના સુધી પાયલટ પ્રોજેક્ટનો અમલ કરવામાં આવશે, જેના આધારે પ્રોજેક્ટના અમલીકરણનો માર્ગ મોકળો થશે. આ સમગ્ર કવાયત માટે ખાસ સોફ્ટવેર તૈયાર કરવામાં આવ્યું છે. જેની મદદથી ડ્રોનથી મળતા ઈનપુટને સંબંધિત વિભાગને મોકલવામાં આવશે. આ ડેટાના આધારે જે-તે વિભાગ કામગીરી કરશે. GFXOUT જો આ પ્રયોગ સફળ રહેશે તો ભવિષ્યમાં તેનો સાર્વત્રિક ઉપયોગ કરવામાં આવશે. અગાઉ મનપાએ શહેરમાં રખડતાં ઢોર પકડવા માટે પણ ડ્રોનની મદદ લીધી હતી. લોકોની સમસ્યા ઉકેલવા માટે ટેક્નોલોજીની મદદ લેવાનો આ પ્રયોગ આવકારદાયક છે. જો કે આ સમગ્ર કવાયતનો લાભ છેવટે જનતાને થવો જોઈએ, તંત્રની કામગીરી વધુ કાર્યક્ષમ બનવી જોઈએ. આ કવાયત ફક્ત દેખાડો ન બની રહે, તે જોવું જરૂરી છે.

### ઇન્ડિયન ડાયેટિક એસો. ગુજરાત ચેપ્ટરની પહેલ

## બદામના સેવનના ફાયદાઓ વિશે ચર્ચા કરવા માટે સત્રનું આયોજન કરાયું

**નવીનતમ અભ્યાસો મુજબ, પ્રી-ડાયાબિટીસ ધરાવતા લોકોમાં બદામ બ્લડ સુગરના નિયમન માટે ફાયદાકારક**

। અમદાવાદ, તા.૯ ।

ઈન્ડિયન ડાયેટિક એસોસિએશન, ગુજરાત ચેપ્ટર દ્વારા કેલિફોર્નિયાના આલમન્ડ બોર્ડ સાથે ભાગીદારીમાં, આરોગ્ય વ્યાવસાયિકો સાથે જોડાવા અને બદામના સેવનના ફાયદાઓ વિશે ચર્ચા કરવા માટે એક સત્રનું આયોજન કરાયું હતું. કેલિફોર્નિયાના આલમન્ડ બોર્ડ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલા નવીનતમ અભ્યાસો મુજબ, પ્રી-ડાયાબિટીસ ધરાવતા લોકોમાં બદામ બ્લડ સુગરના નિયમન માટે ફાયદાકારક છે અને વજન વ્યવસ્થાપનમાં પણ મદદ કરે છે. ન્યુટ્રિશન એન્ડ વેલનેસ કન્સલ્ટન્ટ શીલા કૃષ્ણસ્વામી દ્વારા સત્રનું સંચાલન કરવામાં આવ્યું હતું, જેમણે નવીનતમ સંશોધન અભ્યાસોના મુખ્ય તારણો પર પ્રકાશ પાડ્યો હતો. પેનલ ડિસ્કશન સાથેના આ સેશનને પ્રો. ભાવના વૈદ્ય, કન્વેનર, આઈડીએ ગુજરાત ચેપ્ટર દ્વારા મોડરેટ કરવામાં આવ્યું હતું. પેનલિસ્ટસમાં શીલા કૃષ્ણસ્વામી, ન્યુટ્રીશન અને વેલનેસ કન્સલ્ટન્ટ, પ્રો. ભાવના વૈદ્ય,કન્વેનર, આઈડીએ ગુજરાત ચેપ્ટર, પુનમ વાસવાણી, કન્સલ્ટીંગ ડાયેટિશિયન અને ન્યુટ્રીશનીસ્ટ, રીમા રાવ, રજિસ્ટર્ડ ડાયેટિશિયન અને ક્લિનિકલ ડાયેટિશિયન અને દિવા બલ્ધા, ક્લિનિકલ ડાયેટિશિયનનો સમાવેશ થાય છે. આ સત્રમાં આહારમાં બદામનો સમાવેશ કરવાથી પ્રી-ડાયાબિટીસ અને સ્થૂળતા ધરાવતા વ્યક્તિઓમાં બ્લડ સુગરના સ્તર પર સકારાત્મક અસર થઈ શકે તેવી વિવિધ રીતો પર ચર્ચા કરાઈ હતી. વધુમાં, ત્રણમાંથી એક અભ્યાસના આધારે, ચર્ચામાં વજન વ્યવસ્થાપનમાં બદામની ભૂમિકા પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ડો. અનુપ મિશ્રા (પ્રોફેસર અને ચેરમેન, ફોર્ટિસ-સી-ડોક સેન્ટર ઓફ એક્સલન્સ ફોર ડાયાબિટીસ, મેટાબોલિક ડિસીઝ એન્ડ એન્ટોક્રોનોલોજી- નવી દિલ્હી)ના નેતૃત્વમાં હાથ ધરાયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું કે, ભોજનમાં બદામને સામેલ કરવાથી ડાયાબિટીસની ચિંતામાંથી મુક્તિ મેળવી શકાય છે.

## નર્મદા : ચોરી કે ટુચકો? મંદિરમાંથી ઘંટ ગાયબ થયા!

। નર્મદા, તા.૯ ।

ગરૂડેશ્વરના નવાગામના નિશાળ ફળિયામાં વિચિત્ર ઘટના સામે આવી છે. સ્થાનિક અગ્રણી લીલાબેન તડવીએ નોંધાવેલી ફરિયાદ મુજબ નવાગામ મહાદેવ મંદીરમાંથી ઘંટ ગાયબ થયા છે. મંદીરમાથી એક પિત્તળનો મોટો ઘંટ તથા બે નાના ઘંટ ગાયબ થયા છે. બનાવ સંદર્ભમાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લખેનીય છે કે અગાઉ પણ આ પ્રકારની મંદિરમાં વિચિત્ર ચોરી અને ટુચકાઓની ઘટનાઓ સામે આવી ચુકી છે. તમિલનાડુના કલ્લાકુરિચી જિલ્લાના થાચુર ગામમાં મંદિરમાંથી કથિત રીતે ચોરાયેલી ભગવાન મુરુગન (સુબ્રહ્મણ્ય)ની મૂર્તિ ૨૩ વર્ષ પછી અમેરિકામાં મળી આવી છે. રાજ્યના ક્રિમિનલ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટએ આ માહિતી



જાહેર કરી હતી. પોલીસે અમેરિકાના હોમલેન્ડ સિક્યોરિટી ઈન્વેસ્ટિગેશન્સ પાસે ઉપલબ્ધ મૂર્તિઓની યાદીના આધારે આ અંગેની પુષ્ટિ કરી છે.ભગવાન મુરુગનની મૂર્તિ ઠાચુર ગામમાં સાતમી કે આઠમી સદી એટલે કે પલ્લવ પછીના યુગના મંદિરમાંથી વર્ષ ૨,૦૦૦માં ચોરાઈ હતી.મલિક કાફુર અને મુઘલ રાજાઓ દ્વારા વિદેશી આક્રમણો દરમિયાન મંદિરનો નાશ કરવામાં આવ્યો હતો પરંતુ બાદમાં તેનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો.

## અમદાવાદ સહિત રાજ્યભરની સ્કૂલ-કોલેજમાં દિવાળી વેકેશન

। અમદાવાદ, તા.૯ ।

આજથી દિવાળીના તહેવારનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે આજથી શાળાઓમાં પણ રજાઓ જાહેર કરી દેવામાં આવી છે. આજથી અમદાવાદ સહિત રાજ્યભરની શાળાઓમાં દિવાળી વેકેશનનો પ્રારંભ થઈ રહ્યો છે. દિવાળીનું વેકેશન ૯ નવેમ્બરથી ૨૧ દિવસનું શરૂ થઈ રહ્યું છે. ત્રણ સપ્તાહ માટેના દિવાળી વેકેશનના કારણે શાળા- કોલેજોના કેમ્પસ વિદ્યાર્થીઓની ગેરહાજરીના લીધે સૂમસામ જોવા મળશે. વિદ્યાર્થીઓથી ધમધમતા શાળા-કોલેજો સહિતના રાજ્યભરના સરકારી શિક્ષણ સંસ્થાનોમાં દિવાળીની રજાઓ જાહેર કરવામાં આવી છે. જેને પગલે શિક્ષકોને પણ કામના ભારણ માંથી થોડા સમય માટે મુક્તિ મળશે. જેને પગલે વિદ્યાર્થીઓ અને શિક્ષકો બન્ને પોતાના પરિવાર સાથે રજાઓના પ્લાનિંગમાં લાગી ગયા છે. દિવાળીના વેકેશનના કારણે રાજ્યભરની સ્કૂલોના શિક્ષકો, આચાર્યો, વહીવટી કર્મચારીઓ હળવા મૂડમાં જણાઈ રહ્યા છે.



શહેરમાં રહેતા ઘણાં બધા શિક્ષકો-વાલીઓએ પોતાના વતન તરફ જવા માટે રવાના થયા છે, જ્યારે ઘણાં બધા લોકો ગુજરાત બહાર અને વિદેશ તરફ જવા માટે ૨.૯૯ લાખ પ્રયાણ કર્યું છે. ડિસેમ્બરના પ્રથમ અઠવાડિયામાં શૈક્ષણિક સંસ્થાઓ શરૂ થશે.

### વનવિભાગે દીપડો પકડવા પાંજરા ગોઠવ્યા

## ડાંગ : રાતના સમયે લોકોનું ઘરની બહાર નીકળવું મુશ્કેલ

। ડાંગ, તા.૯ ।

ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના ચીચીનાગાંવઠા રેંજ વિસ્તારમા આવેલ નડગખાદી ગામમા દિપડાએ એક વૃધ્ધ વ્યક્તિ ઉપર હુમલો કરતા તેનુ મોત નિપજ્યુ હતુ. તા.૮/૧૧/૨૦૨૩ના રોજ વહેલી સવારે ૬.૧૫ કલાકે મોતીરામભાઈ લાહનુભાઈ રાઉત પોતાના ઘરના આંગણામાં બેઠેલ હતા તે સમયે અચાનક દીપડો આવી ચડતા તેમને ગળાના ભાગે ઈજા કરતા તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતુ.દિપડાના હુમલાનો અવાજ સાંભળી મૃતકના પત્ની તાત્કાલીક સ્થળ પર દોડી આવ્યા હતા. જેઓએ મોતીરામભાઈને ઘાયલ હાલતમા જોતા બુમરાણ મચાવી હતી જેના પગલે દિપડો ત્યાંથી નાસી ગયો હતો.

## અજાણ્યા વાહનચાલકે કારને અડફેટમાં લેતા ૨નાં મોત

। અમદાવાદ, તા.૯ ।

અમદાવાદમાં ફરી એકવાર દર્દનાક અકસ્માતની ઘટના સામે આવી છે. વાત જાણે એમ છે કે, રાત્રે ચાર મિત્રો કાર લઈને જમવા નીકળ્યા બાદ અકસ્માત સર્જાતાં બે યુવકના મોત થયા છે. વિગતો મુજબ કારને અજાણ્યા વાહને અડફેટે લેતા આ અકસ્માત સર્જાયો હતો. અન્ય વાહનની ટક્કરથી સર્જાયેલ આ અકસ્માત એટલો દર્દનાક હતો કે બે યુવકોના તો ઘટનાસ્થળે જ



કમકમાટીભર્યા મોત નિપજ્યાં હતા. આ તરફ અન્ય બે યુવકોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. અમદાવાદ-બગોદરા હાઈવે પર ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. ગઈકાલે રાત્રિના સમયે બગોદરા હાઈવે પર રોયકા ચોકડી પર અકસ્માત સર્જાયો હતો. જેમાં કારને અજાણ્યા વાહને અડફેટે લેતા અકસ્માત થતાં ૨ યુવકોના ઘટના સ્થળે જ મોત થયા હતા. આ તરફ અકસ્માતમાં અન્ય ૨ યુવકો ઈજાગ્રસ્ત થતાં એકને સોલા સિવિલ અને એકને બાવળા સિવિલમાં ખસેડાયો છે. પ્રાથમિક વિગતો મુજબ મૂળ બાવળા ગ્રામ્ય વિસ્તારના રહેવાસી ચાર મિત્રો કાર લઈને રાત્રિના સમયે જમવા નીકળ્યા હતા. આ દરમિયાન કોઈ અજાણ્યા વાહનને તેમની કારને અડફેટે લીધી હતી. જેમાં ગંભીર ઈજાઓને કારને બે યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. જોકે અન્ય બે યુવકોને પણ ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ તરફ ઘટનાને લઈ બગોદરા પોલીસે અકસ્માતે મોત નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

**વિશેષ** પાંચ રાજ્યોની ૬૭૯ બેઠકો પર ચૂંટણી યોજાશે । રાજસ્થાન મધ્યપ્રદેશ છત્તીસગઢ તેલંગાના ત્રણ તબક્કામાં યોજાશે ચૂંટણી

# કેન્દ્રીય ચૂંટણી પંચે રાજ્યોની ચૂંટણીની કરી તારીખ જાહેર 3 ડિસેમ્બરે પાંચ રાજ્યોના પરિણામો થશે જાહેર

મુખ્ય ચૂંટણી પંચ કમિશ્નર રાજીવ કુમારે આજે બપોરે ૧૨ વાગે એક પ્રેસ કોન્ફરન્સ દિલ્હીના ઓલ ઈન્ડિયા રેડિયો ભવનથી કરીને પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓની ઘોષણા કરી છે. મહત્વની વાત એ છે કે ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જણાવ્યું કે પાંચ ચૂંટણી રાજ્યોમાં અમે ૪૦ દિવસ સુધીમાં અમારો પ્રવાસ પૂર્ણ કર્યો છે. આ રાજ્યોના રાજકીય પક્ષો અને કેન્દ્રિય અને રાજ્ય અમલીકરણ એજન્સીઓ સાથે વાત કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે આ વખતે ૬૦ લાખ યુવાન મતદારો પ્રથમ વખત મત આપવાના છે. મિઝોરમમાં કુલ ૮.૫૨ લાખ મતદારો છે. છત્તીસગઢમાં ૨.૦૩ કરોડ, મધ્યપ્રદેશમાં- ૬.૬ કરોડ, રાજસ્થાનમાં- ૨.૨૫ કરોડ અને તેલંગાણામાં- ૩.૧૭ કરોડના મતદારો છે. પાંચ રાજ્યોમાં ૮.૨ કરોડ પુરુષ મતદારો છે.

૧.૭૭ લાખ મતદાન મથકો પાંચ રાજ્યોમાં ૬૭૯ વિધાનસભની બેઠકોમાં બનાવવામાં આવશે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે વધુ જણાવ્યું કે પીડબ્લ્યુડી સ્ટાફ સાથે ૧૭,૭૩૪ મોડેલ મતદાન મથકો, ૬૨૧ મતદાન મથકોનું સંચાલન યોજવામાં આવશે. મહિલાઓ ૮,૧૯૨ મતદાન મથકોને હેન્ડલ કરશે.

મિઝોરમમાં પહેલા ચૂંટણી યોજાશે. મિઝોરમમાં ૭ નવેમ્બરના રોજ મતદાન કરવામાં આવશે આ સિવાય ૭ નવેમ્બરના રોજ મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં મતદાન કરવામાં આવશે. જ્યારે ૨૩ નવેમ્બરના રોજ રાજસ્થાનમાં મતદાન કરવામાં આવશે, ૩૦ નવેમ્બરના રોજ તેલંગાણામાં મતદાન યોજાશે.

ચૂંટણી પંચે કહ્યું છે કે છત્તીસગઢમાં બે તબક્કામાં મતદાન કરવામાં આવશે. ૭ નવેમ્બરના રોજ પ્રથમ તબક્કાની ચૂંટણી હશે, જ્યારે બીજા તબક્કામાં મતદાન ૧૭ નવેમ્બરના રોજ યોજાશે થશે. ચૂંટણી પરિણામો ૩ ડિસેમ્બરે આવશે. છત્તીસગ. વિધાનસભા ૯૦ બેઠકોની છે. આમાંથી, ૧૦ બેઠકો અનુસુચિત જાતિ માટે અને અનુસુચિત આદિજાતિઓ માટે ૨૯ બેઠકો માટે અનામત છે. છત્તીસગઢ વિધાનસભમાં બહુમતી આંકડો ૪૬ બેઠકોનો છે.

પાંચ રાજ્યોમાં ચૂંટણીના પરિણામો ૩ ડિસેમ્બરે જાહેર કરવામાં આવશે. રાજ્યો જ્યાં ચૂંટણીઓ યોજવામાં આવી રહી છે તેમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગ., તેલંગાણા અને મિઝોરમ શામેલ છે.

આ વર્ષના ૩ ડિસેમ્હર સુધીમાં, પાંચે રાજ્યો- મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, તેલંગાણા અને મિઝોરમમાં ચૂંટણીઓના પરીણામ જાહેર થઈ જશે. પાંચો રાજ્યોમાં કુલ ૬૭૯ વિધાનસભા બેઠકો છે. મધ્યપ્રદેશની હાલમાં ભાજપની સરકાર છે. તેમજ કોંગ્રેસ છત્તીસગઢ અને રાજસ્થાનમાં કોંગ્રેસના શાસન છે. તેલંગાણામાં કે. ચંદ્રશેખર રાવ ભારત રાષ્ટ્ર સમિતિ એટલે કે બીઆરએસની સરકાર છે. મિઝોરમમાં જોરમથંગાનો મિઝો રાષ્ટ્રીય મોરચો શાસક પક્ષ છે.

શિવ સેના-ઉદ્ બાલસાહેબના સાંસદ સંજય રાઉતે આગામી વિધાનસભાની ચૂંટણી અંગે જણાવ્યું હતું કે, ‘‘ભારત ભારત એટલે કે ઓિટ્ટજિ વર્ષ પહેલાં ૩ વર્ષ પહેલાં, કોંગ્રેસ જીત્યા હતા, આ વખતે ભારત તમામ રાજ્યોમાં ભારત જીતશે કે શું મધ્યપ્રદેશ મધ્યમાં જીતશે કે નહીં રાજસ્થાન અને તેલંગાણા બોનસ છે કે નહીં તે પ્રદેશ પણ તેલંગાણામાં પણ જીતશે. તેલંગાણામાં, ભાજપને પણ ૧૦ બેઠકો મળી નથી.’’

**છેલ્લા પાંચ વર્ષમાં છત્તીસગ`હ માં શું બદલાયું, આ વખતે કોણ મજબૂત?**

છત્તીસગ વિશે વાત કરતા, કોંગ્રેસ-ભાજપે વિધાનસભાની ચૂંટણી માટે હીલ શિખર મૂકવાનું શરૂ કર્યું છે. ચૂંટણી પહેલા, કોંગ્રેસ સરકારે જાનાની સામે બાંયધરી આપી છે. તે જ સમયે, ભાજપ કેન્દ્રની યોજનાઓ અને વડા પ્રધાનનો ચહેરો સત્તા પર આવવાની અપેક્ષા રાખે છે. આ સિવાય, આમ આદમી પાર્ટી પણ મફત વીજળી અને મફત પાણીની ઘોષણા કરીને રાજ્યમાં પોતાનો દાવો જણાવી રહી છે. અગાઉ, ૨૦૧૮ માં ચૂંટણીના પરિણામો પછી, કોંગ્રેસે રાજ્યમાં ૧૫ વર્ષ પછી સરકારની રચના કરી હતી. ભૂપેશ બાગેલ રાજ્યના મુખ્યમંત્રી બન્યા.

**રાજસ્થાનમાં કોનુ હોલ્ડ મજબૂત છે?**

રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણીઓ ટૂંક સમયમાં જાહેર થઈ શકે છે. ચૂંટણી પંચે સોમવારે બપોરે ૧૨ વાગ્યે એક પ્રેસ કોન્ફરન્સ બોલાવી છે. આ સમય દરમિયાન ચૂંટણીની તારીખોની જાહેરાત કરી શકાય છે. જો આપણે રાજસ્થાન વિધાનસભા વિશે વાત કરીએ, તો અહીં ૨૦૧૮ ની વિધાનસભાની ચૂંટણી પછી ઘણું બદલાયું છે. આ સમય દરમિયાન, રાજસ્થાનના લોકો કોંગ્રેસના આંતરિક વિસંગતતા કરતાં વધુ છે, સચિન પાઈલટ અને અશોક ગેહલોટ વચ્ચે ચાલી રહેલ શીત યુદ્ધ. આ બધાની વચ્ચે, ચાલો આપણે જાણીએ કે છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યના રાજકારણમાં શું બદલાયું છે? ૨૦૧૮ ની ચૂંટણી પરિણામો શું હતા? જ્યારે ગેહલોટ સરકારને ક્યારે અને જ્યારે કટોકટીનો સામનો કરવો પડ્યો? રાજ્યમાં કોંગ્રેસના વિજયનું નેતૃત્વ કરનાર સચિન પાઈલટે જ્યારે ગેહલોટ સરકાર માટે સમસ્યાઓ ઉભી કરી?

**૨૦૧૮ પછી કેટલું રાજકારણ બદલાયું**

મધ્યપ્રદેશમાં ચૂંટણી બગડેલ આજે રણકશે. ચૂંટણી પંચ બપોરે ૧૨ વાગ્યે એક પ્રેસ કોન્ફરન્સ દ્વારા ચૂંટણીની તારીખની જાહેરાત કરી શકે છે. આવી સ્થિતિમાં, રાજ્યની રાજકીય પરિસ્થિતિ વિશે વિગતવાર જાણવું મહત્વપૂર્ણ છે. મધ્યપ્રદેશે છેલ્લા પાંચ વર્ષમાં બે સરકારો જોયા છે. ૨૦૧૮ માં ચૂંટણીના પરિણામો પછી, રાજ્યમાં ૧૫ વર્ષ પછી કોંગ્રેસે સરકારની રચના કરી. કમલ નાથ રાજ્યના મુખ્ય પ્રધાન બન્યા. જો કે, રાજ્યની કમલ નાથ સરકાર ફક્ત ૧૫ મહિના જ ચાલી શકે છે. ૧૫ મહિના પછી, ભાજપ રાજ્યમાં ફરી એકવાર સત્તા પર પાછો ફર્યો.

**કેન્દ્રીય ચૂંટણી પંચ આજે બપોરે ૧૨વાગે**
**પાંચ રાજ્ય ની ચૂંટણીનું કરશે એલાન**
**મધ્યપ્રદેશ રાજસ્થાન છત્તીસગઢ તેલંગાણામાં**
**ત્રણથી ચાર તબક્કામાં યોજાઇ શકે છે ચૂંટણી**
**આજથી જ પાંચ રાજ્યમાં લાગુ થશે આચાર સહિતા**

**મધ્યપ્રદેશમાં બે તબક્કામાં મતદાન**
**રાજસ્થાનમાં બે તબક્કામાં મતદાન**
**છત્તીસગઢમાં બે તબક્કામાં મતદાન**
**તેલંગાનામાં બે તબક્કામાં મતદાન**
**મિઝોરમમાં એક તબક્કામાં મતદાન**

| રાજ્ય | મતદાન તારીખ |
|---|---|
| મિઝોરમ | ૭ નવેમ્બર |
| છત્તીસગઢ | ૭ નવેમ્બર, ૧૭ નવેમ્બર |
| મધ્યપ્રદેશ | ૭ નવેમ્બર |
| રાજસ્થાન | ૨૩ નવેમ્બર |
| તેલંગાણા | ૩૦ નવેમ્બર |
| પરિણામો | ૩ ડિસેમ્બર |

# શાકીબ શ્રીલંકા આવશે તો તેના પર પથ્થર ફેંકાશે : ટ્રેવિન મેથ્યુઝ

## એન્જેલો મેથ્યુઝના ભાઈ ટ્રેવિન મેથ્યુઝે એક નિવેદન આપ્યું છે જે નિવેદને ક્રિકેટ જગતમાં હલચલ મચાવી દીધી છે

। કોલંબો, તા.૯ ।

બાંગ્લાદેશ અને શ્રીલંકા વચ્ચે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની મેચ દરમિયાન બાંગ્લાદેશના કેપ્ટન શાકિબ અલ હસનની અપીલ બાદ અમ્પાયરે એન્જેલો મૈથ્યુઝને ટાઈમ આઉટ આપ્યો હતો. જેના કારણે ક્રિકેટ જગતમાં હોબાળો મચી ગયો હતો. ઘણાં પૂર્વ ક્રિકેટરોએ તેને ખોટું ગણાવ્યું હતું, જયારે શાકિબે નિયમોને ટાંકીને આ કૃત્યને યોગ્ય ઠેરવ્યું હતું. હવે આ મુદ્દએ જોર પકડ્યો છે. આ ઘટના બાદ એન્જેલો મૈથ્યુઝના ભાઈ ટ્રેવિન મૈથ્યુઝે એક નિવેદન આપ્યું છે જેણે હલચલ મચાવી દીધી છે. એક ઈન્ટરવ્યું દરમિયાન ટ્રેવિને કહ્યું હતું



કે, 'અમે શાકિબના કૃત્યથી ખૂબ જ નિરાશ છીએ. બાંગ્લાદેશી કેપ્ટનમાં ખેલ ભાવના નથી અને તેણે જેન્ટલમેન્સ ગેમમાં માનવતા



દેખાડી નથી. અમે તેમના કેપ્ટન અને બાકીની ટીમ પાસેથી ક્યારેય આ પ્રકારની અપેક્ષા રાખી ન હતી.



શાકિબનું શ્રીલંકામાં સ્વાગત નહીં થાય. જો તે અહીં કોઈ ઈન્ટરનેશનલ કે એલપીએલ મેચ રમવા આવશે તો તેના પર પથ્થર ફેંકવામાં આવશે અથવા તો તેને ચાહકોના ગુસ્સાનો સામનો કરવો પડી શકે છે.' બાંગ્લાદેશ સામે શ્રીલંકાની ટીમ મેચ હારી ગઈ હતી. મેચ સમાપ્ત થયા બાદ બંને ટીમોના ખેલાડીઓએ એકબીજા સાથે હાથ પણ મિલાવ્યા ન હતા. મૈથ્યુઝે ટાઈમ આઉટ થયા બાદ સોશ્યલ મીડિયા પર ઘણાં પૂરવા રજુ કર્યા હતા જેમાં તેણે અમ્પાયરને ખોટા ઠેરવ્યા હતા. મૈથ્યુઝનું કહેવું છે કે તે સમય રહેતા ક્રિઝ પર પહોંચી ગયો હતો અને જયારે તેણે હેલ્મેટ વિશે ખબર પડી ત્યારે પણ કેટલીક સેકેન્ડો બાકી હતી. હવે એન્જેલો મૈથ્યુઝના ભાઈના આ નિવેદને ક્રિકેટ જગતમાં હલચલ મચાવી દીધી છે.



કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ ભોપાલમાં રાણી કમલાપતિ રેલવે સ્ટેશન પર ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સૈયદ કિરમાણી, ભૂતપૂર્વ દક્ષિણ આફ્રિકાના ક્રિકેટર જોન્ટી રોડ્સ તેમજ અન્ય લોકો સાથે લિજેન્ડ્સ લીગ ક્રિકેટની ટ્રોફી ટૂરના લોન્ચ દરમિયાન ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટરો દ્વારા હસ્તાક્ષર કરેલું ભેટ સાથે નજરે પડે છે..

### કરો યા મરો મેચમાં ન્યૂઝીલેન્ડનો શાનદાર દેખાવ

# વર્લ્ડ કપમાં ૫૦ વિકેટ લેનારો ટ્રેન્ટ બોલ્ટ ન્યૂઝીલેન્ડનો પ્રથમ બોલર

। બેંગલુરૂ, તા.૯ ।

ન્યુઝીલેન્ડ અને શ્રીલંકા વચ્ચે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની ૪૧મી મેચ રમાઈ રહી છે. ન્યુઝીલેન્ડે આ 'કરો યા મારો' સ્થિતિની મેચની શાનદાર શરૂઆત કરી છે. ન્યુઝીલેન્ડના સ્ટાર ફાસ્ટ બોલર ટ્રેન્ટ બોલ્ટે એક જ ઓવરમાં ૨ વિકેટ ઝડપી પોતાની ટીમને એક શાનદાર શરૂઆત અપાવી હતી. આ સાથે જ બોલ્ટ વર્લ્ડ કપ મેચોમાં ૫૦ વિકેટ લેનાર ન્યુઝીલેન્ડનો પ્રથમ બોલર બની ગયો છે.

ટ્રેન્ટ બોલ્ડ ન્યુઝીલેન્ડ ટીમ માટે વર્ષોથી એક મહત્વપૂર્ણ ફાસ્ટ બોલર રહ્યો છે. તે નવા બોલ સાથે વિપક્ષી ટીમના બેટ્સમેનો માટે મોટો ખતરો સાબિત થાય છે. કંઈક આવું



જ શ્રીલંકા સામે રમાઈ રહેલી મેચમાં પણ જોવા મળ્યું છે. ટ્રેન્ટ બોલ્ટે એક પછી એક ત્રણ વિકેટ ઝડપી હતી. આ વિકેટો સાથે બોલ્ટે વર્લ્ડ કપમાં પોતાની ૫૦ વિકેટ પણ પૂરી કરી લીધી છે. શ્રીલંકાના કેપ્ટન કુસલ મેંડિસને આઉટ કરતાની સાથે જ બોલ્ટે વર્લ્ડ કપ ઈતિહાસમાં ૫૦ વિકેટ લેનાર પ્રથમ કિવી બોલર બની ગયો છે.

### ન્યૂઝ બ્રિફ

## બિહારમાં અનામતનો વ્યાપ ૬૦ થી ૭૫ ટકા કરવાનું બિલ સર્વસંમતીથી મંજૂર



। પટના, તા.૯ ।

બિહાર વિધાનસભામાંથી અનામત વધારવાનું બિલ સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યું છે. બિહાર સરકારે અનામતનો વ્યાપ ૬૦ ટકાથી વધારીને ૭૫ ટકા કરવાનો વિધાનસભામાં પ્રસ્તાવ મુક્યો હતો જે ધ્વનિ મત દ્વારા પસાર કરવામાં આવ્યો છે. બિહારની નીતિશ સરકારે આજે વિધાનસભામાં અનામતનો વ્યાપ વધારવાનો પ્રસ્તાવ મૂક્યો હતો જે સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યો છે. આ બિલ મુજબ હવે બિહારમાં પછાત વર્ગો, અત્યંત પછાત વર્ગો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે ૬૫% અનામતની જોગવાઈ છે. હાલમાં બિહારમાં આરક્ષણ મર્યાદા ૫૦ ટકા છે. ઈડબલ્યુએસને આનાથી અલગથી ૧૦ ટકા અનામત મળતું હતું. હવે આ બિલ પસાર થવાથી ૫૦ ટકાની અનામતની મર્યાદા તૂટી ગઈ છે. હવે બિહારમાં કુલ ૬૫ ટકા અનામત મળશે. આ સિવાય ઈડબલ્યુએસમાટે ૧૦ ટકા અનામત અલગ રહેશે. એટલે કે હવે અનામતનો વ્યાપ ૬૦ ટકાથી વધીને ૭૫ ટકા થયો છે. આ પહેલા બિહારમાં નીતિશ કુમારની કેબિનેટે અનામતનો વિસ્તાર વધારવાની મંજૂરી આપી હતી.


## આઈઆઈટી બોમ્બેને ક્યૂએસ રેન્કિંગ ૨૦૨૪માં ટોચનું સ્થાન



। નવી દિલ્હી, તા.૯ ।

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી) બોમ્બેને ક્યૂએસ રેન્કિંગ ૨૦૨૪માં સતત બીજી વખત દેશમાં સર્વશ્રેષ્ઠ સંસ્થાન તરીકેનો દરજ્જો આપ્યો છે. આટલું જ નહીં ભારતે રેન્કિંગ યુનિવર્સિટીની સંખ્યા મામલે ચીનને પણ પછાડી દીધું છે. ક્યૂએસ એશિયાની રેન્કિંગ ૨૦૨૪માં અહીં રેકોર્ડ ૧૪૮ યુનિવર્સિટીઓએ સ્થાન મેળવ્યું છે. જોકે ચીનની ૧૩૩ યુનિવર્સિટી જ આ યાદીમાં સામેલ થઈ શકી હતી. ક્યૂએસ વિશ્લેષકો દ્વારા જારી એક નિવેદનમાં જણાવાયું કે ભારત હવે ક્યૂએસ એશિયા રેન્કિંગમાં ૧૪૮ વિશેષ યુનિવર્સિટીઓ સાથે સૌથી વધુ પ્રતિનિધિત્વ ધરાવતી હાયર એજ્યુકેશન સિસ્ટમ ધરાવે છે જે ગત વર્ષની તુલનાએ ૩૭ વધુ છે.

## સુપ્રીમમાં ત્રણ જજોની નિમણૂકની કોલેજિયમની ભલામણને મંજૂરી



। નવી દિલ્હી, તા.૯ ।

સુપ્રીમ કોર્ટની આકરી ટીપ્પણી બાદ આખરે કેન્દ્ર સરકારે ત્રણ જજોની નિમણૂક પર નિર્ણય લીધો છે. સુપ્રીમ કોર્ટમાં ત્રણ જજોની નિમણૂક કરવામાં આવી છે. આ સાથે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટ કોલેજિયમની ભલામણને મંજૂરી આપી છે. મુખ્ય ન્યાયાધીશ સતીશ ચંદ્ર શર્મા, મુખ્ય ન્યાયાધીશ ઓગસ્ટિન જ્યોર્જ મસીહ અને મુખ્ય ન્યાયાધીશ સંદીપ મહેતાની સુપ્રીમ કોર્ટમાં નિમણૂક કરવામાં આવી છે. આ તમામ ન્યાયાધીશોએ આજે સાંજે ૪.૧૫ કલાકે શપથ લીધા. તેમની નિમણૂક સાથે સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા વધીને ૩૪ થઈ જશે.

### રશિયા-યુક્રેન યુદ્ધથી ભારતને ક્રૂડ ઓઈલની ખરીદીમાં ફાયદો

# રશિયાથી ઓઈલની આયાત કરીને ભારતીય કંપનીઓએ અબજો ડોલરની બચત કરી

### ભારતીય રિફાઇનિંગ કંપનીઓએ રશિયાથી સસ્તા તેલની આયાત કરી લગભગ ૨૭૪ અબજ રૂપિયાની બચત કરી

। નવી દિલ્હી, તા.૯ ।

રશિયા-યુક્રેન યુદ્ધથી ભારતને ક્રૂડ ઓઈલની ખરીદીમાં મોટો ફાયદો થયો છે. આ યુદ્ધની શરૂઆતથી જ ભારત રશિયા પાસેથી મોટી માત્રમાં રાહત ભાવે ક્રૂડ ઓઈલ ખરીદી રહ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના પ્રથમ છ મહિનામાં ભારતીય ઓઈલ રિફાઈનિંગ કંપનીઓએ રશિયાથી સસ્તા તેલની આયાત કરી અબજો ડોલરથી વધુની બચત કરી છે.

ભારત દુનિયાનો ત્રીજા નંબરનો સૌથી મોટો આયાતકાર દેશ છે. ભારત તેની કુલ જરૂરતના ૮૫ ટકાથી વધુ કાચું તેલ આયાત કરે છે. જો કિંમતને ધ્યાને લઈને જોવામાં આવે તો ભારત ટ્રેડ વ્યાપારથી યાદીમાં સૌથી ઉપરના સ્થાને છે. એક અહેવાલ અનુસાર, ભારત સરકારના ઓફીશીયલ ટ્રેડ ડેટાના જાણકારે આપેલી



માહિતી પરથી જાણવા મળ્યું છે કે, ભારતીય રિફાઈનિંગ કંપનીઓએ રશિયાથી સસ્તા તેલની આયાત કરી લગભગ ૨૭૪ અબજ રૂપિયાની બચત કરી છે. રિપોર્ટ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના પહેલા છ મહિનામાં ભારતે લગભગ ૬૩૦ કરોડ ડોલરના ક્રૂડ ઓઈલની આયાત કરી હતી. ભારત જે ક્રૂડ ઓઈલ રશિયા પાસેથી આયાત કરે છે તે જો રશિયાને બદલે અન્ય કોઈ દેશથી આયાત કરવામાં આવ્યું હોત તો ભારતે તે જ તેલ માટે અંદાજે ૬૭.૧૪ અબજ ડોલર ચૂકવવા પડ્યા હોત.

### ક્રિકેટર્સને જર્સીનો નંબર શેના આધારે મળે છે

# અન્ય કોઈ પાસે ન હોય તેવો જર્સી નંબર ક્રિકેટર મેળવ્વા સ્વતંત્ર છે

### સામાન્ય રીતે જર્સી નંબર ટીમ મેનેજમેન્ટ દ્વારા નક્કી કરવામાં આવે છે, તેમાં બોર્ડ કોઈ દખલગીરી કરતું નથી

। નવી દિલ્હી, તા.૯ ।

ભારતમાં લોકોને ક્રિકેટ પ્રત્યે એક ગજબ જ લગાવ જોવા મળે છે. જેથી વર્લ્ડકપ ભારતમાં એક મહોત્સવ સમાન છે. આથી આ સમયગાળા દરમ્યાન લોકોને ક્રિકેટ સાથે જોડાયેલી રસપ્રદ માહિતી વિષે જાણવામાં વધુ રસ હોય છે. જયારે મેચ જોતા હોય ત્યારે પ્રશ્ન થાય કે ક્રિકેટરની જર્સીની પાછળ લખેલો નંબર તેને કઈ રીતે મળે છે? શું આ નંબર ખેલાડીને બીસીસીઆઈ દ્વારા આપવામાં આવે છે કે તે જાતે જ પસંદ કરે છે? તેમજ શું સચિન કે ધોનીની જર્સીનો નંબર અન્ય કોઈ ખેલાડીને મળી શકે છે? તો જોઈએ કે આ જર્સી નંબર કેવી રીતે નક્કી કરવામાં આવે છે... આમ જોઈએ તો આ બાબતને લઈને કોઈ સ્પષ્ટ નિયમ નથી.




સામાન્ય રીતે જર્સી નંબર ટીમ મેનેજમેન્ટ દ્વારા નક્કી કરવામાં આવે છે. તેમાં બોર્ડ કોઈ દખલગીરી કરતુ નથી. તેમજ પોતાની પસંદનો જર્સી નંબર મેળવવા માટે ખેલાડી સ્વતંત્ર હોય છે. પરંતુ શરત એક જ છે કે એ નબરની જર્સી અન્ય કોઈ ખેલાડી પાસે ન હોવી જોઈએ. આથી કહી શકાય કે ખેલાડી પોતે પોતાની જર્સીનો નંબર નક્કી કરે છે. ધોનીએ પોતાની બર્થ ડેટને પોતાનો જર્સી નંબર એટલે કે ૭ બનાવ્યો છે. વિરાટ કોહલીની જર્સી નંબર ૧૮ છે. એવો દાવો કરવામાં આવે છે કે વિરાટ કોહલીના પિતાનું ૧૮ ડિસેમ્બર ૨૦૦૬ના રોજ અવસાન થયું હતું. જેના કારણે તેનો જર્સી નંબર ૧૮ છે. કેટલાક અન્ય દાવાઓમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે વિરાટ જ્યારે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ્યો ત્યારે તે ૧૮ વર્ષનો હતો, તેથી તેને આ નંબર પસંદ છે. કહેવાય છે કે દિગ્ગજ પૂર્વ ક્રિકેટર વીરેન્દ્ર સેહવાગની જર્સી પર કોઈ નંબર નથી. જો કે, કેટલીક તસવીરોમાં તેની જર્સી પર ૪૪ નંબર પણ લખાયેલો જોવા મળ્યો હતો. જયારે યુવરાજ સિંહનો જર્સી નંબર ૧૨ હતો, જે તેની બર્થ ડેટ ૧૨ ડીસેમ્બર પ્રમાણે હતો. આ ઉપરાંત ટીમ ઈન્ડીયાના સ્પિનર આર. અશ્વિની ૯ નંબને લકી માને છે, એટલે તેમને ૯ નંબરની જર્સી જોઈતી હતી.

## ભાજપના વરિષ્ઠ નેતા આશુતોષ ટંડનનું લાંબી માંદગી બાદ નિધન



। લખનૌ, તા.૯ ।

લખનૌમાં બીજેપીના વરિષ્ઠ નેતા અને પૂર્વ મંત્રી આશુતોષ ટંડનનું નિધન થઈ ગયુ છે. આશુતોષ ટંડન લખનૌ પૂર્વી બેઠક પરથી ધારાસભ્ય હતા. તેઓ લાંબા સમયથી બીમાર હતા અને મેદાંતા હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. આશુતોષ ટંડન કેન્સરની બીમારીથી પાડિત હતા. તેમના નિધનથી પાર્ટીમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે. આશુતોષ ટંડન લખનૌના સાંસદ લાલજી ટંડનના પુત્ર હતા. તેઓ ઘણા સમયથી બીમાર હતા. તેમને આઈસીયુમાં ઓક્સિજન સપોર્ટ પર રાખવામાં આવ્યા હતા. આશુતોષ ટંડન હાલમાં લખનૌ પૂર્વી બેઠક પરથી ભાજપના ધારાસભ્ય હતા. આ પહેલા તેઓ યુપી સરકારમાં મંત્રી પણ રહી ચુક્યા છે. ટંડનના નિધન પર સીએમ યોગીએ શોક વ્યક્ત કર્યો છે.

### ભારતમાં ડિજિડલ પેમેન્ટના વ્યાપમાં ભારે વધારો

# હવે એકમાત્ર ઝેડઆરઓરથી બનેલી રિંગથી જ યુપીઆઈ પેમેન્ટ થઈ શકશે

### સ્માર્ટફોન, ડેબીટકાર્ડ કે ક્રેડીટકાર્ડની જરૂર પણ નહિ પડે

। નવી દિલ્હી, તા.૯ ।

આજના સમયમાં ટેકનોલોજી એડવાન્સમેંટ થતા જ એટલી નવી નવી વસ્તુઓ આવે છે કે જેના વિષે વિચાર્યું પણ ન હોય. પહેલાના સમયમાં ફોન અને કમ્પ્યુટર ખુબ જ મોટા આવતા હતા. જયારે અત્યારે તે પોર્ટેબલ જોવા મળે છે. તેવી જ રીતે ઓનલાઈન પેમેન્ટનો ઓપ્શાન પણ હાલ ખુબ જ સુવિધાજનક થવા જઈ રહ્યો છે. હવે ભારતમાં યુપીઆઈ પેમેન્ટ કરવા માટે સ્માર્ટફોન, ડેબીટકાર્ડ કે ક્રેડીટકાર્ડની જરૂર નહિ પડે. પરંતુ એક રીંગથી હવે પેમેન્ટ થઈ શકશે. ભારતીય બજારમાં પેમેન્ટ કરી શકાય એવી રીંગ લોન્ચ થઈ ગઈ છે. આ રીંગની મદદથી કોઈ પણ POS મશીન પર ટચ કરવાથી પેમેન્ટ થઈ જશે. જેના માટે પેમેન્ટ મશીનમાં એનએફસીનું ફીચર હોવું જરૂરી છે. અન્ય પેમેન્ટના એનએફસીપ્રોડક્ટની ટેકનોલોજી પર જ આ રીંગ પણ કામ કરશે એટલે કે ટેપ એન્ડ પે ટેકનોલોજી પર આ રીંગ કામ કરશે. તેમ છતાં તે ખુબ જ સિક્યોર છે. આમ તો આપને ઘણા પ્રકારની રીંગ જોઈ હોય, જેમાં થોડા સમય પહેલા માર્કેટમાં સ્માર્ટ રીંગ પણ આવી ચુકી છે, પરંતુ તમે બેટરી વગરની સ્માર્ટ રીંગ ભાગ્યે જ જોઈ હશે. એક સ્ટાર્ટઅપે કોન્ટેક્ટલેસ પેમેન્ટ રિંગ લોન્ચ કરી છે. જે ૭ રિંગ્સ તરીકે ઓળખાય છે. કંપનીએ સપ્ટેમ્બરમાં ફિનટેક ફેસ્ટ ૨૦૨૩માં આ પ્રોડક્ટનું પ્રદર્શન કર્યું હતું. કંપનીએ આ રિંગને ભારતમાં ૭ હજાર રૂપિયાની કિંમતમાં લોન્ચ કરી છે.

જોકે, અર્લી બર્ડ ઓફર હેઠળ મર્યાદિત સમય માટે કંપની આ રિંગને ૪,૭૭૭ રૂપિયાની કિંમતે વેચી રહી છે. આ ડિવાઈસને રૂ.૮૨૯ની ૬ મહિનાની ઈએમઆઈપર પણ ખરીદી શકાય છે. આ ઉપરાંત તેના પર ૫૫ મહિનાની વેલીડીટી અને ૧ વર્ષની વોરંટી મળે છે.

### પાકિસ્તાનના મીડિયાનો ગંભીર આક્ષેપ

# ચીન દેશ વેપાર દ્વારા પાકિસ્તાન દેશ ને મોટો નફો લઈ લૂંટી રહ્યું છે

### ચીન સાથે દેશનો વેપાર મામલે અખબાર ડોને સવાલો ઉઠાવ્યા

। ઈસ્લામાબાદ, તા.૯ ।

પાકિસ્તાને ચીન સાથે મિત્રતા કરવી ભારે પડી હોય તેવો પાક મીડિયા આક્ષેપ કરી રહ્યું છે. ચીન સાથે દેશનો વેપાર મામલે પાકિસ્તાની અખબાર ડૉને સવાલો ઉઠાવ્યા છે અને કહ્યું કે, આ મિત્રતા માત્ર આપણા નુકસાન પુરતી જ રહી છે. ઈકોનોમીના જાણકાર પત્રકાર ખુર્રં હુસેને એક લેખમાં 'ચીન સાથે પાકિસ્તાનનો વેપાર' પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે અને તેના કારણે જ પાકિસ્તાની દુર્દશા થઈ હોવાનો આક્ષેપ કર્યો છે. હુસેનના લેખમાં જણાવ્યું મુજબ, ચીન માટે પાકિસ્તાન વિશેષ નથી, ડ્રેગન જેમ અન્ય દેશો સાથે વેપારમાં નફો રડે છે. તેમ પાકિસ્તાન પાસેથી પણ લઈ રહ્યો છે. આપણો ચીન સાથે લગભગ ૯૦ અબજ ડૉલર વેપાર થયો છે. એનો અર્થ એ કે, માલ અને સેવાઓના બદલે પાકિસ્તાનમાંથી ૯૦ અબજ ડૉલરની મોટી મૂડી ચીન જતી રહી. ત્યારબાદ આપણે ગલ્ફ દેશો પાસેથી ખરીદેલા ક્રુડમાં મોટી મૂડી જતી રહી. હુસૈને કહ્યું કે, ચીન કરતાં અમેરિકા, યૂરોપ જેવા દેશોમાંથી વેપાર કરવો આપણા માટે વધુ સારું છે. તેમણે લખ્યું કે, આપણો અમેરિકા સાથે વેપાર ૩૪ બિલિયન ડૉલર અને બ્રિટન સાથે ૧૨ અબજ ડૉલર સરપ્લસ છે. આનો અર્થ એ કે, આપણે અમેરિકા-બ્રિટન પાસેથી જે કમાણી કરી, તે ચીન સાથેના વેપારમાં ખર્ચ કરી દઈએ છીએ. મહત્વની વાત એ છે કે, આ એ જ ચીન છે, જે પાકિસ્તાને હંમેશા પોતાનો સદાબહાર મિત્ર કહી રહ્યો છે. ખુર્રમે વધુમાં લખ્યું છે કે, માત્ર પાકિસ્તાન સિવાય ચીનનો અન્ય દેશો સાથેનો વેપાર સરપ્લસમાં છે, જોકે હવે તેઓ આ બાબતને સમજી ગયા છે. અને યોગ્ય નિર્ણયો લઈ રહ્યા છે. તેમણે ભારતનો ઉલ્લેખ કરતા લખ્યું કે, ચીનનો ભારત સાથેનો વેપાર પણ સરપ્લસમાં છે, જોકે ભારત પોતાની વેપાર નીતિ બદલી રહ્યું છે. તેમણે લખ્યું કે, આપણે ચીન સાથે ભાવનાઓના આધારે સંબંધો ન રાખવા જોઈએ.

## તંત્રી લેખ...

# ડીપફેક વીડિયો છેલ્લા કેટલાક વર્ષોમાં એક મોટો ખતરો બની ગયા છે

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ની ટેકનિક ડીપફેક કે ડીપ લર્નિંગ એ ખતરાની ઘંટડી છે, જાણે વાંદરાના હાથમાં અસ્તરો આવી ગયો હોય. એઆઈની ડીપ લર્નિંગ ટેકનિકની મદદથી કોઈપણ તસવીર, વીડિયો અને ઓડિયોને મેનિપ્યુલેટ કે છે-ડછાડ કરીને બિલકુલ અલગ બનાવી શકાય છે. કોઈ નેતા, અભિનેતા કે સેલિબ્રિટીની સ્પીચને ઉઠાવીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ બેઝ્ડ આ ટૂલ દ્વારા સંપૂર્ણ રીતે બદલી શકાય છે. કોઈની મૂળ તસવીર કે મૂળ વીડિયો સાથે છેડછાડ કે ભેળસેળ કરી શકાય છે. ભૂતકાળમાં દેશી-વિદેશી અનેક મોટી હસ્તીઓ ડીપ લર્નિંગનો શિકાર થઈ ચૂકી છે. ડીપફેક વીડિયો છેલ્લા કેટલાક વર્ષોમાં એક મોટો ખતરો બની ગયા છે. એવા કેટલાક વીડિયોમાં એલન મસ્ક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન વેચી રહ્યા હતા તો અમેરિકી એક્ટર ટોમ હેંક્સ ડેન્ટલ પ્લાન્ટ. પૂર્વ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કેટલાય ફની ડીપફેક વીડિયો વાયરલ થતા રહે છે. હાલનો મામલો અભિનેત્રી રશ્મિકા મંદાનાના ડીપફેક વીડિયોનો છે, જેના બાદ ડીપફેક ટેકનિકને લઈને સરકાર સતર્ક થઈ ગઈ છે. સરકારે ડીપ ફેક વીડિયો પર સોશ્યલ મીડિયા કંપનીઓને પરામર્શ જાહેર કર્યો છે. કેન્દ્ર સરકારે 'એક્સ', ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક સહિત તમામ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મોને ઈન્ફર્મેશન ટેક્નોલોજી નિયમો અંતર્ગત ફરિયાદના ૨૪ કલાકની અંદર છેડછાડ કરાયેલી તસવીરો હટાવી દેવાનો આદેશ આપ્યો છે. આ જરૂરી છે. સોશ્યલ મીડિયા જેટલું ઉપયોગી છે, તેનો દુરુપયોગ પણ એટલો જ ખતરનાક છે. ચાહે ખતરનાક ગેમ્સ હોય, સોશ્યલ મીડિયા પર ઉપલબ્ધ માહિતીની ચોરી હોય, ફેક વીડિયો, ઓડિયો અને ફોટોથી કોઈની છબિ ખરાબ કરવાની વાત હોય, સાઈબર ફ્રોડ હોય, લોકો તેના શિકાર થઈ રહ્યા છે. આ ટેકનિકના દુરુપયોગનું કાળું પાસું છે. ગયા વર્ષે ટેક વિશેષજ્ઞોએ એઆઈના ખતરાને લઈને દુનિયાની તમામ સરકારોને ચેતવી હતી કે આ ટેકનિક સરકારી નિયંત્રણમાં રહે અને તેના માટે રેગ્યુલેશનની વ્યવસ્થા કરાય. ડીપફેક વીડિયો અને ઓડિયોના વધતા કેસોથી ટેક વિશેષજ્ઞોની ચેતવણી સાચી સાબિત થઈ રહી છે. ભારત સરકારે આઈટી નિયમોના કરાર અને સોશ્યલ મીડિયા કંપનીઓની જવાબદારીનો હવાલો આપતાં સોશ્યલ મીડિયા મધ્યસ્થોને નિયમો અને વિનિયમો, ગોપનીયતા નીતિ કે ઉપયોગકર્તા સમજૂતીનું પાલન કરવા માટે કહ્યું છે. નિયમ અનુસાર કામ નહિ કરવા પર સરકાર સેવા પ્રદાતાઓ પર કાર્યવાહી કરશે. સોશ્યલ મીડિયા કંપનીઓ કોઈપણ ખોટી માહિતી હટાવવા માટે બંધાયેલી છે. જો પ્લેટફોર્મ એપ્રિલ ૨૦૨૩માં અધિસૂચિત આઈટી નિયમોનું પાલન ન કરે, તો નિયમ સાત લાગુ થશે અને આઈપીસી જોગવાઈઓ અંતર્ગત પીડિત અદાલતમાં જઈ શકે છે. ભારતમાં સોશ્યલ મીડિયાના દુરુપયોગ અને સાઈબર ક્રાઈમ વિરુદ્ધ આઈટી એક્ટ સહિત અનેક કાયદા છે. પ્રાઈવસી કાયદો, આઈપીસીની કલમ ૪૯૯ અને ૫૦૦ અંતર્ગત માનહાનિ, સાઈબર અપરાધ, કોપીરાઈટ ઉલ્લંઘન, કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ અને ડેટા સુરક્ષા જેવા કાનૂની સંરક્ષણ પીડિતો માટે ઉપલબ્ધ છે. તેમ છતાં સરકારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ડીપ લર્નિંગ જેવા ખતરાના સામના માટે કડક ઉપાયો સાથે વ્યાપક કાનૂની જોગવાઈ કરવી જોઈએ. યુઝર્સને ગોપનીયતાની સુરક્ષા અને લીગલ કવચ પ્રદાન કરવું જરૂરી છે, તેની સાથે જ સોશ્યલ મીડિયા યુઝર્સ પણ સતર્ક રહે.

## ઈઝરાયેલ હમાસ યુદ્ધ, આતંકનો ખાત્મો જરૂરી

ઈઝરાયેલ અને હમાસની લડાઈ ચરમસીમાએ છે. યુદ્ધના પરંપરાગત દાયરાઓ તોડીને નિર્દોષ નગરજનોના રક્તથી ખરડાયેલી આ લડાઈએ દુનિયાનો ખરડાયેલો ચહેરો સામે લાવી દીધો છે. અનેક મુસ્લિમ દેશો બેઝીઝક આતંકીઓની તરફેણ કરી રહ્યા છે. હમાસે ૧૪૦૦થી વધુ ઈઝરાયેલી નાગરિકોની હત્યા કરી, ઈઝરાયેલ પરનાં હુમલામાં પેલેસ્ટાઈનના જ ૫૦૦થી વધુ નાગરિકોનાં રક્ત રેડાયાં. છતાં લોકો હમાસને આતંકી સંગઠન કહેતાં ખચકાઈ રહ્યા છે. આ રક્તરંજિત વિચાર અને કાર્યને જો આતંકવાદ નહીં કહેવાય તો બીજું શું કહેવાશે? એ ચોક્કસ છે કે વિશ્વશ્રેષ્ઠ ગણાતી મોસાદ સહિત અમેરિકા, ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, કેનેડા અને ઓસ્ટ્રેલિયાની ૫-ીઆઈજ ગણાતી ખુફિયા એજન્સીઓ લ્લહમાસ'ના આ હુમલાનો તાગ મેળવવામાં નિષ્ફળ રહી છે. છેલ્લા ઘણા સમયથી ઈઝરાયેલ અરબ દેશો સાથે સંબંધ બનાવવાનો પ્રયત્ન કરતું હતું. ઈઝરાયેલ - સાઉદી અરબ વચ્ચે એક વ્યાપક શાંતિ કરાર થવાનો હતો. મુસ્લિમ દેશોની નેતાગીરીનો તાજ જેના શીરે છે એ સાઉદી અરબ અને ઈઝરાયેલ વચ્ચે મિત્રતા થાય એ હમાસને હરગીજ મંજૂર નહોતું, આથી સોચી-સમજી રણનીતિ મુજબ હમાસે અગનખેલ ખેલી નાંખ્યો અને ગાઝા પટ્ટીનો વિનાશ દુનિયાને બતાવીને હજારોની કતલેઆમના ઓઠા હેઠળ ઈઝરાયેલને મુસ્લિમ આરબ રાષ્ટોથી એકઝાટકે દૂર કરી દીધું. આવું કટ્ટર અને ચાલાક હમાસ ૧૯૮૭માં મુસ્લિમ બ્રધરડની એક શાખા તરીકે સ્થપાયેલું સંપૂર્ણ આતંકી સંગઠન છે. હમાસના ચાર્ટરમાં ઈઝરાયેલના કબજામાંથી મુક્તિ અને હાલના ઈઝરાયેલ, વેસ્ટ બેંક અને ગાઝાના પ્રદેશ પર ઈસ્લામિક રાજ્યની સ્થાપના માટે હાકલ કરવામાં આવી છે. પ્રખર આતંકી પૃષ્ઠભૂમિ છતાં અનેક દેશો, ખાસ કરીને મુસ્લિમ દેશો હમાસની તરફેણમાં આગળ આવી રહ્યા છે. મલેશિયા એ સ્પષ્ટ કહ્યું કે, લ્લહમાસ સાથે અમારો સંબંધ ચાલુ જ રહેશે.' લેબેનોન સરહદે કટ્ટરપંથી સંગઠન હિઝબુલ્લાહના આશરે દસ હજાર આતંકીઓ ઈઝરાયેલ પર હુમલો કરવા તૈયાર બેઠા છે, ઈરાનના વિદેશ મંત્રી હોસેન અમિરાબ્દોલાહિને કહ્યું, લ્લહવે દુનિયાભરના આરબ-મુસ્લિમ દેશોએ ઈઝરાયેલ સામે એક થવાનો સમય આવી ગયો છે.' હદ તો એ થઈ કે કેટલાકે આ આતંકીઓને સૈન્યવાદી અને સ્વતંત્રતા-સેનાની કહી દીધા. ભારતમાંય કોંગ્રેસે આ મુદ્દે પેલેસ્ટાઈન માટે પ્રસ્તાવ રજૂ કર્યો કે, લ્લઅમે પેલેસ્ટાઈનના અધિકારોનું સમર્થન કરીએ છીએ.' પરંતુ આ પ્રસ્તાવમાં તેણે ન તો ઈઝરાયેલ પરના હુમલાનો વિરોધ કર્યો કે ન તો દુઃખ વ્યક્ત કર્યું. તેણે હમાસને આતંકવાદી કહેવાનુંય ટાળ્યું. આવા આંતરરાષ્ટીય મુદ્દે કોંગ્રેસે આટલું ઝડપી, ઉભડક નિવેદન આપવાની કોઈ જરૂર હતી ખરી? જો તેઓ આને મુત્સદ્દીગીરીમાં ખપાવતા હોય તો એ વિડંબના કે ૬૦ વર્ષ ભારતમાં રાજ કરનાર કોંગ્રેસ પાસે એવો એકેય પીઢ નેતા નથી રહ્યો જેને આંતરરાષ્ટ્રીય મુદ્દા પર ઠરાવ કરતાં પહેલાં કેન્દ્ર સરકાર સાથે વાટાઘાટો કરવાની અને દેશની નીતિઓ મુજબ વર્તવાની ખબર પડે. પણ કદાચ કોંગ્રેસને હશે કે એ હમાસની નિંદા કરશે તો મુસ્લિમો નારાજ થઈ જશે અને ચૂંટણીઓમાં તેને નુકસાન થશે.

# વાક બારસ એટલે વિદ્યાની દેવી સરસ્વતી પાસે શુદ્ધ જ્ઞાનની માંગ, તન, મનની પેલે પાર આત્મા છે, જે શુદ્ધ, અનંત અને અવિનાશી છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે આસો વદ બારસ એટલે કે વાક્ બારસ પરંતુ અપભ્રંશ થઈને લોકો એને વાઘ બારસ કહેવા લાગ્યા છે! હકીકતમાં આ તહેવાર સાથે વાઘને કોઈ જ લેવા દેવા નથી. પરંતુ વાક્ એટલે વાણી અને વાક્ એટલે વેદ એ રીતે વાણીની દેવી મા સરસ્વતીની આરાધના નો આ દિવસ છે. હિન્દુ સંસ્કૃતિ એટલે નાની વાતમા ફિલોસોફી વણાયેલી હોય, ત્યાં દરેક વાર તિથિ ને કોઈ ને કોઈ રીતે મહત્તા આપી એનું મહાત્મ્ય વધાર્યું છે. જ્ઞાન ની ઉપલબ્ધિ બતાવતો આ તહેવાર સમજવા જેવો છે,અને ખરેખર એનું પણ મહાત્મ્ય છે. આમ તો સીધી રીતે અગિયારસથી દિવાળી નો તહેવાર શરૂ થાય પણ ગામડાઓમાં ખેતી મજુરી કરનારા ને રજાઓ પડે પછી જ ઘરના કામ પણ કરવાનાં હોવાથી ધન તેરસ પહેલાં પોતાના ઘરમાં ગાર લીંપણ નું કામ કરે છે એટલે જે જૂના પોપડા હોય તેને કાઢી નવું લીંપણ થાય છે એટલે ગામમાં હજી કોઈ કોઈ તેને પોડા બારસ તરીકે પણ ઓળખવામાં આવે છે. પણ મૂળમાં તો ધન તેરસે લક્ષ્મીજી ને આહવાન કરતાં પહેલાં જ્ઞાનની દેવી મા સરસ્વતી પાસે તન મન શુદ્ધ કરવાની વાત છે, અને આવેલ ધન એશ્વર્યથી છકી ન જાય તથા નીતિનું વહન થતું રહે.

આ ઉપરાંત સમુદ્ર મંથન માંથી ગાય નીકળી એ દિવસ આસો વદ બારસનો હતો એટલે ગૌવત્સ દ્વાદશી તરીકે પણ ઓળખાય છે. ગુરુ વગર જ્ઞાન કોણ આપે! એટલે કેટલાક તેને ગુરુ દ્વાદશી તરીકે ઓળખે છે. જ્ઞાન પ્રકાશિત કરે છે એટલે વહેલી સવારે દીવા મૂકતી હતી ત્યારે હું વિચારતી હતી, કે આ દીવા જેવું જ જીવન જીવવા માટે માનવીનો જન્મ થયો હોય છે, કે જે પોતે સળગી કે તપીને પણ અન્યનું જીવન અજવાળે એ જ માનવી કહેવાય, અને આ સાત્વિક અજવાળાનું મૂલ્ય ખરેખર ખૂબ જ ઊંચું છે, એ તો જે અનુભવે એ જ કહી શકે. બીજું દિવાળીમાં વહેલી સવારે દીવા મૂક્યા પછી તડાફડી કરવી એ મને સૌથી પ્રિય,જાણે લોકોને જગાડવા જ જન્મ થયો હોય, એમ કેટલા વર્ષોથી આ રીતે સવારમાં આ ક્રિયા થાય,અને હવે તો ચિંતનની ક્ષણે દ્વારા આ રોજ થાય છે. સવારમાં મંદિરમાં આરતી પછી ધૂન વાગતી હતી, રઘુપતિ રાઘવ રાજારામ, બસ આમ જ આપણે ધીરે ધીરે રામરાજ્ય તરફ ગતિ કરીએ, અને એક દિવસ બધા જ બુદ્ધ પુરુષનું એ સ્વપ્ન સાકાર થઈ જાય તો પૃથ્વી ખરેખર સ્વર્ગ કરતાં પણ અમૂલ્ય બને. પ્રેમ સિવાય કંઈ એટલે કંઈ જ મીઠું ને આનંદિત કરનારું નથી હોતું, આ એક સૂત્ર પકડી ને આવનારા નવાં વર્ષમાં સૌ જીવવાનો સંકલ્પ કરે, તો આ કાર્ય ઝડપથી સંપન્ન થાય. દિવાળી આવશે દિવાળી આવશે એમ કરતાં હતા એમાંથી દિવાળી આવી પણ ગઈ, અને બજાર પણ પ્રમાણમાં સારી એવી ગરમ છે. મોટાથી શરૂ કરીને નાનામાં નાના માણસો સુધી બધાએ કંઈક દિવાળી નિમિત્તે ખરીદી કરી. હા શ્રીમંત લોકો એ સોના ચાંદી અને હિરા માણેકની કે ગાડી પ્લોટ કે એપાર્ટમેન્ટ ખરીદ્યું, તો નાનો માણસ બીજું કંઈ ખરીદી કરે! સ્કૂટર પણ ખૂબ જ વહેંચાયા એ બતાવે છે, કે લોકો આર્થિક રીતે ધીરે ધીરે ફરી પછા યથાવત સ્થિતિમાં આવતાં જાય છે. દિવાળીનો તહેવાર "પ્રકાશના પર્વ" તરીકે જાણીતો છે, આખા વર્ષ દરમિયાન આ એક જ અમાસ એવી છે જે અમાસ હોવા છતાં પણ અજવાળી છે કારણ કે એ દિવસે બધાના ઘર આંગણામાં દિવા રૂપે સત્ય પ્રકાશ રેલાઈ રહ્યો છે, અને તેનો આધ્યાત્મિક અર્થ થાય છે, "મનના પ્રકાશની જાગૃતિ"નો તહેવાર.

સ્થૂળ શરીર તન મનની પેલે પાર પણ કશુંક છે, જે શુદ્ધ, અનંત અને અવિનાશી છે, અને તેને આત્મા કહેવાય છે, તેવી એક વિચારધારા મૂળ હિન્દુ તત્વજ્ઞાનનું,કે પછી હિન્દુ સનાતન ધારાનું કેન્દ્ર છે. આપણે જેવી રીતે આપણા સ્થૂળ જન્મને ઉજવીએ છીએ, તેવી રીતે દિપાવલી આંતરિક પ્રકાશનો તહેવાર છે, કે જેને જાણવાથી અંધકાર પણ પ્રકાશમય બને છે, તમામ મુશ્કેલીઓ દૂર થાય છે, અને અજ્ઞાન વિખેરાઈ જાય છે, વ્યક્તિનું પોતાનું સાચુ સ્વરૂપ જાગૃત થાય છે, ત્યારે શરીર તરીકે નહિ, પરંતુ અપરિવર્તનીય, અનંત, વિશ્વવ્યાપી અને ગુણાતીત વાસ્તવિકતા સમજાય છે. આત્માની અનુભૂતિ થતાની સાથે જ, સમગ્ર સૃષ્ટિ માટે સત્ય પ્રેમ કરુણા, અને તમામ વસ્તુઓના વૈરાગ્યની અને સત્વ તત્વ ના એકાકારથી જાગૃતિ ના પ્રકારથી ઉચ્ચ જ્ઞાન આવે છે. આનાથી આનંદ, આંતરિક ઉલ્લાસ અથવા શાંતિ આવે છે. દિવાળી ફટાકડા, પ્રકાશ, ફૂલો, મિઠાઈઓ તથા ભક્તિ દ્વારા ઉજવવામાં આવે છે. પ્રદેશે-પ્રદેશે દિવાળીની કથા અલગ છે, છતાં પણ તમામનો સાર એકસરખો છે કે, આંતરિક પ્રકાશનો આનંદ લેવો,તેમજ આત્મા અથવા તમામ વસ્તુઓનું પાયામાં આ જ સત્ય છે. બીજું કારણ એ છે કે રામનું અયોધ્યામાં આગમન વનવાસ અને યુદ્ધમાં રાવણના મૃત્યુ પછી ૧૪ વર્ષે અયોધ્યાના રાજા રામ પોતાની પત્ની સીતા અને ભાઈ લક્ષ્મણ સાથે અયોધ્યા પરત ફર્યા, તેની ખુશીમાં પણ દિવાળી ઉજવવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે અંધકારભર્યા માર્ગમાં પ્રકાશ પાથરવા માટે અયોધ્યાના લોકોએ ઘીના દીવા કર્યા હતા.

દક્ષિણ ભારતમાંથી રામે પોતાના ઉત્તર ભારતમાં તેમના રાજ્ય તરફ મુસાફરી કરી હોવાથી તેઓ પહેલા દક્ષિણમાંથી પસાર થયાં હતા.આ કારણથી દક્ષિણ ભારતમાં આ તહેવાર એક દિવસ વહેલો ઉજવાય છે. આમ તો દિવાળીનો તહેવાર સૌના જીવનમાં ખુશાલી વ્યાપે એના માટે ઉજવવામાં આવે છે, અને રાવણ જેવા અહંકાર અને અસત્યનો પૃથ્વી પરથી નાશ થયો છે, હવે કેવળ અને કેવળ રામ તત્વ સમગ્ર ધરા પર વ્યાપ્ત છે એવા અહોભાવથી આ તહેવાર મનાવવામાં આવે છે, એટલે આપણા અંતર માનસમાં અહમ રૂપે કે અસત્ય રૂપે જોરાવર બિરાજમાન હોય તો આ દિવાળીએ ને સમાપ્ત કરી અને માનસ ચોખ્ખું ચણાક કરવાનું છે. આમ તો હિન્દુ સંસ્કૃતિ માં રામ રાવણ અને રામાયણ વિશે સૌ કોઈ જાણે જ છે, રામ એટલે સત્ય અને રાવણ એટલે અસત્ય, રાજા રામની પત્ની સીતા માતાનું હરણ કરીને રાવણ લંકામાં લઈ જાય છે અને સીતા માતાને પાછા મેળવવા માટે રામ અને રાવણ નું યુદ્ધ થાય છે તેમાં રામ નો વિજય થયો એટલે કે અસત્ય પર સત્યનો વિજય થયો, ત્રેતાયુગમાં પરિસ્થિતિ શું હશે તે ખબર નથી. પરંતુ હાલ તો દરેક જીવમાં રાવણ અને રામ બંને છે માટે આપણે આ દિવાળીના પરબ પર સંકલ્પ કરીએ કે રામ તત્વ પર રાવણ તત્વ પર ક્યારે હાવી ન થાય, એટલે કે અસત્યથી સત્ય દબાઈ જાય નહીં, કે પછી અંધારું અજવાળા પર આવી જાય નહિ. સૌના જીવન સત્યાદિત પ્રકાશમય રહે, અને આ તહેવાર જેવી ખુશાલી કાયમ રહે, અને સમાજમાંથી બદીનો નાશ થાય.રામ રાજ્યની પરિકલ્પના જે, આપણા બધા જ બુદ્ધ પુરુષો એ જોઈ હતી તે આપણે પરિપૂર્ણ કરી, અને વિશ્વમાં ભારતને પણ પ્રકાશમય બનાવીએ,આવો એક શુદ્ધ સંકલ્પ ઈશ્વર ચરણે રાખીએ, સૌના જીવન આ દીપાવલી દીવડા જેમ ઝગમગ થાય,આવનારું વર્ષ દરેક માટે શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ બની રહે,તેમજ માનવી માનવતા ના પરમ ધર્મથી જીવનમાં સાચી શાંતિને આનંદ પ્રાપ્ત કરી ઈશ્વરના સચ્ચિદાનંદ સ્વરૂપની ઝાંખી કરીને અનુભવે એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશુ નવા ચિંતન મનન, સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# તમારા જીવન રથની લગામ ભગવાનને સોંપી દેશો, તો તે સમયે પ્રભુ રથ જરૂર સહી સલામત પાર ઊતારશે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



સંસારમાં સુખની આશાએ લોકો બહુ પરિશ્રમ કરે છે, તેટલો પરિશ્રમ ભાગવતસેવા કરવામાં અને દુઃખમય રે તો સુખી થાય. લાકી સંસારનું સુખ દરાજને ખંજવાળવા જેવું છે. ખુજલીને ખંજવાળો એટલે સુખ જેવું ભાસે છે, પરંતુ ઊલટું દરાજ વધે છે અને ત્રાસ આપે છે.આ સુખ તુચ્છ જ છે. ડાહ્યો માણસ કોણ? શું નિત્ય છે ને શું અનિત્ય છે તે જાણે તે ડાહ્યો. ગીતામાં ભગવાન કહે છે કે,ઇન્દ્રિયો તથા વિષયોના સંયોગ થી ઉત્પન્ન થતાં ભોગો કેવળ દુઃખ નું જ કારણ છે કે, તે આદિ અને અંતવાળા એટલે કે અનિત્ય છે. પ્રહલાદજી બાળક છે,પણ સમજે છે કેટલું બધું? અનિત્ય પદાર્થોના સેવનથી નિત્ય સુખની પ્રાપ્તિ થતી નથી, પછી એનો મોહ શું,એવું વિચારી એ પ્રભુને કહે છે કે,હું બધાથી કંટાળી ગયો છું.ત્યારે પ્રભુ કહે છે કે,તો ચાલ તને મારા ધામ માં લઈ જાઉં! ત્યાં તારા સુખનો પાર ન એ! પણ પ્રહલાદ એકલો જવાની ના પડે છે. એ તો કહે છે કે,હું મારા બધા ગોઠિયા ઓને લઈને જાઉં. એકલા એકાંતમાં ભજન કરનારા અને તપશ્ચર્યા કરનારા પોતાની જાતનો જ ઉદ્ધાર કરે છે.પોતાની જાતનો ઉદ્ધાર કરનારા સ્વાર્થી છે. સંગમાં આવેલા દરેકને તારે તે વૈષ્ણવ.મને જે આપ્યું હોય તે બીજાને આપો,એટલે પ્રહલાદ કહે છે, હું એકલપેટો નથી.મિત્રોને લઈ તમારા ધામમાં આવીશ. જ્ઞાન પણ આપો ને ધન પણ આપો. ભાગવત તો ત્યાં સુધી કહે છે કે, પોતાનું પેટ ભરાય એટલા જ ધન પર માણસનો અધિકાર છે. એના થી વધારે પર જે હક તે ચોર છે. અનન્ય ભક્તિનાં છ સાધનો છેઃ પ્રાર્થના, સેવાપૂજા, સ્તુતિ, કીર્તન અને વંદન, નામસ્મરણ અને સત્સંગ,કથા શ્રવણ. આ છ સાધનો કરે તેને પ્રભુચરણમાં ભક્તિ મળે છે, અનન્ય ભક્તિ પ્રાપ્ત થાય છે. સ્તુતિના છેલ્લા શ્લોકમાં પ્રહલાદે કહ્યું છે:સૌથી પહેલું કામ પ્રાર્થનાનું કરવું. ઊઠતા વેત ઈશ્વરની પ્રાર્થના કરો,પછી ધરતી માતાને વંદન કરો. કર દર્શન કરવાં. સવારમાં હાથ જોવા એવો રિવાજ છે. તેનો અર્થ એ છે કે, હાથથી એવાં પવિત્ર કર્મો કરીશ કે ભગવાનને મારે ઘરે આવવાની ઈચ્છા થાય.

હું કલ્યાણ રૂપ બનીશ ને કલ્યાણ કાર્ય કરીશ તેવો આ હાથનો સંકલ્પ છે, કારણ કે હાથ એ ક્રિયા શક્તિનું રૂપ છે. હાથનાં આંગળામાં લક્ષ્મીનો વાસ છે. હાથના મૂળમાં સરસ્વતી વસે છે ને હાથની મધ્યમાં ભગવાન વસે છે. તે ત્રણેનું સ્મરણ કરી કર દર્શન કરવું. પણ હવે તો પ્રભાતે કર દર્શનમ્ ને બદલે પ્રભાતે કપ દર્શન મ્ થાય છે. અર્જુને જેમ પોતાના રથની લગામ ભગવાનને સોંપી હતી,તેમ તમે પણ તમારા જીવન રથની લગામ ભગવાનને સોંપી દેશો,તો તે સમયે પ્રભુ રથ જરૂર સહી સલામત પાર ઊતારશે. એ સિવાય રથને ઊગાર વાનો બીજો રસ્તો પણ નથી.પછી સ્નાન કરી પ્રભુની એકાંતમાં ઉપાસના કરો,સેવા કરો.ત્રીજું સાધન છે.સ્તુતિ.પ્રભુના ગુણ ગાઓ મંગળ સ્તુતિગાઓ,મંગલ જ થશે. સ્તુતિ પછી એકાંતમાં બેસી પ્રભુના નામનું કીર્તન કરો. કીર્તનથી પ્રાણ પ્રભુની કૃપામાં સ્થિર થાય છે. ધંધો કરતાં પણ પ્રભુ નામ સ્મરણ ચાલુ રાખવું. પ્રભુના લાડીલા સાચા સંતોનો સંગ કરવો અને તેમને મુખેથી રામાયણ ભાગવતનું કથા શ્રવણ કરવું.બને તો રોજ કથા સાંભળો. કથા સાંભળવાનું ન બને તો કથા વાંચો. આમ દિવસભર સમસ્ત કર્મોનું સમર્પણ કરવું. રાત્રે સૂતા પહેલાં કરેલાં કર્મોનો વિચાર કરો અને કરેલાં કર્મોનું ફળ પ્રભુને અર્પણ કરો. મારે હાથે પ્રભુને ગમે તેવું કાર્ય થયું છે? તેવું કાર્ય ન થયું હોય એવો અંદરથી જવાબ આવે તો સમજવું, જીવ્યો નથી પણ મર્યો અને જો કંઈ પાપ થયું હોય તો તેનું પ્રાયશ્ચિત્ત કરો.આ છ સાધન વિધિપૂર્વક કરો તો જીવન સુધરે છે.તેને અનન્ય ભક્તિ મળે છે. નૃસિંહ સ્વામી પ્રહલાદને વરદાન માગવા કહે છે, પણ પ્રહલાદ નિષ્કામ ભક્ત છે, તે કંઈ ભોગો વગેરે માગતા નથી.કારણ કે પ્રભુ ની સેવા કરે અને બદલામાં ભોગ માગે તો તે વાણિયો કહેવાય ભગવાનની ભક્તિ ભગવાન માટે કરો,ભોગ માટે નહીં.

વાણિયો એટલે વાણિયા ને ઘરે જન્મ્યોએ નહીં,પણ જે થોડું આપી વધારાની અપેક્ષા રાખે તે વાણિયો.પ્રહલાદ કશું માગતો નથી ચારે નૃસિંહ ભગવાન પ્રસન્ન થઈ કહે છે કે, મને રાજી કરવા કંઈક માગ. પ્રહલાદે માગ્યું, નાથ, એવી કૃપા કરો કે, સંસારનું કોઈ પણ સુખ ભોગવવાનો વિચાર પણ મારા મનમાં ન આવે. મારા હૃદયમાં કોઈ દિવસ કોઈ કામનાઓનું બીજ અંકુરિત ન થાય એવું વરદાન આપો.પ્રહલાદ ભગવાન પાસે જે માગ્યું તે રોજ તમે પણ ભગવાન પાસે માગો. કામના બોલ્યા નથી, કામનાઓ બોલ્યા છે. વાસનાનો સ્વભાવ એવો છે કે, કદી તૃપ્ત થવું જ નહીં.

જરાક સંતોષવા તાં વધુ ને વધુ અસંતોષ ઊભો થતો જાય છે. સંસારસુખ ભોગવવાની ઈચ્છા એ જ મહાદુઃખ ને છે. જેને કોઈ સુખ ભોગવવાની ઈચ્છા નથી એ જ સુખી છે. એ દુઃખમાંથી હું બચ્યું તેટલું જ ઘણું છે. એમ સમજીએ તો તે મોટામાં મોટું સુખ છે. માટે મન ઉપર સર્વદા ભક્તિનો અંકુશ રાખો.ગીતામાં સર્વ કામ્ય કર્મનો ત્યાગ કરવાનું કહ્યું છે.સર્વ ઈચ્છા ઓનો ત્યાગ એને જ મહાત્માઓ સંન્યાસ કહે છે. જે આ રહસ્ય જાણે છે તે જ બધું જાણે છે. જીવ નિષ્કામ બને છે ત્યારે જીવ નો જીવભાવ નષ્ટ થાય છે અને પછી તે ભગવાન સાથે એક થાય છે. જીવ ઈશ્વરરૂપ બને છે. મુક્તિમાં પુણ્ય પણ બાધક થાય છે,માટે વિવેકથી પાપપુણ્યનો ક્ષય કરો. પ્રભુના સ્વરૂપનું સતત ધ્યાન ધરો. પાપ એ લોહીની બેડી છે. પુણ્ય એ સોનાની બેડી છે, માટે એ બંને બેડીઓનો નાશ કરી મુક્ત બનો! પુણ્યનો પણ મોહ ન રાખો. ન છેલ્લે પ્રહલાદ કહે છે,નાથ મારા પિતાની દુર્ગતિ ન થાય એવી કરો!કૃપા આનું નામ સુપુત્ર! પિતા નું સર્વથા હિત ઈચ્છે એટલે સાંસારિક હિત નહીં પણ આત્મિક આધ્યાત્મિક હિત ઈચ્છે એ સુપુત્ર એ પુત્ર પિતાનો ને કુળનો તારનારો ગણાય. નૃસિંહસ્વામી કહે છે, તારા સત્કર્મના પ્રતાપે તારા પિતાની સદ્ગતિ થશે. તારા જેવા પુત્રથી એકવીસ પેઢીનો ઉદ્ધાર થાય છે. સાત માતૃપક્ષની, સાત પિતૃપક્ષની અને સાત શ્વસુર પક્ષની. આજ સુધી કોઈ દૈત્યને-રાવણ-શિશુ પાલ વગેરેને પ્રભુએ ખોળામાં લીધા નથી, પણ પ્રહલાદ ને કારણે તેના પિતાને ગોદમાં લીધો છે. પ્રહલાદ જેવો ભગવદ્ ભક્ત પિતાને તારે તેમાં શું આશ્ચર્ય છે? છોકરો સદાચારી હોયને માતા પિતા દુરાચારી હોય તો પણ તેમને સદ્ગતિ પ્રાપ્ત થાય છે.છોકરો દુરાચારી હોય ને,માતા પિતા સદા ચારી હોય તો પણ તેમની દુર્ગતિ થાય છે.એક હંસ અને હંસી આનંદથી રહેતાં હતાં. હંસી સુંદર હતી.ફરતાં ફરતાં એક દિવસ સાંજ પડી ગઈ.તેથી બંને એક વૃક્ષ ઉપર આવ્યાં છે. ત્યાં કાગડાનો માળો હતો.હંસે રાત રહેવા માગણી કરી.કાગડાએ હંસ હંસીને પોતાના માળામાં રહેવા દીધા બીજા દિવસે કાગડો હંસને કહે,હંસી હતી. તે બંને ન્યાયાધીશ પાસે ન્યાય માટે ગયા. ન્યાયાધીશ કહે. તમારી હકીકત સાંભળ્યા પછી હું ન્યાય આપીશ. કાગડો વધુ હોશિયાર. એકલો ન્યાયાધીશને મળવા ગયો અને ન્યાયાધીશને કહે, હંસી કાગડાની છે, એવો ન્યાય આપશો તો તમારા પિતૃઓ કઈ યોનિમાં છે તે હું તમને બતાવીશ. કાગડો પિતૃદ્ભૂત કહેવાય છે. એટલે પિતૃઓની વાત જાણવાના લોભે ન્યાયાધીશ તેમાં ફસાયો. બીજે દિવસે ન્યાયાધીશે નિર્ણય આપ્યો. તેણે કહ્યું,હંસીને જે પહેલો આંબી જાય તેની હંસી કાગડો પહેલો હંસીને આંબી ગયો. ન્યાયાધીશ કહે કે, હંસી-કાગડાની છે. તે પછી ન્યાયાધી કાગડાને પૂછે છે કે, મારાં માતાપિતા ક્યાં છે તે બતાવ? કાગડો તેને એક ઊકરડા પાસે લઈ ગયો અને કહ્યું,આ કીડી તારી મા છે અને મંકોડો તારો પિતા છે. ન્યાયાધીશ બાપડો શરમાઈ ગયો. કહે કે આવું હોય નહીં, ત્યારે કાગડો કહે કે, જેનો પુત્ર આવો ખોટો ન્યાય આપે તેનાં માતાપિતાની આવી જ ગતિ થાય છે.જે પિતા પુત્રને સારા સંસ્કાર ન આપે તે પિતા પુત્રનો વેરી છે. તે પોતાનું ને પુત્રનું બેયનું બગાડે છે. ભગવાનના મારમાં પણ દયા છે. શિશુપાલ વેરભાવથી ભગવાનનું ચિંતન કરતો ભગવાનમય બન્યો હતો. કંસ ભયથી ભગવાનનું ચિંતન કરતો ભગવાનમય બન્યો હતો. કામભાવથી ગોપીઓની તન્મયતા થઈ હતી. દઢ વેરભાવથી અથવા તો ભક્તિભાવથી, ભયથી સ્નેહથી કે કામનાથી કોઈ પણ રીતે ભગવાનમાં મનુષ્યે પોતાનું મન સંપૂર્ણપણે લગાવવું જોઈએ.

## સર્જનાત્મકતા એક પ્રક્રિયા છે, ઘટના નથી



સફરજનના ઝાડની છાયા નીચે ઊભા રહીને સર આઈઝેક ન્યૂટને એક સફરજન જમીન પર પડતું જોયું. ''તે સફરજન હંમેશા જમીન પર કાટખૂણે કેમ ઉતરવું જોઈએ,'' ન્યૂટને આશ્ચર્ય કર્યું. ''શા માટે તે બાજુમાં અથવા ઉપર તરફ ન જવું જોઈએ, પરંતુ સતત પૃથ્વીના કેન્દ્રમાં જવું જોઈએ? ખાતરીપૂર્વક, કારણ એ છે કે, પૃથ્વી તેને ખેંચે છે. દ્રવ્યમાં દોરવાની શક્તિ હોવી જોઈએ.'' અને આમ, ગુરુત્વાકર્ષણની વિભાવનાનો જન્મ થયો. ઘટી સફરજનની વાર્તા સર્જનાત્મક ક્ષણના કાયમી અને પ્રતિષ્ઠિત ઉદાહરણોમાંનું એક બની ગયું છે. તે પ્રેરિત પ્રતિભાનું પ્રતીક છે જે તે ''યુરેકા ક્ષણો'' દરમિયાન તમારા મગજને ભરે છે જ્યારે સર્જનાત્મક પરિસ્થિતિઓ એકદમ યોગ્ય હોય છે. જો કે, મોટાભાગના લોકો જે ભૂલી જાય છે તે એ છે કે ન્યૂટને ગુરુત્વાકર્ષણ વિશેના તેમના વિચારો પર લગભગ વીસ વર્ષ સુધી કામ કર્યું, જ્યાં સુધી, ૧૬૮૭માં, તેમણે તેમનું ગ્રાઉન્ડબ્રેકિંગ પુસ્તક, ધ પ્રિન્સિપિયા: મેથેમેટિકલ પ્રિન્સિપલ્સ ઓફ નેચરલ ફિલોસોફી પ્રકાશિત કર્યું. પડતું સફરજન એ ફક્ત વિચારોની ટ્રેનની શરૂઆત હતી જે દાયકાઓ સુધી ચાલુ રહી. સર્જનાત્મક વિચારસરણી માટે આપણા મગજને મોટે ભાગે અસંબંધિત વિચારો વચ્ચે જોડાણ બનાવવાની જરૂર છે. શું આ એક એવી કૌશલ્ય છે કે જેની સાથે આપણે જન્મ્યા છીએ કે આપણે પ્રેક્ટિસ દ્વારા વિકસિત કરીએ છીએ? ચાલો જવાબ શોધવા માટે સંશોધન જોઈએ. ૧૯૬૦ ના દાયકામાં, જ્યોર્જ લેન્ડ નામના સર્જનાત્મક પ્રદર્શન સંશોધકે ૧,૬૦૦ પાંચ વર્ષના બાળકોનો અભ્યાસ હાથ ધર્યો હતો અને ૯૮ ટકા બાળકોએ ''ઉચ્ચ સર્જનાત્મક'' શ્રેણીમાં સ્કોર કર્યો હતો. ''હું ફક્ત સર્જનાત્મક પ્રકારનો નથી'' એવો દાવો કરવો એ સર્જનાત્મક વિચારસરણીને ટાળવા માટેનું એક નબળું બહાનું છે. ચોક્કસપણે, કેટલાક લોકો અન્ય કરતા વધુ સર્જનાત્મક બનવા માટે પ્રેરિત છે. જો કે, લગભગ દરેક વ્યક્તિ સર્જનાત્મક કૌશલ્યના અમુક સ્તર સાથે જન્મે છે અને આપણી મોટાભાગની સર્જનાત્મક વિચારસરણી ક્ષમતાઓ પ્રશિક્ષિત છે. હવે જ્યારે આપણે જાણીએ છીએ કે સર્જનાત્મકતા એ એક કૌશલ્ય છે જેને સુધારી શકાય છે, ચાલો શા માટે અને કેવી રીતે-અભ્યાસ અને શીખવાની તમારા સર્જનાત્મક આઉટપુટને અસર કરે છે તે વિશે વાત કરીએ. જ્યારે તે જ બાળકો ૧૦ વર્ષના હતા, ત્યારે માત્ર ૩૦ ટકાએ અત્યંત સર્જનાત્મક શ્રેણીમાં સ્કોર કર્યો હતો.

## વાળને સિલ્કી અને શાઇની કરી દો આ હેર પેકથી, ખરતા વાળ પણ બંધ થઇ જશે

તમારા વાળ રફ છે તો આ ઘરેલુ ફેસ પેકથી તમે સિલ્કી અને શાઈની કરી શકો છો. આ હેર પેક વાળ માટે સૌથી બેસ્ટ સાબિત થાય છે. આ હેર પેક તમે સરળતાથી ઘરે બનાવી શકો છો. દરેક લોકોની એવી ઈચ્છા હોય છે કે મારા વાળ સિલ્કી અને શાઈની હોય. સિલ્કી અને શાઈની વાળ માટે છોકરીઓ જાતજાતની હેર પ્રોડક્ટ્સનો ઉપયોગ કરતી હોય છે. પરંતુ તમે નેચરલી રીતે વાળને સિલ્કી કરો છો તો કોઈ નુકસાન થતુ નથી. બહારની કેમિકલ પ્રોડક્ટ્સથી વાળને લાંબે ગાળે નુકસાન થાય છે. આ માટે વાળ ખરવા લાગે છે અને સાથે ગ્રોથ વધતો અટકી જાય છે. પરંતુ તમે હોમમેડ હેર પેકથી વાળને નેચરલી રીતે સિલ્કી અને શાઈની કરી શકો છો. તો જાણો ઘરે કેવી રીતે આ હેર પેક બનાવશો. આ હેર પેક બનાવવા માટે સૌ પ્રથમ ત્રણ ચમચી મહેંદી, એક ચમચી સીરમ, વિટામીન ઈ કેપ્સુલ, એક ચમચી જાસુદના ફૂલનો પાવડર, એક ચમચી આંમળાનો પાવડર. આ હેર પેક બનાવવા માટે ઉપર જણાવ્યા મુજબની વસ્તુઓ એક બાઉલમાં લઈ લો. આ પેક તમારે ચાના પાણીમાં પલાળવાનો રહેશે. આ માટે એક ગ્લાસ પાણી મુકો અને એમાં બે ચમચી ચા પત્તી નાખો.



ત્યારબાદ પાણીને બરાબર ઉકાળો. હવે આ પાણીને નોર્મલ રીતે ઠંડુ થવા દો. પાણી ઠંડુ થઈ જાય એટલે બધી વસ્તુઓ એક બાઉલમાં લઈને જરુર મુજબ પાણી નાખો. તો તૈયાર છે આ હેર પેક. આ હેર પેક ૨૦ રૂપિયામાં ઘરે બની જશે. આ હેર પેકને અડધો કલાક માટે એમ જ રહેવા દો. અડધો કલાક પછી આ હેર પેક વાળમાં લગાવો અને એક કલાક માટે રહેવા દો. ત્યારબાદ નોર્મલ પાણીથી હેર વોશ કરી લો. આ સમયે તમારે વાળમાં કન્ડિશનર લગાવવાનું નથી. ત્યારબાદ બીજા દિવસે વાળમાં તેલ નાખી દો. આ હેર પેક તમારે અઠવાડિયામાં એક વાર લગાવવાનો રહેશે. આ હેર પેકથી વાળ મસ્ત સિલ્કી અને શાઈની થઈ જાય છે. આ હેર પેક તમે રેગ્યુલર વાળમાં લગાવો છો તો વાળ મસ્ત સિલ્કી અને શાઈની થઈ જાય છે. આ હેર પેકથી હેર ફોલ પણ કંટ્રોલમાં થઈ જશે.

આ હેર પેક તમે રેગ્યુલર વાળમાં નાખો છો તો સિલ્કી અને શાઈનીની સાથે હેર ફોલ કંટ્રોલ થઈ જશે. વાતાવરણમાં ફેરફાર અને કેમિકલ યુક્ત પ્રોડક્ટના ઉપયોગના કારણે ધીરે ધીરે વાળ ડર અને ડેમેજ થઈ જાય છે. વાળમાંથી મોઈશ્ચર ગાયબ થઈ જાય તો વાળ રફ અને ડ્રાય દેખાવા લાગે છે. આ રીતે ડ્રાય અને રફ થયેલા વાળને અંદરથી પોષણ મળે તે ખૂબ જ જરૂરી થઈ જાય છે. વાળની ડ્રાયનેસ અને ફ્રીઝીનેસને એકવારમાં જ દૂર કરવી હોય તો કેટલાક હેર માસ્ક તમને મદદ કરી શકે છે. આજે તમને એવા ચાર હેર માસ્ક વિશે જણાવીએ જેની મદદથી વાળની ડ્રાયનેસ દૂર થાય છે. આ હેર માસ્કનો એકવાર ઉપયોગ કરશો ત્યાં જ તમને રીઝલ્ટ દેખાવા લાગશે. તેના માટે એક વાટકીમાં એક મોટી ચમચી દહીં લઈ તેમાં મધ મિક્સ કરો. આ બંને વસ્તુને વાળમાં લગાડતા પહેલા વાળને ભીના કરો અને પછી ૪૫ મિનિટ સુધી આ પેસ્ટને વાળમાં લગાડો. ડ્રાયનેસ ને દૂર કરવા માટે એક બાઉલમાં એક ઈંડું લેવું અને તેમાં અડધા લીંબુનો રસ ઉમેરો તેને સારી રીતે મિક્સ કરીને વાળમાં આ પેસ્ટને ૪૦ મિનિટ સુધી લગાડી રાખો. ત્યાર પછી માઈલ્ડ શેમ્પૂથી વાળ ધોઈ લેવા.

## તમારે તમારી સમસ્યાઓ માટે જવાબદારી લેવી જ જોઇએ

આપણી સમસ્યાઓ માટે વિશ્વને દોષી ઠેરવવો એ સરળ માર્ગ છે. તે આકર્ષક છે અને તે સંતોષકારક પણ હોઈ શકે છે. જ્યારે આપણે અન્યને દોષી ઠેરવીએ છીએ, ત્યારે આપણે પીડિત બનીએ છીએ અને આપણા પર કરવામાં આવેલા તમામ ભયંકર અન્યાય માટે આપણે બધા ઈમો અને ગુસ્સે થઈએ છીએ. આપણે આપણી કાલ્પનિક પીડિતતામાં ડૂબી જઈએ છીએ જેથી કરીને આપણી જાતને એવી રીતે અનન્ય અને વિશિષ્ટ અનુભવી શકાય કે જેમાં આપણે બીજે ક્યાંય અનન્ય અને વિશિષ્ટ અનુભવ ન કરી શકીએ. પરંતુ આપણી સમસ્યાઓ અનન્ય નથી. અને અમે ખાસ નથી. તમારા પોતાના જ્ઞાનની અપૂર્ણતાને સ્વીકારવાની સુંદરતા એ છે કે તમે હવે ખાતરી કરી શકતા નથી કે તમે તમારી પોતાની સમસ્યાઓ માટે દોષિત નથી.



શું તમે ખરેખર ટ્રાફિકને કારણે મોડા પડ્યા છો? અથવા તમે અગાઉ છોડી શક્યા હોત? શું તમારો ભૂતપૂર્વ ખરેખર સ્વાર્થી ગધેડો છે? અથવા તમે તેની તરફ ચાલાકી અને વધુ પડતી માંગ કરી રહ્યા હતા? શું તે ખરેખર તમારા મેનેજરની અસમર્થતા છે જેણે તમને તમારું પ્રમોશન ગુમાવ્યું? અથવા તમે કંઈક વધુ કરી શક્યા હોત? સત્ય સામાન્ય રીતે ''બંને'' ની આસપાસ હોય છે, જો કે તે પરિસ્થિતિ પ્રમાણે બદલાય છે.

પરંતુ મુદ્દો એ છે કે તમે ફક્ત તમારી પોતાની અપૂર્ણતાને સુધારી શકો છો અને અન્યની અપૂર્ણતાઓને નહીં. તમારું સ્વ, તમારું નિયંત્રણ, તમારું કાર્ય. તેથી તમે પણ પ્રારંભ કરી શકો છો. ચોક્કસ, છી થાય છે. તે તમારી ભૂલ નથી કે એક દારૂના નશામાં ડ્રાઈવરે તમને ટક્કર મારી અને તમે ખોટા સર્જરીમાં તમારો પગ ગુમાવ્યો. પરંતુ શારીરિક અને ભાવનાત્મક રીતે, તે નુકસાનમાંથી પુનઃપ્રાપ્ત કરવાની જવાબદારી તમારી છે. તેથી સ્વસ્થ થાઓ. તમારા જીવનની સમસ્યાઓ માટે અન્યને દોષી ઠેરવવાથી તમને ટૂંકા ગાળાની રાહત મળી શકે છે, પરંતુ આખરે તે કંઈક સંપૂર્ણપણે કપટી સૂચવે છે: કે તમે તમારા પોતાના ભાગ્યને નિયંત્રિત કરવામાં અસમર્થ છો. અને તે બધાની સાથે રહેવા માટે સૌથી નિરાશાજનક ધારણા છે.

## જાણો સુખની છુપી કિંમત



કોઈપણ જેણે ક્યારેય અર્થશાસ્ત્રનો વર્ગ લીધો છે તેણે આ વાક્ય સાંભળ્યું છે, ''મફત લંચ જેવી કોઈ વસ્તુ નથી.'' દરેક વસ્તુની કિંમત હોય છે, પછી ભલે તે કિંમત હંમેશા તરત જ દેખાતી ન હોય. કંઈપણ પ્રાપ્ત કરવા માટે, તમારે બીજું કંઈક છોડવું જોઈએ. આજની ખુશહાલીથી ભરેલી સંસ્કૃતિમાં, મોટા ભાગના લોકો તેનાથી વિપરિત છે: આપણે કોઈ ખર્ચ વિના અને તમામ લાભો વિના ખુશ રહેવા માંગીએ છીએ. અમે જોખમો વિના પારિતોષિકો ઈચ્છીએ છીએ, પીડા વિના લાભ. વ્યંગાત્મક રીતે, તે કંઈપણ બલિદાન આપવા માટે આ અનિચ્છા છે જે આપણને વધુ દુઃખી બનાવે છે. સુખની કિંમત હોય છે. સુખ મફત નથી. અને કવર ગર્લ અથવા ટોની રોબિન્સ અથવા દલાઈ લામાએ તમને એકવાર કહ્યું હોવા છતાં, કેવી રીતે ખુશ રહેવું તે શોધવાનું હંમેશા સરળ નથી. ખુશ રહેવાની 'કેવી રીતે' શોધવાનું શરૂ કરવું તે અહીં છે. પૂર્ણતા એક આદર્શીકરણ છે. તેનો સંપર્ક કરી શકાય છે પરંતુ ક્યારેય પહોંચી શકાતો નથી. ''સંપૂર્ણ'' ની તમારી કલ્પના તમારા નાના માથામાં ગમે તે હોય, તે પોતે જ એક અપૂર્ણ અપ્રાપ્ય વિચાર છે. વાસ્તવિકતામાં તેમ છતાં, તે અસ્તિત્વમાં નથી. સંપૂર્ણતા શું છે તે આપણે નક્કી કરવાનું નથી. આપણે એટલું જ જાણી શકીએ છીએ કે અત્યારે જે છે તેના કરતાં શું સારું કે ખરાબ છે. અને પછી પણ આપણે ઘણીવાર ખોટા હોઈએ છીએ. જ્યારે આપણે સંપૂર્ણ શું છે અને શું હોવું જોઈએ તે અંગેની આપણી કલ્પનાને છોડી દઈએ છીએ, ત્યારે આપણે અમુક મનસ્વી ધોરણો સુધી જીવવાના તણાવ અને હતાશામાંથી મુક્ત થઈએ છીએ. અને સામાન્ય રીતે, આ ધોરણ આપણું પણ નથી! તે એક માનક છે જે અમે અન્ય લોકો પાસેથી અપનાવ્યું છે. અપૂર્ણતાને સ્વીકારવી અઘરી છે કારણ કે તે આપણને એ સ્વીકારવા દબાણ કરે છે કે આપણને ન ગમતી વસ્તુઓ સાથે જીવવું પડશે. અમે નિયંત્રણને પકડી રાખવા માંગીએ છીએ અને સમગ્ર વિશ્વને જણાવવા માંગીએ છીએ કે પશ્ચિમી લોકશાહી કેવી હોવી જોઈએ અને શા માટે ગેમ ઓફ થ્રોન્સની સીઝનની સમાપ્તિ કદાચ અત્યાર સુધીની સૌથી ખરાબ વસ્તુ હતી. જો વિશ્વ મારી જરૂરિયાતો પૂરી કરશે, તો બધું સારું થઈ જશે. પરંતુ જીવન ક્યારેય આપણી બધી ઈચ્છાઓને અનુરૂપ નહીં હોય. ક્યારેય. અને આપણે હંમેશા કોઈને કોઈ રીતે, કંઈક વિશે ખોટું હોઈશું. વ્યંગાત્મક રીતે, તે આની સ્વીકૃતિ છે જે આપણને ખુશ રહેવાની મંજૂરી આપે છે, આપણને આપણી જાતમાં અને અન્યમાં રહેલી ખામીઓની કદર કરવાની મંજૂરી આપે છે. અને તે, મારા મિત્રો, સારી બાબત છે.

BOLLYWOOD NEWS FLASH



## સારાનો ક્રિકેટર શુભમન સાથેનો ફોટો વાયરલ

। મુંબઈ, તા.૯ ।

ડીપફેકના મામલા દિવસેને દિવસે વધતા જાય છે. અભિનેત્રી રશ્મિકા મંદાનાના વિડિયો બાદ ગઈકાલે ટાઈગર ૩ના એક સીનમાંથી કેટરિના કૈફનો નકલી ફોટો વાયરલ થયો હતો. હવે સચિન તેંડુલકરની પુત્રી સારા તેંડુલકરનો ડીપફેક ફોટો સામે આવ્યો છે. સારા તેંડુલકરનો ડીપફેક ફોટો વાયરલ થયા બાદ સોશિયલ મીડિયા પર લોકોની આ અંગે તીવ્ર પ્રતિક્રિયા આપતા જોવા મળી રહ્યા છે. સચિન તેંડુલકરની પુત્રી સારા તેંડુલકરનો ડીપફેક ફોટો મોડી સાંજથી સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ફેક ફોટોમાં સારા તેંડુલકર ક્રિકેટર શુભમન ગિલ સાથે જોવા મળી રહી છે. છેલ્લા ઘણા સમયથી ક્રિકેટર શુભમન ગિલ અને સારા તેંડુલકરનું નામ સોશિયલ મીડિયા પર ચર્ચાઈ રહ્યું છે. તેવામાં સારાનો ફોટો એડિટ કરીને સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યો છે.

## હાથમાં બંદૂક લઈને જોવા મળી અવની, બાજીરાવ સિંઘમ સહિત રોહિત શેટ્ટી સાથે આપી ૩ બ્લોકબસ્ટર ફિલ્મો

। મુંબઈ, તા.૯ ।

રોહિત શેટ્ટીની આગામી ફિલ્મ 'સિંઘમ અગેઈન'માંથી કરીના કપૂરનો લુક સામે આવ્યો છે. કોપ યુનિવર્સની આ ફિલ્મમાં કરીના બાજીરાવ સિંઘમની પત્ની અવનીના રોલમાં જોવા મળશે. રોહિત શેટ્ટીએ હાલમાં જ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર



કરીનાનો લુક જાહેર કર્યો છે. જે તસવીર સામે આવી છે, તેમાં કરીના કપૂર ઘાયલ હાલતમાં અને ખૂબ જ તીવ્ર દેખાઈ રહી છે, તેના હાથમાં બંદૂક છે. ફોટો જોઈને અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે તે આગામી ફિલ્મમાં પણ એક્શન કરતી જોવા મળશે. સવીર શેર કરતી વખતે રોહિત શેટ્ટીએ લખ્યું, સિંઘમની શક્તિને મળો, અવની બાજીરાવ સિંઘમ. અમે પહેલીવાર ૨૦૦૭માં સાથે કામ કર્યું હતું. અત્યાર સુધીમાં ૩ બ્લોકબસ્ટર થઈ ચૂકી છે. ગોલમાલ રિટર્ન્સ, ગોલમાલ ૩, સિંઘમ રિટર્ન્સ અને હવે અમે ચોથા પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છીએપસિંઘમ અગેન. ૧૬ વર્ષ લાંબો સહયોગ. કંઈ બદલાયું નથી, બેબો હજી પણ એવી જ છે, સરળ, મીઠી અને મહેનતુ. ફિલ્મ સિંઘમ અગેઈનનું શૂટિંગ ઓક્ટોબરથી હૈદરાબાદમાં શરૂ થઈ ગયું છે. કરીના કપૂરે આ ફિલ્મના શૂટિંગની શરૂઆતની માહિતી સોશિયલ મીડિયા દ્વારા ફ્લાઈંગ કાર સાથેની તસવીર સાથે શેર કરી હતી. આ ફિલ્મમાં ફિલ્મની લીડ કાસ્ટ કરીના કપૂર અને અજય દેવગનની સાથે ઘણા સ્ટાર્સ જોવા મળવાના છે. આ ફિલ્મમાં દીપિકા પાદુકોણ, રણવીર સિંહ, ટાઈગર શ્રોફ, અક્ષય કુમાર પણ મહત્વની ભૂમિકા ભજવવાના છે. ફિલ્મ સાથે જોડાયેલા પાત્રોના લુક્સ પણ સતત રિલીઝ થઈ રહ્યા છે. સિંઘમ ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ સિંઘમ અગેઈનમાં રોહિત શેટ્ટીની કોપ બ્રહ્માંડના ત્રણેય હીરો એકસાથે જોવા મળશે. તેમના કોપ બ્રહ્માંડમાં સિંઘમ (૨૦૧૧), સિંઘમ રિટર્ન્સ (૨૦૧૪), સિમ્બા (૨૦૧૮) અને સૂર્યવંશી (૨૦૨૧) ફિલ્મોનો સમાવેશ થાય છે. હવે અજય દેવગન, અક્ષય કુમાર અને રણવીર આ કોપ બ્રહ્માંડની આગામી ફિલ્મ સિંઘમ અગેઈનમાં સાથે જોવા મળશે.

## ઉતાવળમાં પ્રમોશન વગર જ રિલીઝ થઇ ધ લેડી કિલર

। મુંબઈ, તા.૯ ।

હાલમાં જ અર્જુન કપૂર અને ભૂમિ પેડનેકરની એક ફિલ્મ રિલીઝ થઈ છે. ૪૫ કરોડના બજેટથી બનેલી આ ફિલ્મનું નામ ધ લેડી કિલર છે. પરંતુ તમે આ ફિલ્મનું નામ ભાગ્યે જ સાંભળ્યું હશે.. કારણ કે ન તો આ ફિલ્મનું કોઈ પ્રમોશન થયું છે અને ન તો આ ફિલ્મને ઘણી સ્ક્રીન પર રિલીઝ કરવામાં આવી છે. એટલું જ નહીં, એવી પણ ચર્ચા છે કે મેકર્સે આ ફિલ્મને સંપૂર્ણપણે શૂટ કર્યા વિના જ સિનેમાઘરોમાં રિલીઝ કરી છે. હવે સવાલ એ થાય છે કે આવું કેમ થયું? અજય બહલ દ્વારા નિર્દેશિત આ ફિલ્મનું શૂટિંગ એપ્રિલ ૨૦૨૨માં શરૂ થયું હતું. રિપોર્ટ્સનું માનીએ તો ૪૫ કરોડ રૂપિયાના બજેટમાં બનેલી આ ફિલ્મ ઓવરબજેટ હતી. આવી સ્થિતિમાં તેમને ફરીથી શૂટ માટે રોકી દેવામાં આવ્યું હતું પરંતુ પછી નિર્માતા શૈલેષ આર સિંહે તેનું ફરીથી શૂટ રદ કર્યું હતું. તેનું શૂટિંગ ઑક્ટોબર સુધી અધૂરું હતું અને અંતિમ શેડ્યૂલ નવેમ્બરમાં શૂટ થવાનું હતું પરંતુ નિર્માતાઓએ આ ફિલ્મને અધૂરી જ રિલીઝ કરી દીધી હતી. નિર્માતાઓએ ૨૯ ઓક્ટોબરના રોજ તેનું ટ્રેલર રિલીઝ કર્યું અને ૩ નવેમ્બરે આ ફિલ્મ દેશભરના પસંદગીના થિયેટરોમાં અધૂરી રિલીઝ થઈ. તે પણ કોઈ પ્રમોશન વિના. કેટલાક મીડિયા અહેવાલો અનુસાર, ફિલ્મને થિયેટરોમાં ઉતાવળમાં રિલીઝ કરવામાં આવી હતી કારણ કે ફિલ્મના ડિજિટલ અધિકારો પહેલેથી જ વેચાઈ ચૂક્યા હતા. આવી સ્થિતિમાં તેની OTT રિલીઝ નિર્માતાઓ માટે જરૂરી હતી.



## સુહાગન લુકમાં પરિણીતી પહોંચી ડબિંગ સ્ટૂડિયોમાં

। મુંબઈ, તા.૯ ।

એક્ટ્રેસ પરિણીતી ચોપરાએ જ્યારથી આમ આદમી પાર્ટીના સાંસદ રાઘવ ચઢ્ઢા સાથે લગ્ન કર્યા છે ત્યારથી એ સતત કોઈને કોઈ રીતે ચર્ચામાં રહે છે. આ દિવસોમાં પરિણીતી સુહાગન લુકમાં લોકોને ફિદા કરી રહી છે. માથામાં સિંદૂર લગાવીને પરિણીતી પોતાના લુકમાં ચાર ચાંદ લગાવે છે. જો કે હાલમાં ફરી એક વાર પરિણીતી પોતાના લુકને લઈને ચર્ચાનો મુદ્દો બની છે. પરિણીતીનો આ લેટેસ્ટ વિડીયો સોશિયલ મિડીયામાં ધૂમ મચાવે છે. પરિણીતીના આ લુક પર તમે પણ ફિદા થઈ જશો. હાલમાં પરિણીતી એક ડબિંગ સ્ટૂડિયોની બહાર સ્પોટ થઈ. આ દરમિયાન એક્ટ્રેસ બ્લેક સ્વેટશર્ટ અને બ્લેક પેન્ટમાં જોવા મળી. આ સાથે પરિણીતી માંગમાં સિંદૂર લુકમાં જોવા મળી. આ લુકમાં પરિણીતી મસ્ત લાગતી હતી. જો કે આ દરમિયાન પરિણીતીમાં એક વસ્તુ મિસીંગ જોવા મળી જેના પર ફેન્સની નજર અટકી ગઈ. આ દરમિયાન પરિણીતીના હાથમાં લગ્નનો ચૂડો જોવા મળ્યો નહીં.



લગ્નનો ચૂડો ના જોવા મળતા ફેન્સ આ વિશે અનેક પ્રકારની કોમેન્ટ્સ કરી રહ્યા છે. કોમેન્ટ્સમાં લોકો પૂછી રહ્યા છે કે પરિણીતી બહુ સંસ્કારી છે, ત્યારે એ માથામાં સિંદૂર લગાવતી જોવા મળે છે. જો કે પરિણીતીનો આ લેટેસ્ટ વિડીયો હાલમાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે. આ વાયરલ વિડીયોમાં પરિણીતી સ્માર્ટ લાગી રહી છે. ઉલ્લેખનીય છે કે પરિણીતી ચોપરા અને રાઘવ ચઢ્ઢાએ ગયા મહિને રાજસ્થાનના ઉદેયપુરમાં લગ્ન કર્યા હતા. આ લગ્નમાં નજીકના મિત્રો અને પરિવારના સભ્યોએ હાજરી આપી હતી. આ કપલે ઉદેયપુરમાં હલ્દી સેરેમની, સંગીત અને મહેંદી જેવા અનેક ફંક્શનનું આયોજન કર્યુ હતુ, જ્યાં એમને એક રિસેપ્શનનું આયોજન પણ કર્યુ હતુ. લગ્નની રસમની શરૂઆત દિલ્હીમાં એક સૂફી નાઈટથી થઈ. આ ખાસ દિવસની શરૂઆત પરિણીતી અને રાઘવે પોસ્ટમાં સુંદર કેપ્શન લખીને કરી હતી. પરિણીતી ચોપરા હાલમાં મિશન રાનીગંજ: ધ ગ્રેટ ભારત રેસ્ક્યૂમાં અક્ષય કુમારની સાથે જોવા મળી હતી.

# ઝાલોદ સ્વામિનારાયણ મંદિરે અન્નકૂટ દર્શન સાથે દિવાળી સભા યોજાઈ

## ઉપસ્થિત સહુ હરિભક્તો માટે સામૈયો યોજાયો અને સહુ હરિભક્તો એ સાથે પ્રસાદ ગ્રહણ કર્યો

। પંકજ પંડિત ઝાલોદ, તા.૯ ।

તારીખ ૦૮-૧૧-૨૦૨૩ બુધવારના રોજ મુવાડા ચોકડી પર આવેલ સ્વામિનારાયણ મંદિરે સંતો દ્વારા અન્નકૂટના દર્શન સાથે દિવાળીની શુભેચ્છા નિમિતે દિવાળી સભા યોજાઈ હતી. આ દિવાળી સભાનો લાભ લેવા મોટાં પ્રમાણમાં સ્વામિનારાયણ સંપ્રદાયમાં માનતા હરિભક્તો નગરના આજુબાજુના વિસ્તારોમાંથી મંદિરે આવેલ હતા.



દિવાળી પહેલા યોજેલ દિવાળી સભામાં સંતવાણી આપવા આવેલ સંતો દ્વારા દિવાળીનો સાચો અર્થ શું તે સમજાવવામાં આવ્યું હતું. સંતો દ્વારા દિવાળી સભામાં સહુને વાણી દ્વારા અમૃત રસનું રસપાન કરાવવામાં આવ્યું હતું. સભામાં સંતો દ્વારા દિવાળી વિશે સમજ આપતા કહેવામાં આવ્યું કે દિવાળીમાં જેમ ઘરે દીપ પ્રગટાવીએ છીએ તેમ આપણે સહુ આપણી આત્માનો દીવો પ્રજ્વલિત કરીએ. આજના દિવસોમાં તહેવારો ઉજવવામાં ફક્ત ફોર્માલીટી થતી હોય તેમ લાગે છે. આજના જીવનમાં મનુષ્ય દરેક કાર્ય ફક્ત ફોર્માલીટી માટે કરતો હોય તેમ લાગે છે. દિવાળી ઉજવવામાં દિવાળુના નિકળે તેનું વિશેષ ધ્યાન રાખવું જોઈએ. દિવાળીમાં દીવો કરવો હોયતો પોતાની અંતરાત્માનો દીવો કરાય, દિવાળી હોય તો ઘરમાં બધું નવ કરતા હોઈએ તો વિચારો પણ નવા અને સારા લાવીએ. આપણે દિવાળી નિમિત્તે સારા સંબંધ હોય તેમને રાજી રાખવાનો પ્રયત્ન કરીએ છીએ તો જે સંબંધ સમજફેર થી તૂટયા હોય તો તે સંબંધને પણ મહત્વ આપી જૂનું બધું જતું કરી સંબંધમાં નવીનતા લાવીએ. રાજી કરવા હોય તો મહારાજને રાજી કરાય બાકી બધું વ્યર્થ છે. મહારાજની કૃપા લેવા સંબંધોમાં પૂર્વગ્રહ, હઠ, જીદ છોડો અને જેટલું જીવન જીવવાનું છે તેમાં કોઈ પણ વ્યક્તિ સાથે આટી કે વેરઝેર રાખ્યા વગર પ્રેમનો સંબંધ મજબૂત કરાય.

આ નવા વર્ષમાં આપણે નવી શરૂઆત કરીએ એક બીજાના મનની ગાંઠ છોડીએ એક બીજાના પુરાક બનીએ, અહંકાર છોડી સત્કાર્ય તરફ વળીએ જેના સાથે સંબંધો બગડયા છે તેના સાથે સંબંધોમાં મધુરતા લાવીએ. દિવાળીમાં મોઢું મીઠું કરવા જેમ મીઠાઈ ખાઈએ છીએ તેમ સંબંધોમાં મીઠાશ લાવીએ, ભૂતકાળને ભૂલી નવાં ભવિષ્ય તરફ આગળ વધીએ. સહુ સાથે બગડેલ સંબંધ જોડી સાચા અર્થમાં દિવાળી ઉજવીએ. એક કદમ સંબંધ સુધારવા આગળ વધીએ, કોઈ પણ વ્યક્તિમાં બુરાઈ ન જોઈએ, સત્કર્મ તેમજ સારી વાતો કરી લોકોના દિલ જીતીએ આવી સુંદર વિચારધારા ઉપસ્થિત સ્વામિનારાયણ સંતો દ્વારા કરવામાં આવી હતી. છેલ્લે સહુ હરિભક્તો માટે સામૈયાનુ આયોજન કરાયું હતું તેનો લાભ સહુ હરિભક્તો એ લીધો હતો.

# મોરબી જિલ્લામાં પસંદગી પામેલ નવનિયુક્ત ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) તેમજ જુનિયર ક્લાર્કને તાલીમ અપાઈ



। મોરબી, તા.૯ ।

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ - ગાંધીનગરની તાજેતરમાં સીધી ભરતીથી મોરબી જિલ્લામાં પસંદગી પામેલ નવનિયુક્ત ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) તેમજ જુનિયર ક્લાર્ક (વહીવટ/હિસાબ) સંવર્ગના કર્મચારીઓને નિષ્ણાંત અને અનુભવી અધિકારીઓ/કર્મચારીઓ પાસેથી તેઓની કામગીરી વિશે પ્રાથમિક માહિતી મળી રહે તેવા ઉદ્દેશથી મોરબી જિલ્લા વિકાસ અધિકારીશ્રી શ્રી દિગ્વિજયસિંહ ડી. જાડેજા (IAS)ના માર્ગદર્શન હેઠળ નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેકમ)શ્રી એન.ડી. કુગસીયા દ્વારા જિલ્લા પંચાયત-મોરબી ખાતે તા.૦૮/૧૧/૨૦૨૩ તથા તા.૦૯/૧૧/૨૦૨૩ના રોજ ૨(બે) દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમના પ્રથમ દિવસે તલાટી કમ મંત્રીના કાર્યો અને ફરજો, પંચાયત ધારો, ૧૯૯૩ની ગ્રામ પંચાયત લેવલે ઉપયોગી કલમોની જાણકારી, નાણાકીય ઔચિત્યતાના નિયમો, સરકારશ્રીની વિવિધ યોજનાઓ જેવી કે, **PMAY**, મનરેગા, સ્વચ્છ ભારત, ૧૫મું નાણાપંચ, આયોજનના કામો, ગ્રામ પંચાયતના આવકના સ્ત્રોતો, ઈ-ગ્રામ, ગ્રામ સ્વરાજ પોર્ટલ તેમજ ત્રિ-સ્તરીય પંચાયતની રચના અને કાર્યો તેમજ ગ્રામ, તાલુકા, જિલ્લાની સમિતિની રચના અને કાર્યો વિશે જિલ્લા પંચાયતના વરિષ્ઠ અધિકારી તેમજ વિષય નિષ્ણાંત તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ અને અનુભવી કર્મચારી અને તલાટી કમ મંત્રી દ્વારા આ તાલીમ આપવામાં આવી હતી.

# ઝાલોદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ તેમજ નગરનું ગૌરવ વધારતા પ્રોફેસર બી.એમ.ગોહીલ

## ગુજરાત રાજ્યકક્ષાએ એન.એસ.એસ યુનિટમાં સારી કામગીરી બદલ પ્રો.બી.એમ.ગોહીલનું સન્માન કરાયું




। ઝાલોદ, તા.૯ ।

ઝાલોદ નગરના દરેક સામાજિક કાર્યોમાં અગ્રેસર તેમજ નગરને જરૂર હોય તેવા કોઈ પણ સારા કાર્યોમાં સદાય સાથ આપનાર પ્રો.બી.એમ. ગોહીલ નગરને સદાય ગૌરવ અપાવનાર સેવાકીય કાર્યો કરતા આવતા હોય છે. ઝાલોદ નગરમાં વર્ષોથી વસવાટ કરનાર અને નગરની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં નોકરી કરનાર પ્રો.બી.એમ.ગોહીલનુ સન્માન રાજ્યકક્ષાએ કરવામાં આવ્યું હતું. આ રાજ્યકક્ષાના સમારંભમાં ભારતમાંથી જુદા જુદા રાજ્યો માંથી પ્રોફેસર આવ્યા હતા જેમાંથી સારા સેવક તરીકે એન.એસ.એસ યુનિટના પ્રો.બી.એમ.ગોહીલનુ સન્માન કરવામાં આવતા નગરજનો દ્વારા રૂબરૂ મળી તેમજ સોશિયલ મીડિયા મારફત શુભેચ્છાઓ આપવામાં આવી હતી. મારું ઝાલોદ મારા નગરનું ગૌરવ તરીકે સહુ લોકો અભિનંદન આપ્યા હતા.

# હસ્તકલા મેળાના માધ્યમ થકી લોકલ આર્ટીસ્ટ પાસેથી ચિજ વસ્તુઓ ખરીદવા અને વોકલ ફોર લોકલ બનવા જાહેર અપીલ કરતી રેઝીન આર્ટીસ્ટ ઉપીકા ગામીત

। તાપી તા.૯ ।

હસ્તકલા મેળાના માધ્યમ થકી લોકલ આર્ટીસ્ટ પાસેથી ચિજ વસ્તુઓ ખરીદવા અને વોકલ ફોર લોકલ બનવા જાહેર અપીલ કરતી રેઝીન આર્ટીસ્ટ ઉપીકા ગામીત - 'વોકલ ફોર લોકલ'ના મંત્રને ચરિતાર્થ કરીને સ્થાનિક ઉત્પાદનોને 'ગ્લોબલ' બનાવવા માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી 'પરિશ્રમને અજવાળીએ' કેમ્પેઈનની શરૂઆત કરવામાં આવી છે.

તાપી જિલ્લામાં વ્યારા તાલુકા ખાતે હસ્તકલા યોજના અંતર્ગત 'દિવાળી હસ્તકલા' પ્રદર્શન મેળામાં ઉપીકા ગામીત દ્વારા રેઝીન આર્ટની મનમોહક કૃતિઓનો સ્ટોલ લગાવવામાં આવ્યો છે. જેના આર્ટીકલ્સને દિવાળીના તહેવારમા પોતાના ઘરમા સજાવવા કે કોઈને ભેટ રૂપે આપી શકાય છે. જેમાં રેઝીન વોલ ક્લોક, રેઝીન હેર પીન, રેઝીન ટેબલ ટોપ, રેઝીન કિચેઈન, રેઝીન દિવા, રેઝીન વોલ આર્ટ વગેરેનો સમાચેશ થાય છે. રેઝીન આર્ટીસ્ટ ઉપીકા ગામીત પોતે આર્કિટેક્ચરની સ્ટુડન્ટ છે અને રેઝીન આર્ટમા રસ ધરાવતી હોવાથી પોતે ઘરે રેઝીનની વિવિધ વસ્તુઓ બનાવી ઈંસ્ટાગ્રામ આઈડી થકી નાના પાયે વેચાણ કરે છે. યુવતીએ હસ્તકલા મેળાના માધ્યમ થકી પોતાના જેવા લોકલ આર્ટીસ્ટ પાસેથી ચિજ વસ્તુઓ ખરીદવા અને વોકલ ફોર લોકલ બનવા જાહેર અપીલ કરી હતી. નોંધનિય છે કે, 'પરિશ્રમને અજવાળીએ' કેમ્પેઈન અંતર્ગત સમગ્ર રાજ્યમાં સ્થાનિક સ્તરે નાના વેપારીઓના રોજગાર વૃદ્ધિના શુભ હેતુથી આરંભાયેલું આ કેમ્પેઈન ૧ નવેમ્બર થી ૨૦ નવેમ્બર,૨૦૨૩ સુધી ચાલનાર છે જેમાં નાના-મધ્યમ વેપારીઓના વેપારને પ્રોત્સાહન મળે તે માટે સ્થાનિક કારીગરો પાસેથી ચિજ વસ્તુઓ ખરીદી તેની રીલ/ વીડિયો કે વિડિયો બનાવી **#vocalforlocal** હેશટેગનો ઉપયોગ કરી સોશિયલ મીડિયા ઉપર મુકીએ અને **@ InfoGujarat** અને **@ infotapigog** ને ટેગ કરો. આ પ્રદર્શન કેન્દ્રમાંથી વધારેમાં વધારે ચીજ વસ્તુઓ ખરીદી લોકલ કલાકારોને આર્થીકરૂપ મદદરૂપ થઈ 'વોકલ ફોર લોકલ' બનવા જિલ્લા તંત્ર દ્વારા પણ જાહેર જનતાને ખાસ અનુરોધ કરાયો છે.

# એમબીએ કરેલો યુવાન સેલ્ફ-ઇકો સીસ્ટમને આધારે ઉગતી વનસ્પતિના ડેકોરેટીવ પ્લાન્ટ્સ વેચી પગભર થયો

। છોટાઉદેપુર, તા.૯ ।

એમબીએ કરીને કોઈ કોર્પોરેટ કમ્પની જોઈન કરવાના બદલે ઉદ્યોગસાહસિક બનવાના કૃતનિશ્ચય સાથે ૨૨ વર્ષનો રૂચિક શાહ વડોદરા છોડી કવાંટ તાલુકાના પાનવડમાં સ્થાયી થયો છે. તેમના ભાભી સાથે નાના પાયે પોતાનો સ્ટાર્ટ-અપ શરુ કરીને પોતાની કારકિર્દી બનાવવા માંગે છે. જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા તેમને વડોદરા અને છોટાઉદેપુરમાં વાઈબ્રન્ટ છોટાઉદેપુર સમિટ અંતર્ગત વેચાણ માટે સ્ટોલ પૂરો પાડવામાં આવ્યો હતો. જીલ્લા ઉદ્યોગ કેન્દ્રની યોજનાઓ અને પોતાના એમબીએ અભ્યાસના આધારે રૂચિકને એક વિચાર આવ્યો કે પર્યાવરણનું જતન થાય લોકોને કઈક નવું મળે, લોકોનું સ્વાસ્થ્ય સુધરે અને પોતાને રોજગારી મળે તેવા આશયથી તેવો ટેરેરીયમ પદ્ધતિથી લીલ પ્રકારના વનસ્પતિને કાચના હવા ચુસ્ત ફ્લાસ્કમાં રોપી, સુશોભિત કરી કાયમી ઢાકણ બંધ કરી એક ડેકોરેટીવ પ્લાન્ટ તેયાર



કરે છે. ફક્ત ગોળ જાર જ નહિ, કાચની બોટલ, કાચના ટેબલ, હેન્ગીંગ પીસ, જેવા સાધનોમાં તેઓ પ્લાન્ટ્સ ઉગાવે છે. આ પ્લાન્ટ્સની ખાસિયત એ છે કે તે સેલ્ફ ઈકો સીસ્ટમ પર ચાલે છે, પાણીની જરૂર આજીવા રહેતી નથી, અને કોઈ પ્રકારના મેઈન્ટેનન્સની જરૂર નથી. સરકાર દ્વારા પ્રેરિત પ્રદર્શનોમાં વેચાણ માટે મુકે છે. આવા પ્રદર્શનો સહ વેચાણ કેન્દ્રોમાં તેમને આવા સુશોભન કરનારા વર્ગના ગ્રાહકો મળી રહે છે, સાથે સાથે તેઓ કોર્પોરેટસ, કંપનીઓ, મોટી ઓફિસો માટે પણ પોતાનો વ્યવસાય વધારવા માંગે છે.

# કાનૂની સાક્ષરતા શિબિર યોજાઈ



ભરતભાઈ એ. પંડ્યા

। દિવડા કોલોની, તા.૯ ।

આજ રોજ કડાણા તાલુકા કાનૂની સેવા સતા મંડળ કડાણા દ્વારા કડાણા તાલુકા પંચાયતના કમ્પાઉન્ડમાં કાનૂની સાક્ષરતા શિબિર પ્રિન્સિપાલ કડાણા કોર્ટ-શ્રી.મિશ્રા સાહેબના અધ્યક્ષ-સ્થાને યોજાયેલ.. જેમાં બાર એસોસિએશનના પ્રમુખશ્રી, મંત્રી શ્રી, એડવોકેટશ્રીઓ તથા મહિલા અને બાળ એકમ કચેરી (**DHEW**) લુણાવાડાથી દિનેશભાઈ ગરાસિયા હાજર રહી. મહિલા સ્વાવલબન યોજના અંતર્ગત માહિતી આપી હતી. આભારવિધિ શ્રીરાજેન્દ્ર સિંહ પરમાર એડવોકેટશ્રી એ કરી હતી.

# ઝાલોદ નગરપાલિકામાં NULM અંતર્ગત રચાયેલ સ્વ સહાય જૂથોને WTP (Water Treatment Plant)ની મુલાકાત કરવામાં આવી




। તાપી તા.૯ ।

મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ અને અર્બન અફેર્સ દ્વારા **"Women for Water, Water for Women"** હેઠળ **NULM** અંતર્ગત રચાયેલ સ્વ સહાય જૂથોની બહેનો ને રાજ્યના કાર્યરત વિવિધ **WTP (Water Treatment Plant)** ની વિઝીટ કરાવવા જણાવેલ હતુ જે અંતર્ગત આજ તા.૦૯/૧૧/૨૦૨૩ના રોજ ઝાલોદ નગરપાલિકા ખાતે નગરપાલિકા વિસ્તારની સ્વસહાય અંતર્ગત નોંધાયેલ ૪૫ બહેનોને લઈ જઈને ઝાલોદ નગર પાલિકાના **WTP (Water Treatment Plant)** ની વિઝીટ કરાવવામાં આવી જેમાં ઝાલોદ નગર પાલિકા ના કોમ્યુનિટી ઓર્ગેનાઈઝર કૃષ્ણપાલસિંહ પુવાર, વસુલાત ક્લાર્ક પરષોત્તમભાઈ ભોઈ તથા પાણી પુરવઠા વિભાગના રાકેશભાઈ ગરાસિયા હાજર રહેલ **WTP (Water Treatment Plant)** વિશે વિસ્તૃત માહિતી **NULM** અંતર્ગત રચાયેલ સ્વ સહાય જૂથોની બહેનોને આપવા આવી હતી.

# મહીસાગર જિલ્લામાં ૨૨ નવેમ્બર થી બે માસ સુધી ભ્રમણ કરશે વિકસિત ભારત સંકલ્પ યાત્રા

। મહીસાગર, તા.૯ ।

સરકારની વિવિધ ૧૭ જેટલી યોજનાઓની માહિતી અને લાભો ઘરઘર સુધી પહોંચાડવા માટે મહીસાગર જિલ્લામાં આગામી તા. ૨૨ થી બે માસ સુધી વિકસિત ભારત સંકલ્પ યાત્રા ગામેગામ ફરવાની છે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા મહીસાગર જિલ્લાને ત્રણ રથોની ફાળવણી કરવામાં આવી છે. આ રથના ગામોમાં આગમન સાથે વિવિધ પ્રકારના કાર્યક્રમો પણ યોજાશે.

વિકસિત ભારત સંકલ્પ યાત્રાના સુચારૂ સંચાલન માટે મહીસાગર જિલ્લા સેવાસદન ખાતે મળેલી બેઠકમાં કલેક્ટર શ્રી ભાવિન પંડ્યાએ જણાવ્યું કે, આ યાત્રા દરમિયાન સરકારની વિવિધ યોજનાઓની માહિતી અને લાભો પાત્રતા ધરાવતા નાગરિકોને આપવાના છે. યાત્રા દરમિયાન મહીસાગર જિલ્લામાં સો ટકા લાભાર્થીઓને વિવિધ યોજના હેઠળ આવરીને



આયોજન સાથે યોજનાની માહિતી લોકો સુધી પહોંચે એ માટે ગામડાઓમાં સંબંધિત વિભાગના અધિકારીઓ દ્વારા માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવશે.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન આયુષ્યમાન ભારત યોજના, પ્રધાન મંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના, દીનદયાલ અંત્યોદય યોજના, પ્રધાન મંત્રી આવાસ યોજના, ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, કિસાન સન્માન યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ, પોષણ અભિયાન, જલજીવન મિશન, સ્વામિત્વ યોજના, જનધન યોજના, જીવન જ્યોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, પ્રધાનમંત્રી **PRANAM** યોજના અને નેનો ફર્ટિલિજેર યોજના સહિતની ૧૭ યોજનાઓને આવરી લેવામાં આવી છે સાથે ટ્રાઈબલ તાલુકામાં સિકલ સેલ એનીમિયા એલિમિનેશન મિશન,એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલમાં નોંધણી, શિષ્યવૃતિ યોજનાઓ, વન અધિકાર-વ્યક્તિગત અને સામુદાયિક જમીન, વન ધન વિકાસ કેન્દ્ર (સ્વસહાય જૂથોનું આયોજન) આવરી લેવામાં આવી છે. જિલ્લા વિકાસ અધિકારી શ્રી ચંદ્રકાંત પટેલએ જણાવ્યું કે, મહીસાગર જિલ્લામાં આગામી તા. ૨૨ નવેમ્બરથી આ યાત્રાનો પ્રારંભ થશે. જે જિલ્લાના ગ્રામ પંચાયતોમાં પરિભ્રમણ કરશે. આ માટે જિલ્લા કક્ષા અને તાલુકા કક્ષાએ અમલીકરણ સમિતિની રચના કરવાની સાથે નોડેલ અધિકારીઓની પણ નિમણૂંક કરવામાં આવી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



### મેષ (અ,લ,ઇ) :

આજના દિવસે તમારો આવેશપૂર્ણ સ્વભાવ તમારી માટે સ્વાસ્થ્યને લગતી ગંભીર સમસ્યા ઊભી કરે શકે છે. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા? મિત્રો તમને સહકાર આપનારા જણાશે-પણ તમે જે બોલો છો તે અંગે તકેદારી રાખજો. આજે કોઈક તમારા પ્રેમની વચ્ચે આવી શકે છે.



### વૃષભ (બ,વ,ઉ) :

આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. તમે જેની દરકાર કરો છો એવી કોઈક નિકટની વ્યક્તિ સાથે સંવાદનો અભાવ આજે તમને હતાશ કરી મુકશે. પ્રિયતમ આજે તમારી પાસે થી કંઈ માંગ કરી શકે છે પરંતુ તમે તે પૂરા કરી શકશો નહીં.



### મિથુન (ક,છ,ઘ) :

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. વગર સૂચના કોઈ દેણદાર આજે તમારા એકાઉન્ટ માં પૈસા નાખી શકે છે જેના લીધે તમે આશ્ચર્યચકિત અને ખુશ થયી શકો છો? લોકો તથા તેમના આશય વિશે ઝડપી અભિપ્રાય બાંધશો નહીં- તેઓ તાણ હેઠળ હોઈ શકે અને શક્ય છે કે તેમને તમારી સહાનુભૂતિ તથા સમજની જરૂર હોય.



### કર્ક (ડ,હ) :

આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. આજ નો દિવસ પ્રેમ ના રંગો માં ડૂબી જશે, પરંતુ રાત્રિ દરમિયાન તમે કોઈ જૂની બાબતે ઝઘડો કરી શકો છો.



### સિંહ (મ,ટ) :

આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. આજના તમારા વર્તનને કારણે તમારી સાથે રહેતી વ્યક્તિ તમારાથી અત્યંત નારાજ થશે. કેટલાક માટે ભેટો તથા ફૂલોથી સભર રૉમેન્ટિક સાંજ જોવાય છે. કામના સ્થળે આજે કોઈ તમારી યોજનાઓમાં ભંગાણ પાડવાનો પ્રયાસ કરશે.



### કન્યા (પ,ઠ,ણ) :

આજના દિવસે હવાઈ કિલ્લા રચવાથી તમને ફાયદો નહીં થાય. પરિવારના સભ્યોની અપેક્ષા પર પાર ઉતરવા માટે તમારે કશુંક કરવું જોઈએ. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. મુશ્કેલીના સમયમાં તમારી મદદ કરનારા સંબંધીઓ તરફ તમારી કૃતજ્ઞતા વ્યક્ત કરો.



### તુલા (ર,ત) :

આજના દિવસે તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપ શે. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો? તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.



### વૃશ્ચિક (ન,ય) :

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. આજે તમારે તમારા દૈનિક સમયપત્રકમાંથી બ્રૅક લઈ તમારા મિત્રો સાથે બહાર જવું જોઈએ.



### ધન (ભ,ધ,ફ) :

આજના દિવસે થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. પરિવારના સભ્યો સહકાર આપશે પણ તેમની માગો પણ વધુ હશે. રૉમેન્ટિક પ્રભાવ આજે ખૂબ જ પ્રબળ હોવાની શક્યતા છે.



### મકર (ખ,જ) :

આજના દિવસે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. તમારા પ્રેમને કોઈ મહામૂલી જણસની જેમ તાજો રાખો. નવા પ્રસ્તાવો લલચાવનારા હશે પણ કોઈ ઉતાવળા નિણર્ણયો ન લેવા એ સમજદારીભર્યું નહીં સાબિત થાય.



### કુંભ (ગ,શ,સ) :

આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે. એકાદ સરપ્રાઈઝનું આયોજન કરો અને આજના દિવસને તમારા જીવનનો સૌથી સુંદર દિવસ બનાવો.



### મીન (દ,ચ,ઝ,થ) :

આજના દિવસે તમારી માટે આધ્યાત્મિકતાની મદદ લેવા માટેનો સમય પાકી ગયો છો કેમ કે તમારી માનસિક તાણ પર સામો હુમલો કરવાનો એ શ્રેષ્ઠ વિકલ્પ છે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો.

### જમ્મુ-કાશ્મીરના શોપિયાં તપાસ ચાલુ

# જમ્મુ-કાશ્મીરના શોપિયાંમાં એન્કાઉન્ટર, આતંકવાદી ઠાર

## RF સાથે સંકળાયેલા એક આતંકવાદી ઠાર: હથિયારો અને દારૂગોળો સહિતની સામગ્રી મળી આવી હતી

। જમ્મુ, તા.૯ ।

જમ્મુ-કાશ્મીરના શોપિયાંના કટોહલાનમાં એન્કાઉન્ટર દરમિયાન સુરક્ષા દળોએ એક આતંકવાદીને ઠાર માર્યો છે. કાશ્મીર ઝોન પોલીસે ટ્વિટ કરીને માહિતી આપી હતી કે પ્રતિબંધિત આતંકવાદી સંગઠન TRF સાથે સંકળાયેલા એક આતંકવાદીને ઠાર કર્યો છે. તેમજ હથિયારો અને દારૂગોળો સહિતની વાંધાજનક સામગ્રી મળી આવી હતી. હાલ આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું કે જમ્મુ અને કાશ્મીરના શોપિયાંના કાટોહલાન વિસ્તારમાં ગુરુવારે પ્રતિબંધિત સંગઠન ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF) સાથે જોડાયેલા એક આતંકવાદીને મોતને ઘાટ ઉતારવામાં આવ્યો હતો. કાશ્મીર ઝોન પોલીસના જણાવ્યા અનુસાર, આતંકવાદીના કબજામાંથી હથિયારો અને દારૂગોળો સહિતની વાંધાજનક સામગ્રી પણ મળી આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે મેસર અહેમદ ડાર એક અઠવાડિયા પહેલા જ આતંકી સંગઠનમાં સામેલ થયો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પોલીસે એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા આતંકીની ઓળખ મેસર અહેમદ ડાર તરીકે કરી છે. તે તાજેતરમાં જ TRFમાં જોડાયો હતો. મેસર અહેમદ ડાર શોપિયાંના વેશરોનો રહેવાસી હતો. મોડી રાત્રે થયેલા એન્કાઉન્ટરમાં સુરક્ષા દળોએ તેને ઠાર માર્યો હતો. રિપોર્ટ અનુસાર, ગયા અઠવાડિયે શ્રીનગરની ઈદગાહમાં આતંકી હુમલો થયો હતો, જેમાં એક પોલીસ ઈન્સ્પેક્ટર ઘાયલ થયો હતો. જમ્મુ-કાશ્મીર પોલીસે માહિતી આપી હતી કે ઈદગાહ પાસે આતંકવાદીઓએ ઈન્સ્પેક્ટર મસરૂર અહેમદ પર ગોળીબાર કર્યો હતો. તમને જણાવી દઈએ કે TRFએ આ હુમલાની જવાબદારી લીધી હતી.

### ઘાયલ વ્યક્તિનું તમૃત્યુ નિપજ્યું હતું

# રોબોટે વ્યક્તિને મરચાનો ડબ્બો સમજી ઊંચકીને ફેંક્યો

## આ ઘટના ત્યારે ઘટી જ્યારે રોબોટિક્સ કંપનીના લગભગ ૪૦ વર્ષના કર્મચારી રોબોટનું નિરીક્ષણ કરી રહ્યા હતા

। નવી દિલ્હી, તા.૯ ।

દક્ષિણ કોરિયામાં એક રોબોટએ એક વ્યક્તિને કચડીને મારી નાખ્યો. રોબોટ વ્યક્તિને મરચાા ડબ્બાથી (જેને તે સંભાળી રહ્યો હતો) અલગ સમજવામાં નિષ્ફળ રહ્યો.

આ ઘટના ત્યારે ઘટી જ્યારે રોબોટિક્સ કંપનીના લગભગ ૪૦ વર્ષના કર્મચારી રોબોટનું નિરીક્ષણ કરી રહ્યા હતા.

બીબીસીના રિપોર્ટ મુજબ દક્ષિણ કોરિયન સમાચાર એજન્સી યોનહાપે કહ્યું કે રોબોટિક બાંહે તે વ્યક્તિને શાકભાજીનો એક ડબ્બો સમજીને પકડી લીધો અને પછી તેના શરીરને કન્વેયર બેલ્ટ પર ધકેલી દીધુ. જેનાથી તેનો ચહેરો અને છાતી કચડાઈ ગયા. ઘાયલ વ્યક્તિને હોસ્પિટલ લઈ જવાયો પરંતુ ત્યારબાદ તેનું મૃત્યુ નિપજ્યું.

યોનહાપના જણાવ્યાં મુજબ રોબોટ મરચાના બોક્સ ઉઠાવવા અને તેને પેલેટ પર ટ્રાન્સફર કરવાની જવાબદારી સંભાળી રહ્યો હતો.

એજન્સીએ પોલીસના હવાલે જણાવ્યું કે તે વ્યક્તિ દક્ષિણ ગ્યોંગસાંગ પ્રાંતમાં સ્થિત મરચા છાંટવાના પ્લાન્ટમાં પરીક્ષણ પહેલા રોબોટના સેન્સર સંચાલનની તપાસ કરી રહ્યો હતો. પરીક્ષણ ૮ નવેમ્બરે થવાનું હતું. પરીક્ષણની યોજના મૂળ રીતે ૬ નવેમ્બરના રોજ બનાવવામાં આવી હતી. પરંતુ રોબોટના સેન્સરમાં સમસ્યાઓના કારણે તેને બે દિવસ આગળ વધારવામાં આવી.

રોબોટિક આર્મ બનાવનારી કંપનીનો કર્મચારી આ વ્યક્તિ બુધવારે મોડી રાત સુધી મશીનની તપાસ કરી રહ્યો હતો ત્યારે તેનામાં ખરાબી આવી ગઈ.

ઘટના બાદ એક નિવેદનમાં ડોંગગોસોંગ એક્સપોર્ટ એગ્રીકલ્ચર કોમ્પ્લેક્ષના એક અધિકારી (જે પ્લાન્ટના માલિક પણ છે) એ સટીક અને સુરક્ષિત પ્રણાલી સ્થાપિત કરવા માટે અપીલ કરી.

માર્ચમાં ૫૦ વર્ષના એક દક્ષિણ કોરિયન વ્યક્તિને ઓટોમોબાઈલ પાર્ટ્સ મેન્યુફેક્ચરીંગ પ્લાન્ટમાં કામ કરતી વખતે રોબોટ દ્વારા ફસાવાયા બાદ ગંભીર ઈજા થઈ હતી.

### દિવાળી પર રેલવેએ ગુજરાતીઓને આપી મોટી ભેટ

# તહેવારોમાં મુસાફરો માટે સ્પેશિયલ ત્રણ ટ્રેનો દોડાવાશે

## વિવિધ સ્થળો માટે ટ્રેનોના ૩૬૦ ફેરા મારવામાં આવશે

। નવી દિલ્હી, તા.૯ ।

દિવાળીના તહેવાર પર સૌ કોઈ બહાર ગામ જવાની તૈયારી કરતા હોય છે. ત્યારે વાહન જલદી નથી મળતા. એવામાં સૌ કોઈનો મદાર રેલવે પર હોય છે. ત્યારે રેલવે વિભાગે આ વખતે ગુજરાતીઓને દિવાળીના તહેવાર પર મોટી ભેટ આપી છે. મુસાફરોની સુવિધા માટે અને તહેવારોની સીઝનમાં તેમની માંગને પહોંચી વળવા પશ્ચિમ રેલવેએ અમદાવાદ-પટના, સાબરમતી-દિલ્હી સરાય રોહિલ્લા અને ભાવનગર ટર્મિનસ-દિલ્હી સરાય રોહિલ્લા સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર કેટલીક વધુ તહેવાર વિશેષ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લીધો છે.

તહેવારોમાં ટ્રાસ્પોટેશનને કોઈ અસર ન પડે, પબ્લિક એક સ્થળેથી સરળતાથી બીજા સ્થળે જઈ શક તે આશયથી પશ્ચિમ રેલ્વે વધુ ત્રણ જોડી તહેવાર વિશેષ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લીધો છે. વિવિધ સ્થળો માટે તહેવાર વિશેષ ટ્રેનોના ૩૬૦ ફેરા મારવામાં આવશે. પશ્ચિમ રેલ્વેની ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનોનો ૬.૨૫ લાખથી વધુ મુસાફરોને લાભ થશે. પશ્ચિમ રેલ્વેએ જાહેર કરેલી પ્રેસ રિલીઝ મુજબ, આ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનોના સંચાલન સાથે ૩૪૪ વધારાના કોચ ઉમેરવામાં આવ્યા છે, જેનો લાભ આશરે ૨૫,૦૦૦ મુસાફરોને ખાસ કરીને તહેવારોની સિઝનમાં થશે. પશ્ચિમ રેલ્વેએ અત્યાર સુધીમાં ૩૬૦ ટ્રીપ્સ સાથે વિવિધ સ્થળો માટે ૪૪ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો શરૂ કરી છે, જેનો



લાભ આશરે ૬.૨૫ લાખ મુસાફરોને મળ્યો છે. તહેવાર વિશેષ ટ્રેનોની વિગતો આ મુજબ છે.

ટ્રેન નંબર ૦૯૪૨૩/૦૯૪૨૪ અમદાવાદ-પટના સ્પેશિયલ સાપ્તાહિક ટ્રેન દોડાવવામાં આવશે. આ ઉપરાંત ટ્રેન નંબર ૦૯૫૫૭/૦૯૫૫૮ ભાવનગર ટર્મિનસ-દિલ્હી સરાઈ રોહિલા સ્પેશિયલ ટ્રેન મુસાફરો માટે મુકવામાં આવી છે. જ્યારે ટ્રેન નંબર ૦૯૪૨૫/૦૯૪૨૬ સાબરમતી-દિલ્હી સરાઈ રોહિલ્લા સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન પણ મુસાફરોની સવલત માટે મુકાઈ છે. આમ ગુજરાતીઓને દિવાળીમાં પશ્ચિમ રેલવેએ આ પ્રકારની ખાસ ભેટ આપી છે. ટ્રેન નંબર ૦૯૪૨૩ અને ૦૯૫૫૭ માટે બુકિંગ ૯ નવેમ્બર, ૨૦૨૩થી ખુલશે, જ્યારે ટ્રેન નંબર ૦૯૪૨૫ માટે બુકિંગ તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર ખુલ્લું છે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન તરીકે દોડશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને કમ્પોઝિશન સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

### આગની ઘટનામાં બે લોકોના મોત, ૧૦થી વધુ ઘાયલ

# જયપુરથી દિલ્હી આવી રહેલી સ્લીપર બસમાં આગ લાગી

## ઘટના ગુરુગ્રામમાં સિગ્નેચર ટાવર ફ્લાયઓવર પાસે ઘટી

। જયપુર, તા.૯ ।

રાજસ્થાનના જયપુરથી દિલ્હી આવી રહેલી સ્લીપર બસમાં ભીષણ આગ લાગી. આ ઘટનામાં ૨ લોકોના મોત થયા છે જ્યારે ૧૦ થી ૧૨ લોકો દાઝી ગયા છે. આ ઘટના ગુરુગ્રામમાં સિગ્નેચર ટાવર ફ્લાયઓવર પાસે ઘટી. દાઝી ગયેલા લોકોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આગ પર જોકે કાબુ મેળવી લેવાયો છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. હજુ સુધી જો કે એ ખુલાસો નથી થયો કે બસમાં આગ કયા કારણે લાગી.

એવું કહેવાય છે કે જયપુરથી દિલ્હી સ્લીપર બસ (AR 01 K 7707) જ્યારે બુધવારે મોડી સાંજે ગુરુગ્રામમાં સિગ્નેચર ટાવર ફ્લાયઓવર પાસે પહોંચી તો બસમાં આગ ભભૂકી ઉઠી. બસમાં ઘણા મુસાફર હતા જેઓ ચીસો પાડવા લાગ્યા. બસમાં લાગેલી આગ જોત જોતામાં વિકરાળ થવા લાગી હતી. તત્કાળ આગની સૂચના ફાયર વિભાગ અને પોલીસે આપવામાં



આવી હતી. ઘટનાસ્થળે પહોંચેલા ફાયર બ્રિગેડે ભારે મહેનત બાદ બસમાં લાગેલી આગ પર કાબૂ મેળવી લીધો. એવું કહેવાય છે કે બસમાં લાગેલી આગની ઝપેટમાં આવવાના કારણે ૨ લોકોના મોત થયા છે. જ્યારે ૧૦થી ૧૨ લોકો દાઝી ગયા છે. તેમને સારવાર માટે નજીકની હોસ્પિટલ ખસેડાયા છે. હાલ પોલીસ મામલાની તપાસ કરી રહી છે.

### નીતિ આયોગે ગરીબી સૂચકાંક બહાર પાડ્યા

# ભારતમાં આવક-સંપત્તિમાં અસમાનતા વધી રહી છે

## હવે માત્ર ૧૫ ટકા વસ્તી આ રેખા નીચે છે અને ૧૩.૫૦ કરોડની વસ્તી તેમાંથી બહાર આવવામાં સફળ રહી છે

। નવી દિલ્હી, તા.૯ ।

માત્ર બે દિવસ પહેલા, UNDP (United Nations Development Programme ) એ ૨૦૨૪ એશિયા-પેસિફિક માનવ વિકાસ અહેવાલ બહાર પાડતી વખતે ચિંતા વ્યક્ત કરી હતી કે ભારતમાં આવક અને સંપત્તિમાં અસમાનતા વધી રહી છે. આ રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે ભારતમાં બહુપરીમાણીય ગરીબી (Multidimensional Poverty) હેઠળ જીવતા લોકોની સંખ્યા, જે ૨૦૧૫-૧૬માં દેશની વસ્તીના ૨૫ ટકા હતી, તે ૨૦૧૯-૨૧ દરમિયાન ઘટીને ૧૫ ટકા થઈ ગઈ છે. UNDPએ કહ્યું કે ૧૮.૫૦ કરોડ લોકો ગરીબીમાં જીવવા માટે મજબૂર છે જેમની આવક ૨.૧૫ ડોલર એટલે કે ૧૮૦ રૂપિયાથી ઓછી છે.

UNDPએ આ ડેટા નીતિ આયોગ પાસેથી લીધો છે, જે દેશની થિંક ટેક્ક માનવામાં આવે છે. આ વર્ષે, ૧૭ જુલાઈ, ૨૦૨૩ ના રોજ, નીતિ આયોગે રાષ્ટ્રીય બહુપરિમાણીય ગરીબી સૂચકાંક: એક પ્રગતિ સમીક્ષા ૨૦૨૩ (National Multidimensional Poverty Index: A Progress Review 2023) નામના ગરીબી રેખા પર એક અહેવાલ બહાર પાડ્યો હતો. આ જ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં બહુપરિમાણીય ગરીબી હેઠળ આવતા લોકોની સંખ્યા ૨૪.૮૫ ટકાથી ઘટીને ૧૪.૯૬ ટકા થઈ ગઈ છે. મોદી સરકાર એ સિદ્ધિ પર પીઠ થપથપાવી રહી છે કે છેલ્લા પાંચ વર્ષમાં તેના કાર્યકાળ દરમિયાન ૧૩.૫૦ કરોડ લોકો ગરીબી રેખાથી ઉપર આવ્યા છે.

બહુપરીમાણીય ગરીબી સૂચકાંકને માપવા માટે ત્રણ પાયા છે જેમાં આરોગ્ય, શિક્ષણ અને જીવનધોરણનો સમાવેશ થાય છે. આ સૂચકાંકને માપ વા માટે, ત્રણેયને સમાન મહત્વ આપ વામાં આવ્યું છે અને ત્રણેયને ૧૨ સૂચકાંકોમાં વહેંચવામાં આવ્યા છે.

### આકર્ષક ડીલના નામે પ્રવાસીઓ સાથે લાખોની છેતરપિંડી

# ઓનલાઈન હોટેલ બૂકિંગના નામે ભારે સ્કેમ ચાલે છે

## હોટેલના સરસ ફોટો દેખાડે છે અને રૂપિયા ટ્રાન્સફર કરાવે છે પ્રવાસીઓ લોકેશન પર પહોંચે ત્યારે ત્યાં કોઈ હોટેલ હોતી જ નથી

। નવી દિલ્હી, તા.૯ ।

અત્યારે દરેક જગ્યાએ ઓનલાઈન પેમેન્ટનો જમાનો ચાલે છે. હવે વિમાનની ટિકિટથી લઈને વેકેશન પેકેજ પણ ઓનલાઈન બૂક થઈ જાય છે જેના કારણે ઘણી સરળતા પડે છે. પરંતુ ભારતમાં દરેક જગ્યાએ ચિટરો ઘૂસી ગયા છે જેના કારણે લોકો છેતરાય છે. તાજેતરમાં ઓનલાઈન હોટેલ ફ્રોડના કેસ બહાર આવ્યા છે જેમાં આકર્ષક ડીલના નામે લોકો હોટેલ બૂક કરાવે છે, તેનું પેમેન્ટ પણ થઈ જાય છે. પરંતુ પ્રવાસીઓ જ્યારે હોટેલ શોધવા જાય ત્યારે ખબર પડે કે એવી કોઈ હોટેલ અસ્તિત્વમાં જ નથી. ખાસ કરીને નાની અને ઓછી જાણીતી વેબસાઈટ પર આવી બોગસ હોટેલો વધારે જોવા મળે છે.

થોડા દિવસો અગાઉ જગન્નાથ પુરીમાં ૧૦૦ પ્રવાસીઓ આવા સ્કેમનો ભોગ બન્યા હતા. આ લોકો ઓનલાઈન બૂકિંગ કરાવીને પુરી પહોંચ્યા ત્યારે ખબર પડી કે તેમણે જે હોટેલ બૂક કરી હતી તે અસલમાં હતી જ નહીં. એટલે કે તેઓ છેતરાઈ ગયા હતા અને નાણા ગુમાવ્યા હતા. હવે તેમણે બીજી કોઈ જગ્યાએ હોટેલ બૂક કરાવવી પડે તેમ હતું.

ઓનલાઈન હોટેલ બૂકિંગમાં આવા સ્કેમમાં વધારો થયો છે. અહીં તમને અત્યંત સસ્તામાં લક્ઝરી હોટેલ કે રિસોર્ટ બૂક કરવાની ઓફર કરાય છે. પરંતુ તેની પાછળનો ઈરાદો તમને લલચાવીને છેતરવાનો હોય છે. તેથી ઓનલાઈન હોટેલ બૂક કરતી વખતે ધ્યાન રાખો.

હોટેલનું પૂરતું રિસર્ચ કરો અને પછી જ બૂક કરાવો. વાસ્તવમાં હોટેલ છે કે નહીં તે મેપમાં ચેક કરો. તેના રિવ્યૂ જુઓ. અલગ અલગ વેબસાઈટ પર તો હોટેલના ફોટો, પ્રાઈસ અને લોકેશન ચેક કરો.

જાણીતી વેબસાઈટ પરથી જ હોટેલ બૂક કરો. ટ્રિપ એડવાઈઝર, યાત્રા, મેક માય ટ્રિપ, બૂકિંગ ડોટ કોમ જેવી જાણીતી સાઈટ પરથી હોટેલ બૂક કરો. તેના રિવ્યૂ, લોકેશન ચેક કરો. આ પ્લેટફોર્મ પર હોટેલને ચેક કરીને લિસ્ટિંગ કરવામાં આવે છે તેથી ફ્રોડ થવાની શક્યતા ઓછી રહે છે.

**વિશેષ** મોરબીનો જય બજરંગ ગૃહ ઉદ્યોગ ભાત-ભાતના મનમોહક દિવડા બનાવી, કરે છે અનેક બહેનો માટે રોજગારીનું સર્જન


# ગૃહ ઉદ્યોગો અને નાના વેપારીઓના પરિશ્રમને અજવાળીએ, તેમની વસ્તુઓ ખરીદીને ચાલો તેમની દિવાળી દીપાવીએ

## “વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે ‘વોકલ ફોર લોકલ’ પહેલ શરૂ કરી છે તેનાથી નાના ઉદ્યોગકારોને ખૂબ ફાયદો થશે” : હિતેશભાઈ વામજા

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે સ્થાનિક ધંધાર્થીઓ અને નાના વેપારીઓને સહકાર આપવાના હેતુથી ‘વોકલ ફોર લોકલ’ પહેલનો પ્રારંભ કરાવ્યો છે ત્યારે ચાલો આપણે સૌ પણ આ પહેલમાં જોડાઈએ અને આ તહેવારોની સિઝનમાં સ્થાનિક બજારોમાંથી જ નાના વેપારીઓ, લારી ધારકો અને ફેરીયાઓ પાસેથી વસ્તુ ખરીદી તેમના પરિશ્રમને અજવાળીએ. હાલ દિવાળીનો તહેવાર આવી રહ્યો છે ત્યારે મોરબીમાં જય બજરંગ મહિલા મંડળ સંચાલિત જય બજરંગ દીવડા ગૃહ ઉદ્યોગ અનેક પ્રકારના દીવડા બનાવે છે ત્યારે આ દિવાળીએ તેમને ત્યાંથી દીવડાની ખરીદી કરી આપણા ઘરે તેમજ ત્યાં કામ કરતા બહેનોના ઘરે પણ અજવાળું કરીએ. પ્રકાશ પર્વ એવો દિવાળીનો તહેવાર ટૂંક સમયમાં જ આવી રહ્યો છે અને તહેવાર માટેની ખરીદીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. ત્યારે આ વખતે એક દ્રઢ નિશ્ચય કરીએ કે, કોઈપણ વસ્તુની ખરીદી વિદેશી સાઈટ્સ કે શોરૂમમાંથી કરવા કરતાં સ્થાનિક બજારો માંથી જ કરીશું. દિવાળીને પ્રકાશનો પર્વ કહેવામાં આવે છે ત્યારે દિવાળીમાં દીપકનું સવિશેષ મહત્વ રહેલું છે. ગૃહ ઉદ્યોગ અને નાના વેપારીઓ પાસેથી લીધેલો આ એક દીવડો બે ઘરમાં અજવાળું પાથરે છે. આપણે દીવડો લઈ અને ઘરે પ્રજ્વલિત કરીએ ત્યારે ઘરે તો એ અજવાળું કરે જ છે પરંતુ સાથે સાથે જે ગૃહ ઉદ્યોગ પાસેથી કે વેપારી પાસેથી દીવડાની ખરીદી કરી છે તેમના ઘરે અને તેમની સાથે જોડાયેલા નાના એવા કારીગરોના ઘરે પણ પ્રકાશનું કિરણ પથરાય છે.

મોરબીના લાલપર પાસે જય બજરંગ દીવડા ગૃહ ઉદ્યોગ આવેલો છે. દિલીપભાઈ વામજા અને તેમના પત્ની અનિલાબેન વામજા તેમજ તેમના ભાઈ હિતેશભાઈ વામજા ત્રણે સાથે મળી આ ગૃહ ઉદ્યોગનું સંચાલન કરે છે. તેમની સાથે ૪૦ થી ૫૦ જેટલી બહેનો પણ ગૃહ ઉદ્યોગમાં જોડાયેલી છે. આ ગૃહ ઉદ્યોગની ટીમ અનેક પ્રકારના દીવડા બનાવી તેમાં પોતાના સપનાઓના સપ્તરંગો ભરી આ દીવડાને વધુ આકર્ષક બનાવે છે. અનેક બહેનોની રોજગારી સાથે જોડાયેલા આ દીવડાના ગૃહ ઉદ્યોગમાં દીવડાની અનેક પ્રકારની વેરાઈટીઓ બનાવવામાં આવે છે ઘણી બધી વેરાઈટીઓ તો એવી છે કે તમને બીજે ક્યાંય જોવા પણ ના મળે. ખરેખર મનમોહક દિવડા જોઈને ઘડીક તો અચરજ થાય જ. દિલીપભાઈ અને અનિલાબેનને આ ઉદ્યોગમાં કામ કરતા જોઈએ ત્યારે તેમના ચહેરા પર એક આત્મસંતોષ વ્યક્ત થતો હોય. આ આત્મસંતોષ સાથે તેઓ જાણે કહેતા હોય કે, ધંધો નાનો છે પણ અમારો પોતાનો છે. ગૃહ ઉદ્યોગની આ ત્રિપુટી ભાત ભાતના દીવડા બનાવી દિવાળીએ અનેક ઘરોમાં અને મંદિરોમાં તો અજવાળા પાથરે જ છે પરંતુ અનેક બહેનોને રોજગારી આપી તેમના ઘરમાં પણ આજીવિકાનું અજવાળું પાથરી રહ્યા છે. વડાપ્રધાનશ્રીએ જ્યારે કહ્યું છે કે આવા ગૃહ ઉદ્યોગો અને નાના ઉદ્યોગકારોના પરિશ્રમને અજવાળીએ





ત્યારે ચાલો આપણે પણ આ ગૃહ ઉદ્યોગમાંથી દીવડા ખરીદીએ અને આ બહેનોની દિવાળીમાં સહભાગી બનીએ. ગૃહ ઉદ્યોગના સંચાલક હિતેશભાઈ વામજા જણાવે છે કે, “વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે ‘વોકલ ફોર લોકલ’ પહેલ શરૂ કરી છે તેનાથી નાના ઉદ્યોગકારોને ખૂબ ફાયદો થશે. લોકો સ્થાનિક બજારોમાંથી વસ્તુ ખરીદશે જેનાથી નાના ઉદ્યોગો અને ગૃહ ઉદ્યોગો તેમજ તેની સાથે જોડાયેલા અનેક લોકોની દિવાળી સુધરશે. અમે છેલ્લા દસ વર્ષથી આ દીવડાનો ગૃહ ઉદ્યોગ ચલાવીએ છીએ જેમાં અમે અનેક પ્રકારના દીવડા બનાવીએ છીએ. અમારા ગૃહ ઉદ્યોગ સાથે ૪૦ થી ૫૦ જેટલી બહેનો જોડાયેલી છે જે બહેનો દીવડા બનાવવાનું તેમજ તેને રંગ-રોગાન કરવાની કામગીરી કરે છે. કેટલીક બહેનો અહીં ગૃહ ઉદ્યોગમાં આવીને કામ કરે છે તો ઘણી બહેનો ઘરેથી જ કામ કરી આ ગૃહ ઉદ્યોગમાં સહભાગી બને છે. આ દિવડા બે ઘરમાં અજવાળું કરે છે એક તો જે ખરીદે તેમના ઘરે અને બીજું આ ઉદ્યોગો સાથે જોડાયેલા નાના કામદારોના ઘરમાં. સરકારે જ્યારે આ નાના લોકોના પરિશ્રમને અજવાળવા એક પહેલ કરી છે ત્યારે હું પણ અપીલ કરું છું કે અમારા જેવા નાના ઉદ્યોગો પાસેથી તમે દીવડા તેમજ અન્ય વસ્તુની ખરીદી કરી નાના લોકોને સહભાગી બનજો અને તેમની દિવાળી દીપાવજો”. તો ચાલો આપણે પણ આ ‘વોકલ ફોર લોકલ’ પહેલમાં સહભાગી બનીને આવા નાના ઉદ્યોગો તેમજ ગૃહ ઉદ્યોગો પાસેથી વસ્તુઓની ખરીદી કરી તેમના પરિશ્રમને જરૂરથી અજવાળીએ.

## ન્યૂઝ બ્રિફ

### અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં તબીબ ન આવતા બાળકનું મોત

। અમદાવાદ, તા.૯ ।

અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલના તબીબની ગંભીર બેદરકારી સામે આવી છે. વાત જાણે એમ છે કે, સિવિલ હોસ્પિટલમાં કલાકો સુધી તબીબ ન આવતા બાળકનું મોત થયું હોવાનો ગંભીર આક્ષેપ થતાં ખળભળાટ મચી ગયો છે. પ્રાથમિક વિગતો મુજબ કલાકો સુધી સારવાર ન મળતા જૂનાગઢના ૧૧ માસના બાળકનું મોત થયું છે. અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે રોજના હજારોની સંખ્યામાં દર્દીઓ સારવાર માટે આવતા હોય છે. જોકે અમુક વાર અનેક હોસ્પિટલમાં તબીબની બેદરકારીને કારણે દર્દીની મોત પણ થતું હોય છે. આવી જ એક ઘટના અમદાવાદ અસારવા સિવિલ હોસ્પિટલમાં બની છે. માહિતી પ્રમાણે જુનાગઢના આ બાળકને ઓપરેશન કર્યા બાદ બાળકને સખત તાવ રહેતો હતો. જે બાદમાં બાળકને શુક્રાણું કોથળીના ઈલાજ માટે લવાયો હતો. જોકે સિવિલ હોસ્પિટલમાં કલાકો સુધી તબીબ ન આવતા સારવારના અભાવે બાળકનું મોત થયું હોવાનો આક્ષેપ થયો છે. આ તરફ હવે સમગ્ર મામલે સમગ્ર મામલે તપાસ કમિટીની રચના કરાઈ છે.

### ગીર સોમનાથમાં ભાજપ નેતાને ત્યાં ઘરના તાળા તૂટ્યા

। ગીર સોમનાથ, તા.૯ ।

રાજ્યમાં અનેકવાર ચોરીની ઘટનાઓ સામે આવતી હોય છે, જેમાં તસ્કરો નેતાઓના ઘરને પણ નિશાન બનાવી રહ્યા છે.

આ અગાઉ અરવલ્લીમાં એક નેતાના ઘરે ચોરી બાદ હવે ગીર સોમનાથ ભાજપ નેતાના ધરે ચોરીની ઘટના સામે આવતા ખળભળાટ મચી ગયો છે. વિગતો મુજબ તસ્કરોએ ભાજપ નેતાના ઘરને નિશાન બનાવીને રૂ.૨૧ લાખની ચોરી કરી હોવાનું સામે આવ્યું છે.

ગીર સોમનાથના સૂત્રાપાડાના પસનાવાડા ગામમાં ભાજપ નેતાના ઘરે ચોરીની ઘટના બની છે. માહિતી મુજબ ભાજપ નેતા નેતા કેશુભાઈ જાદવના ઘરે રૂ.૨૧ લાખની ચોરી થઈ છે. અજાણ્યા તસ્કરોએ મકાનનું લોકર તોડી ચોરીને અંજામ આપ્યો હતો. જેમાં તસ્કરો રૂ,૬ લાખ રોકડા અને રૂ.૧૫ લાખના દાગીનાની ચોરી કરી પલાયન થઈ રહ્યા હતા. કેશુભાઈ જાદવ જિ.પંના બાંધકામ સમિતિના ચેરમેન રહી ચુક્યા છે. આ તરફ હવે ચોરીને લઈ સુત્રાપાડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



દિવાળીના તહેવારની ઉજવણી કરવા માટે પોતાના વતન તરફ જઈ રહેલા પ્રવાસીઓ.

### ભાઠેના ખાતે વધુ એક ફ્લાયઓવર બ્રિજનું લોકાર્પણ

# ૧૨૧ બ્રિજ સાથે સુરત દેશમાં બ્રિજ સિટી તરીકે પ્રસ્થાપિત : સી આર પાટીલ

### સુરત મહાનગર પાલિકા દ્વારા જરૂરી સર્વે હાથ ધર્યા બાદ ભાઠેના ખાતે ફ્લાય ઓવર બ્રિજની કામગીરી હાથ ધરવામાં આવી હતી

। સુરત, તા.૯ ।

સુરત શહેરમાં આજે ભાઠેના ખાતે વધુ એક ફલાય ઓવર બ્રિજ જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ભાઠેના ખાતે આજથી શરૂ થયેલા બ્રિજને કારણે ટેક્સટાઈલ માર્કેટ અને હાઈવે પર પહોંચવા માટે વાહન ચાલકોને ભારે રાહત મળશે. અંદાજે ૩૭ કરોડ રૂપિયાના ખર્ચે ૫૬૦ મીટર લાંબા બ્રિજના નિર્માણને કારણે પ્રતિદિન સરેરાશ ૧૦ લાખ લોકોને સીધો લાભ મળતાં રોજીંદા ટ્રાફિક જામની સમસ્યાથી પણ નાગરિકોને રાહત મળશે. માથેના ફ્લાવર બ્રિજ ના ઉદ્દ્ઘાટન પ્રસંગે ભાજપ પ્રદેશ પ્રમુખ અને નવસારીના સાંસદ સી આર પાટીલે જણાવ્યું હતું કે, સુરત શહેર એક તબક્કે ટેક્સટાઈલ નગરી અને ડાયમંડ સિટી તરીકે ઓળખાતું હતું. જે હવે બ્રિજ સિટી તરીકે પણ પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવામાં સફળ રહ્યું છે. સંભવતઃ સમગ્ર દેશમાં સુરત શહેરમાં સૌથી વધુ ફલાય ઓવર અને



રેલવે ઓવર બ્રિજ તથા ખાડી બ્રિજ મળીને હાલ સુરત શહેરમાં ૧૨૧ બ્રિજ છે. સતત વધી રહેલા ટ્રાફિકના ભારણ અને વાહન ચાલકોને હાલાકીને ધ્યાને રાખીને સુરત મહાનગર પાલિકા દ્વારા જરૂરી સર્વે હાથ ધર્યા બાદ ભાઠેના ખાતે ફલાય ઓવર બ્રિજની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

### એલસીબી ટીમને બાતમી મળતા દરોડો પાડ્યો

# મોરબી : LCBએ નકલી દારૂ બનાવતી ફેક્ટરી ઝડપી પાડી

### ૧૫.૬૫ લાખના ડુપ્લીકેટ વિદેશી દારૂ સાથે ૧૧ આરોપીઓને ઝડપી લીધા છે

। મોરબી, તા.૯ ।

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી છે પરંતુ બીજા રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં વધુ પ્રમાણમાં દારૂ વેચાય છે અને પીવાઈ છે. ગુજરાતમાં મોટાભાગે પંજાબ, હરિયાણા, રાજસ્થાન, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાંથી વિદેશી દારૂનો જથ્થો મોટી માત્રમાં ઠાલવવામાં આવે છે અને પોલીસ મોટાપ્રમાણમાં આવો પરપ્રાંતીય દારૂ કબ્જે પણ કરતી હોય છે.

બીજા રાજ્યોમાંથી દારૂ ગુજરાતમાં ઘુસાડવા માટે બુટલેગરો અનેક કિમીયા અને સેટિંગ કરવા પડતા હોય છે. પોલીસની નજરથી બચવા હરિયાણાના શખ્સે મોરબીના રફાળેશ્વરમાં નકલી વિદેશી દારૂ બનાવવાની ફેકટરી શરૂ કરી હતી. મોરબી એલસીબી ટીમને બાતમી મળતા દરોડો પાડી ૧૫.૬૫ લાખના ડુપ્લીકેટ વિદેશી દારૂ સાથે ૧૧ આરોપીઓને ઝડપી લીધા છે. જો કે એલસીબીના દરોડામાં મુખ્ય સૂત્રધાર હાથ લાગ્યો ન હતો.



મોરબી એલસીબી ટીમે બાતમીના આધારે રફાળેશ્વર જીઆઈડીસીમાં આવેલી બાલાજી એન્ટરપ્રાઈઝ નામના ગોડાઉનમાં દરોડા પાડી નકલી વિદેશી દારૂ બનાવવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. પોલીસના દરોડામાં સિરસા હરિયાણાનો વતની સુરેશકુમાર આત્મારામ દુકીયા દ્વારા જીઆઈડીસીમા બંધ ગોડાઉન ભાડે રાખી અહીં નકલી દારૂ બનાવવા માટે પરપ્રાંતીય શ્રમિકોને કામે રાખી જુદી જુદી બ્રાન્ડનો વિદેશી દારૂ કાચની બોટલમાં ભરવામાં આવતો હોવાનું સામે આવ્યું હતું.



દિવાળીના તહેવારને પ્રકાશિત કરવા માટે પરંપરા મુજબ માટીના કોડીયાના દિવા બનાવી રહેલ કારીગર.

### રાજકોટમાં લાયસન્સ-મંજૂરી વગર ફટડકા વેંચતા ૧૨ ધંધાર્થીઓ સામે ફરિયાદ થઈ

। રાજકોટ, તા.૯ ।

દિવાળીને તહેવારોને લઈ ઠેર-ઠેર ફટાકડાના સ્ટોલ જોવા મળી રહ્યા છે. આ તરફ લાયસન્સ કે મંજૂરી વગર ફટાકડા વેચતા લોકો સામે મોટી કાર્યવાહી સામે આવી છે.

રાજકોટમાં દિવાળીને લઈ અનેક જગ્યાએ ફટાકડાના સ્ટોલની તપાસમાં ૧૨ જેટલા ધંધાર્થીઓ કોઈપણ પ્રકારના લાયસન્સ કે મંજૂરી વગર ફટાકડા વેંચતા હોવાનું સામે આવ્યું હતું. જેને લઈ ફાયર વિભાગ દવા તમામ સામે ફરિયાદ કરવામાં આવી છે.

રાજકોટમાં દિવાળીના ગણતરીના દિવસો પહેલા ફટાકડા ખરીદવા લોકો મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે. આ દરમિયાન રાજકોટનું ફાયર વિભાગ પણ કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા ફરજના ભાગરૂપે કવાયતમાં લાગ્યું છે. રાજકોટ ફાયર વિભાગ દ્વારા શહેરમાં લાયસન્સ કે જરૂરી મંજૂરી વગર ફટડકા વેંચતા ૧૨ ધંધાર્થીઓ સામે ફરિયાદ કરવામાં આવી છે. મહત્વનું છે કે, આજથી ફાયર સ્ટાફ રાઉન્ડ ધી ક્લોક ચાર દિવસ ખડેપગે રહેશે.

# રેલ્વેના રોજગાર સબંધિત તથ્યો

। અમદાવાદ, તા.૯ ।

છેલ્લા એક વર્ષમાં ભારતીય રેલ્વે દ્વારા ૧.૫ લાખ નોકરીઓ આપવામાં આવી છે. છેલ્લા ૯ વર્ષોમાં વિવિધ કેટેગરીમાં જેવા કે સહાયક લોકો પાઈલટ, સ્ટેશન માસ્ટર, ટ્રેન મેનેજર, જુનિયર એન્જિનિયર, ટેકનિશિયન, કોમર્શિયલ ક્લાર્ક, ટ્રેક મેઈન્ટેનર, પોઈન્ટ્સમેન વગેરે પાદો પર રેકોર્ડ ભરતી કરવામાં આવી છે. નવા ભરતી કરાયેલા કર્મચારીઓને મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, સિવિલ, સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન વગેરે જેવા વિવિધ વિભાગોમાં તૈનાત કરવામાં આવ્યા છે.

નોંધનીય છે કે ૨૦૦૪-૨૦૧૪ના સમયગાળા દરમિયાન આશરે ૪.૧૧ લાખ ઉમેદવારોની ભરતી કરવામાં આવી હતી, જે દર વર્ષે સરેરાશ ૪૧,૦૦૦ ભરતી છે. એ જ રીતે, ૨૦૧૪ થી અત્યાર સુધીના સમયગાળા દરમિયાન, ૫ લાખ ઉમેદવારોની ભરતી કરવામાં આવી છે. કોવિડ સમયગાળાને પણ ધ્યાનમાં રાખીને, સરેરાશ ૫૦,૦૦૦ ઉમેદવારોની ભરતી કરવામાં આવી છે. અન્યથા પ્રવેશ મેળવનાર ઉમેદવારોનો સરેરાશ આંકડો ૬૨,૦૦૦ હશે.

બીજી મોટી સિદ્ધિ કમ્પ્યુટર આધારિત કસોટી/ ઓનલાઈન પરીક્ષા દ્વારા વિશ્વની સૌથી મોટી ભરતી ઝુંબેશ હાથ ધરવી છે, જે ડિસેમ્બર ૨૦૨૦ થી જુલાઈ ૨૦૨૧ વચ્ચે હાથ ધરવામાં આવી હતી. નોન-ટેક્નિકલ પોપ્યુલર કેટેગરી (NTPC) અને RRC (ગ્રુપ ડી) પરીક્ષાઓનો સમાવેશ કરતી આ પરીક્ષાઓ ભ્રષ્ટાચાર મુક્ત અને પારદર્શક રીતે મોટા પાયે સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી હતી. લગભગ ૨.૩૭ કરોડ ઉમેદવારોએ ૪૦૦ થી વધુ શહેરોમાં ૨૩૨ શિફ્ટમાં ૧૨૭૭ પરીક્ષા કેન્દ્રો સાથે આયોજિત પરીક્ષામાં હાજરી આપી હતી. આ પરીક્ષા ૧૫ ભાષાઓમાં લેવામાં આવી હતી.

સરેરાશ, ૧ કિમીના ટ્રેકના બાંધકામ માટે વાર્ષિક



અંદાજે ૩૩,૦૦૦ શ્રમ દિવસ રોજગારી ઉત્પન્ન કરે છે.

ભારતીય રેલ્વે પર છેલ્લા એક વર્ષમાં ૫,૬૦૦ કિમીનો ટ્રેક બનાવવામાં આવ્યો છે. આથી, પ્રતિદિન ઉત્પન્ન થયેલા કુલ શ્રમ દિવસ ૫ લાખ (૫,૦૬,૩૦૧) કરતાં વધુ છે. આ ઉપરાંત, ભારતીય રેલ્વે મોટા પાયા પર OHE, સિગ્નલિંગ, ઉત્પાદન એકમો અને જાહેર ક્ષેત્રના એકમો, સ્ટેશન પુનઃવિકાસના કામો જેવા માળખાકીય કામો હાથ ધરી રહી છે, જેનાથી રોજગારીની તકો પણ ઊભી થઈ છે. આનાથી એક વર્ષમાં લગભગ ૧૦ લાખ પરોક્ષ નોકરીઓનું સર્જન થયું છે.

રેલ્વેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામોની અર્થવ્યવસ્થા પર સરેરાશ ૩.૫ ગણી અસર પડે છે. આ વિવિધ ક્ષેત્રોમાં ૧૦ લાખ ટ ૩.૫ = ૩૫ લાખ પરોક્ષ નોકરીઓનું સર્જન કરી રહ્યું છે.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે રૂ. ૨.૬ લાખ કરોડની મૂડી ફાળવણીની જોગવાઈ કરવામાં આવી છે, જે અત્યાર સુધીનો સૌથી વધુ મૂડી ખર્ચ છે.

૧,૦૨,૮૮૧ કરોડ (સપ્ટેમ્બર ૨૦૨૨ સુધીમાં મ્ના ૪૩%)ની સરખામણીમાં સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીમાં ખર્ચ રૂ. ૧,૫૦,૪૪૪ કરોડ (bgના ૫૮%) છે, એટલે કે પાછલા વર્ષની સરખામણીમાં ૪૬%નો વધારો છે. આનાથી ભારતીય રેલ્વેમાં રોજગારી ઉત્પન્ન કરવામાં પણ મદદ મળી છે.

### શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રાજપીપળા તથા ગેલેક્સી ગ્રુપ દ્વારા અનોખી દિવાળી

## ધોરણ ૧૧-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓએ પોતાની પોકેટ મનીમાંથી ગરીબ આદિવાસી બાળકો માટે ૧૨૦૦થી પણ વધારે કપડાની જોડી આપી

। દીપક જગતાપ રાજપીપળા, તા.૯ ।

દિવાળી પર્વ સૌના માટે આનંદ અને ખુશી લઈને આવે છે. પણ દરેકના નસીબમાં ખુશી હોતી નથી ખાસ કરીને ગ્રામ્ય વિસ્તાર ના ગરીબ લોકોના ચહેરા પર દિવાળીનો આનંદ આવી શકે તે માટે શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રાજપીપળા તથા ગેલેક્સી ગ્રુપદ્વારા અનોખી દિવાળી ઉજવવાનો નવતર પ્રયોગ કર્યો છે. જેમાં શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રાજપીપળા તથા ગેલેક્સી ગ્રુપ ઓફ સાયન્સ ના ધોરણ ૧૧ અને ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓએ પોતાના પોકેટ મનીમાંથી માંડણગામ સાઈડના ગરીબ આદિવાસી બાળકો માટે ૧૨૦૦ થી પણ વધારે કપડાની જોડી અને ૩૦ કિલોથી પણ વધારે ફરસાણ અને મીઠાઈ નું વિતરણ કર્યુંહતું. આ પ્રસંગે સિધેશ્વર સ્વામિએ જણાવ્યું હતુ કે ધનવાન લોકો દિવાળી આનંદ ઉલ્લાસથી ઉજવાતા હોય છે ગરીબ બાળકો દિવાળી ઉજવી શકતા નથી ત્યારે ધોરણ ૧૧ અને ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓએ પોતાના પોકેટ મનીમાંથી પૈસા ભેગા કરી કપડાં ફરસાણ મીઠાઈ અપાવી અનોખી દિવાળી ઉજવી તેનો મને આનંદ છે બીજા માટે ખુશી લાવવી, બીજા માટે કંઈક કરવું એ મહત્વનું છે..

### બરોડા ડેરીના નવા ચેરમેનની કરાઈ જાહેરાત

# દિનુ મામા બરોડા ડેરીના નવા ચેરમેન બન્યાં

। વડોદરા, તા.૯ ।

બરોડા ડેરીને લઈને મહત્વના સમાચાર સામે આવી રહ્યા છે. જેમાં બરોડા ડેરીના નવા ચેરમેન તરીકે દિનુ મામાની જાહેરાત થઈ છે. બોર્ડ બેઠકમાં દિનુ મામાના નામની ચેરમેન તરીકે સત્તાવાર જાહેરાતની સાથે જ દિનુ મામાના સમર્થકોમાં ખુશીનો કોઈ પર નથી. ઢોલ, શરણાઈના સુરે મો મીઠા કરાવી ઉજવણી કરવામાં આવી હતી. બીજી બાજુ ડેરીના ચેરમેન બનતા જ દિનુ મામાનું નિવેદન સામે આવ્યું છે. દીનું મામાએ કહ્યું કે ડેરીના ચેરમેન તરીકે મેં ૯ વર્ષ પૂર્ણ કર્યા છે અને અત્યાર સુધીમાં બેંકોનું એક પણ રૂપિયાનું દેવું નથી કર્યું. આગામી સમયમાં પણ આવી જ રીતે બરોડા ડેરીનો સ્વચ્છ વહીવટ કરતા રહીશું. તેવી ખાતરી આપી હતી. વધુમાં જાહેરાત બાદ વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાનું નિવેદન પણ સામે આવ્યું છે. દિનુ મામાને શુભેચ્છા પાઠવી હતી અને અને પશુપાલકોને પોષણક્ષમ ભાવ મળી રહે તે દિશામાં પ્રયત્નો કરવામાં આવે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. વધુમાં ધર્મેન્દ્રસિંહએ કહ્યું કે દૂધ ઉત્પાદકોને ભાવફેરની વધુ રકમ આપશે તેવી આશા છે. સાથે સાથે ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતાએ પણ આ અંગે પોતાનું મંતવ્ય રજુ કર્યું હતું. દિનુ મામા અને જી.બી.સોલંકીની જોડી ફરી બેસી છે અને બંને આગેવાનો ડેરીનો ખુબ અનુભવ ધરાવતા હોવાથી આગામી સમતમાં ડેરીને વિકાસનો પંથ મળશે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર


ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨